
# શ્રી રામકૃષ્ણ

# રસામૃત




(પદ્યસંગ્રહ)

## - શ્રી યોગેશ્વરજી

## NOTICE


**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *




e-book

Title : (Ramkrishna) Rasamrut

Language : Gujarati

Version : 1.0

Pages : 136


Created : September 30th 2017.


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version (**ISBN 978 81 909905 78 -** Published in 2016 by Sarvamangal Charitable Trust). However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## અર્પણ



વિભૂતિ વિશ્વની ન્યારી ભારતીય પ્રકાશને,
નવજાગૃતિના રાષ્ટ્ર અગ્રદૂતસમાન એ.
રામકૃષ્ણપદે મારી સામગ્રી સ્નેહની ધરું;
વિવેકાનંદની સાથે એમને વંદના કરું !

*

કૃપા કરો સદા દેવી, પોતાનો મુજને ગણી,
ન્યારી કલ્પલતા જેવી મારે માટે રહો બની.

**- યોગેશ્વર**

* * *


## <u>શ્રી યોગેશ્વરજી</u>

**(૧૫ ઓગષ્ટ, ૧૯૨૧ - ૧૮ માર્ચ, ૧૯૮૪)**



The ultimate aim of Human Life is Self-Realization.

- Shri Yogeshwarji



જીવન એક ફૂલ.
એને સૌરભવંતુ કરીએ. બાગને સૌરભ ધરીએ.
જીવન એક સરિતા.
એને સલિલવંતુ કરીએ બાગને સલિલ ધરીએ.
જીવન જ્યોતિ.
એને જ્યોતિર્મય કરીને બાગને જ્યોતિ ધરીએ.
જીવન એક સત્ય, વિચાર સત્ય,
એના સત્યો બનાવી બાગને સત્યો ધરીએ

યોગેશ્વરના આશિષ

*    *    *

## કૃતિ પરિચય

### પ્રતિબિંબ બિંબને ઉપસાવે ત્યારે કથામૃત રસામૃત બને

શ્રી યોગેશ્વર રચિત 'રામકૃષ્ણ રસામૃત' એક કથાત્મક કાવ્યનું માત્ર શીર્ષક જ નથી, એનો સંપૂર્ણ પરિચય છે. આમાં શ્રી રામકૃષ્ણના જીવનની સ્થૂળ વિગતોમાંથી ઉપસતી વ્યક્તિકથા નથી પણ એક 'મહામાનવના સૂક્ષ્મ ભીતરી સત્યમાંથી આવિષ્કૃત ચૈતન્યકથા' છે, જેના રસામૃતનું પાન કરાવવા એક સર્જક પ્રતિભા તત્પર છે. ઊંડા ભક્તિભાવ અને દાર્શનિક અભિગમને કારણે જે આ રચનાને 'અનુપમ ચરિત્રકાવ્ય' નું ગૌરવ બક્ષે છે.

આ કૃતિના કુલ ૩૫ ખંડોમાંથી ૨૯ ખંડોમાં શ્રીરામકૃષ્ણ કેન્દ્રમાં છે અને પછીના છ ખંડ શ્રી વિવેકાનંદને એનાયત થયેલા છે.

કાવ્યનો પ્રારંભ કવિશ્રી જગન્નમાતાની પ્રાર્થનાથી કરે છે, જેનો સહજ અંત્યાનુપ્રાસ તેમજ મર્મ આપણને મુગ્ધ કરે છે :

'શક્તિરૂપે રહેલી છે સચરાચરમાં બધે
બાદ જેને કર્યાથી ન કાંઈ આ વિશ્વમાં વધે.'

શ્રી યોગેશ્વર શ્રી રામકૃષ્ણદેવની મહાનતાને આલેખવાની પોતાની અશક્તિને સંકેતી, અતિ વિનમ્રતાથી પોતાના પ્રેમાધિકારને આગળ કરી રહે છે :

'પ્રેમ છે અંતરે મને આલેખી અક્ષરો મહીં
સેવા કરૂં ખરા ભાવે, સામગ્રી અન્ય છે નહીં.'

આટલા પ્રાક્કથન પછી તો શ્રીરામકૃષ્ણ કથાના ચૈતન્યધોધનો સ્ફોટ થતો હોય એમ શ્રી યોગેશ્વર એક પછી એક પ્રસંગ આલેખતા જાય છે અને અપૂર્વ પ્રસંગસંકલનમાં રસામૃતધારા વેગથી વહે છે. સંસ્કૃતિ-ધર્મ-ઈશ્વરનું ગૌરવ–મહિમા ધરવા જ્યોતિર્ધરરૂપે કામારપુકુરમાં બાળ ગદાધરનું પ્રગટવું, 'ભાખરીના ભણતરમાં ન અટવાતાં, આત્માનું પૂર્ણ આત્મા તરફ વળવું', દક્ષિણેશ્વરના મંદિરમાં મા કાલીની પૂજા કરતાં કરતાં લક્ષ્મી નહિ, લક્ષ્મીપતિ પર સ્નેહ રાખવો, બધી સ્ત્રીઓમાં જગદંબારૂપ જોવું, કાલી માતાની મૂર્તિમાં 'પ્રકટ પૂર્ણ ચેતના' નિહાળી, એનાં દર્શન માટે અતિ આતુર, વ્યગ્ર થઈ, તલવાર ઉગામવી ને ત્યાં જ જગન્નમાતાનું પ્રકટ થવું, પ્રેમની ઉન્મત્ત દશામાં 'માતાના ફૂલ પોતાને મસ્તકે જ ચઢાવવાં' બધું જ અદ્ ભૂત અને અત્યંત રસમય !

પછી શારદામણિદેવી સાથે લગ્ન રચાવાં, પત્નીને પણ 'તન-મનની મોહિની નહિ, શ્રેયની જ લગની હોવી' પતિ પાસે દીક્ષા લેવી, ભૈરવી અને તોતાપુરી પાસે તંત્રમાર્ગની સાધનામાર્ગે આગળ વધવા શીખવું, છેવટે સંપૂર્ણ પ્રભુમયતા સધાતાં સાચા જિજ્ઞાસુઓ માટે રડી રડીને પોકાર કરવો. નિરંજન, રાખાલ, લાટુ, માસ્ટર મહાશય, ગોપાલ, હૃદય, ગિરીશ, બલરામ, નાગ મહાશય, કેશવચંદ્રની મંડળી ઊભી થવી એમાં નરેન્દ્રનો પ્રવેશ !

નરેન્દ્રે રામકૃષ્ણને લાગલું જ પૂછ્યું, 'જોયા કદી ઈશ્વરને કે વાતો જ કર્યા કરી ?' તો તેમણે 'નિરખ્યા છે ને તનેય બતાવી શકું' કહી નરેન્દ્રના શિરે કર ધરી સમાધિનો અનુભવ કરાવ્યો ને સ્પષ્ટ કહ્યું, 'નારાયણે જ અવતાર ધર્યો છે તમારો. જન્મ્યા તમે જગત મંગલકાજ'

શ્રીરામકૃષ્ણને ગળામાં વ્રણ થતાં અસહ્ય પીડા થાય છે. પ્રતીત થાય છે કે, 'દેહના હેતુ સરી જતાં હવે દેહત્યાગ નિશ્ચિત !' નરેન્દ્રને સઘળું સમર્પી, ૧૫ ઓગષ્ટે મધરાતે દિવ્યધામ પ્રતિ ગતિ કરે છે પણ શારદાદેવીને સ્વપ્નમાં આવી કહે છે, 'દેહ છોડ્યો છતાં મારો પ્રાણ કો'દી નહિ મરે !'

આમ, શ્રી રામકૃષ્ણકથાનક અત્યંત રસાત્મક રીતે ધસમસતા, ઉછળતા મહાનદની જેમ વહે છે, એની બાજુમાં શ્રી વિવેકાનંદકથાનકનો વહેળો જો અર્ધસ્ફુટ હતો તે હવે વધુ સ્ફુટ બને છે. પણ ત્રણ-ચાર પ્રસંગોમાં જ તેમનું ચરિત્રતેજ ચમકાર કરી રહે છે. શ્રી રામકૃષ્ણની સતત સ્નેહસંભાળની પ્રતીતિ એક અજાણ્યાના થાળમાં ત્રણ દિવસથી ભૂખ્યા વિવેકાનંદને થઈ. ચિકાગોની સર્વધર્મ સભામાં દેશ માટેની અનન્ય પ્રીતિ જગાવી, અમીરના મહેલમાં 'ગરીબ નિજ દેશની સ્મૃતિ થઈ.' અતિ શ્રીમંત સન્નારીના લગ્નનો પ્રસ્તાવ 'માતારૂપે સ્ત્રી બધી સંસારમાં જોઉં' કરી નકાર્યો. બેલુરનાં મઠમાં રામકૃષ્ણ મિશનની સ્થાપના કરી. જીવનકાર્ય સમાપ્ત થતાં, સાંજે જપ કરી, નિદ્રામાં સૂતા તે સૂતા, હવે

'પીંજર હતું, વિહગના, ફૂલ કરમાયે વાસ ના,
દીવડો ઓલવાયો તેજરેખ ના,
એજ જીવન ધન્ય છે, જે જગે ન શકે મરી'

એમ સહજ કવિત્વ સધાય છે ને કવિશ્રી અદ્‌ભૂત અંજલિ આપે છે :

'એમનું મંદિર થયું ! અનેકનાં ઉરે કિન્તુ બેઠા મંદિર એ કરી !'

શ્રી યોગેશ્વરે 'રામકૃષ્ણ રસામૃત' દ્વારા શ્રી રામકૃષ્ણદેવનું સુગ્રથિત, અંકોડાબદ્ધ 'અનુપમ ચરિત્ર' તેમજ બે-ચાર લસરકામાં જ શ્રી વિવેકાનંદનું 'અખંડ રેખાચિત્ર' કાવ્યાત્મક રીતે આલેખી, પોતાની અપ્રતિમ નિર્માણશક્તિનાં દર્શન કરાવ્યા છે. અતિ પ્રચલિત કથાનકને અત્યંત રસમય રીતે અભિવ્યક્ત કરી, આપણને રસામૃતગંગામાં અવગાહન કરાવીને ધન્ય કર્યાં છે.

'રામકૃષ્ણરસામૃત' આશ્ચર્યનો અહોભાવ નહિ, સળંગ પ્રતીતિ કરાવી જંપે છે કે, જ્યારે પ્રતિબિંબ બિંબને ઉપસાવે અર્થાત્ એક ચૈતન્ય અન્ય ચૈતન્યને ઝીલવા સક્ષમ બને ત્યારે 'કથામૃત'નું 'રસામૃત'માં રૂપાંતર થવું સહજ છે, સ્વાભાવિક છે.

પ્રતિભાવંત અનન્ય સર્જક શ્રી યોગેશ્વરજીને કોટિ કોટિ વંદન !

**— તરલા દેસાઈ**

* * *

## અનુક્રમણિકા


૧ પ્રારંભ
૨ જન્મ વખતનું વાતાવરણ
૩ જન્મ
૪ નિશાળનો ત્યાગ
૫ દક્ષિણેશ્વરનો પરિચય
૬ અસાધારણ શક્તિનો પરિચય
૭ શરૂઆતની સાધના
૮ જગદંબાની ઝાંખી
૯ રાસમણિને તમાચો માર્યો
૧૦ લગ્ન
૧૧ શારદાદેવીનો મેળાપ
૧૨ પૂજા ને ભાવના
૧૩ ભૈરવીનો મેળાપ ને ધર્મોની સાધના
૧૪ તોતાપુરીની મદદ
૧૫ તોતાપુરીના બે પ્રસંગો
૧૬ તોતાપુરીને જગદંબાની ઝાંખી
૧૭ ભક્તોનો મેળાપ
૧૮ નરેન્દ્રને ચમત્કાર
૧૯ નરેન્દ્ર પ્રત્યેનો પ્રેમ
૨૦ રામકૃષ્ણદેવની કસોટી
૨૧ નરેન્દ્રને જગદંબાનો સાક્ષાત્કાર
૨૨ અલૌકિક અનુભવ
૨૩ ત્યાગનો વિચાર
૨૪ સેવાનો સંદેશ
૨૫ ત્યાગના પ્રસંગ
૨૬ ઉપદેશનાં વચન
૨૭ રામકૃષ્ણદેવનો દેહત્યાગ
૨૮ શારદાદેવીને સાંત્વન
૨૯ શારદાદેવીનું શેષ જીવન
૩૦ વિવેકાનંદની સંભાળ
૩૧ વિવેકાનંદની ખ્યાતિ
૩૨ લગ્નની માગણીનો અસ્વીકાર
૩૩ દેશને માટેની લાગણી
૩૪ રામકૃષ્ણ મિશનની સ્થાપના
૩૫ વિવેકાનંદની મહાસમાધિ
૩૬ વંદના


* * *

## ૧. પ્રારંભ

શક્તિરૂપે રહેલી છે સચરાચર જે બધે,
બાદ જેને કર્યાથી ના કાંઈ આ વિશ્વમાં વધે;
અનેક રૂપવાળી તે દેવીને વંદના કરૂં;
કરો કૃપા જગન્નમાતા, ચિત્તની જડતા હરું !

એજ દેવી રહેલી છે સ્ત્રીના સુંદર રૂપમાં,
એજ પ્રકૃતિ આદ્યા ને છે પુરૂષ સ્વરૂપમાં;
જે જે દેખાય તે વિશ્વે ફક્ત એનું સ્વરૂપ છે,
સામ્રાજ્ય આ બધું એનું રચેલું ફળદ્રુપ છે.

કવિતારૂપ ધારે એ, વિદ્યારૂપે રહેલ છે,
કવિતા કરવી એની કૃપા પાસે સહેલ છે.
કૃપા થતાં મળે સર્વે ન શું વશ થાય બધું વળી;
પ્રારંભમાં રહ્યો તેથી કૃપાની કામના કરી.

રામકૃષ્ણ કરીને જે ઋષિ પ્રખ્યાત છે થયા,
વિશ્વના કૈંક લોકોને આપી છે પ્રેરણા ગયા;
આજેય તેજ રેલીને આત્મને અજવાળતા,
અનેકની અશુદ્ધિને સદાકાજ જલાવતા;

તેમનો મહિમા મારી કવિતામાં ધરી રહ્યો,
દેવના ફૂલની માળા દેવ સારુ કરી રહ્યો.
જિંદગી પ્રેમની ઝાંખી મધુરા રસથી ભરી,
અમી જેવી અનેરી જે ભરેલી ભાવથી નરી

તેની ઝાંખી કરાવું છું, પૂર્ણ કેમ કહી શકું?
કેમ કાગળની નાવે નદીપાર જઈ શકું?
મહિમા બહુ છે મોટો, વાણીનું પાત્ર અલ્પ આ;
આકાશને શકે માપી કોઈ કાળે ગરૂડ ના.

પ્રેમથી તોય પ્રેરાઈ કવિતા સહેજે કરું;
પુષ્પને અલિ માણે છે, વલ્લરી વીંટતી તરુ.
ધનવૈભવ કે મારી પાસે ઐશ્વર્ય છે નહી;
પૂજા કરી શકું જેથી સાચી વાત રહ્યો કહી.

પ્રેમ છે અંતરે મને આલેખી અક્ષરો મહીં,
સેવા કરું ખરા ભાવે સામગ્રી અન્ય છે નહીં.

* * *

## ૨. જન્મ વખતનું વાતાવરણ

નવી સભ્યતા ને શિક્ષાનો હતો પ્રચાર બધે વધતો;
ભારતનાં સંસ્કૃતિમૂલ્યોનો સત્વર પ્રેમ જતો ઘટતો.
તપસ્યા કરી સંશોધનથી ઋષિઓએ જે જ્ઞાન ધર્યું,
શાસ્ત્રોના રૂપે જનતાના હિતકાજે સાકાર કર્યું;

ધર્મ, આત્મ, ઈશ્વરની વાતો, વિશુદ્ધ જીવનનો આનંદ,
ભણેલ લોકો હતા માનતા અસત્ય, કેવળ ભ્રમ, પાખંડ.
નવી સભ્યતા ઘોડાપૂરે વધી રહેલી દેશમહીં;
નાના મોટા એના વેગે જતા હતા દિનરાત વહી.

યોગ જ્ઞાન ભક્તિની વાતો દંભ મૂર્ખતામાં ખપતી;
વિદ્વાનોની દલીલ ધોધે તૃણની જેમજ ના ટકતી.
કહેતા હતા અનેક લોકો, મિથ્યા છે પૂજા સેવા;
મંદિર તેમ દેવતાદેવી વ્યર્થ વળી જડના જેવાં:

ઈશ્વરદર્શન સમાધિકેરી ઉપજાવી કાઢી છે વાત;
ઠગવા માટે અજ્ઞ જનોને ઘડ્યો સાધનાકેરો ઘાટ.
હતી ગુલામી દેશમહીં આ અનેક વરસોથી વ્યાપી;
બળ ને બુદ્ધિ સામાન્યપણે શ્રદ્ધાને સૌની કાપી.

ગુલામ કેરું ગૌરવ સાચે દિવસે દિવસે જાય મરી;
આત્મ એહનો ઉત્તમ તોયે મહીં નિરાશા રહે ફરી.
એટલે જ સામાન્ય જનોની શ્રદ્ધા સંસ્કૃતિની ચાલી;
એવો હતો સમય પરદેશી સભ્યતા રહેલી ફાલી.

પોતાનાં બાળકને માટે દુઃખી દેશનો પ્રાણ થયો;
દુર્દશા થયેલી દેખીને ખતમ થઈ આનંદ ગયો.
તત્ત્વજ્ઞાન ને ધર્મ જતાં સંસ્કૃતિ લુપ્ત થવા લાગી;
વિચાર જાણે કર્યો એહણે પ્રકાશિત થવાને જાગી.

પ્રતિક્રિયા એની ભારતમાં થઈ રહેલી શાંત શરૂ,
અંધકારમાં આદિત્યતણું જગાવવાને રૂપ ખરું !
સંસ્કૃતિની રક્ષાને કાજે, ગૌરવ ધર્મ તણું કરવા,
પ્રસ્થાપિત કરવા શ્રદ્ધાને, ઈશ્વરનો મહિમા ધરવા,

સાધના તથા સિદ્ધિ કેરાં ગૂઢ રહસ્ય રજૂ કરવા,
અશ્રદ્ધા તથા શંકા ભ્રમણા અનેક લોકોની હરવા;
આવશ્યક્તા હતી હિંદમાં મહાન એક પુરૂષ તણી,
આધ્યાત્મિક તત્ત્વોને જે લે જીવન સાથે છેક વણી.

હતી ભૂમિકા એને માટે, સંસ્કૃતિ આતુર ખૂબ હતી;
ચારે તરફ આગમાં ઝેરી હતી એ નહીં તૃપ્ત થતી.
એટલે જ લાગ્યું કે કોઈ દૈવી જનનો જન્મ થશે;
તો જ ધર્મનો મહિમા વધશે, નહિ તો ચાલ્યો પ્રાણ જશે.



* * *

## ૩. જન્મ

સંસારમાં નવ મહાન પુરૂષ જન્મે,
જે ના પ્રકાશિત કરે પથ લોકનો જો,
અંધારમાં જ અટવાય સમસ્ત સૃષ્ટિ,
આશાતણાં કિરણ ના જ મળે કદી તો.

આવે પરંતુ રજનીતમ ટાળવાને
જેવો પ્રભાકર ખરેખર તેમ આવે,
દૈવી જગતને નવ પ્રાણ દેવા,
સંદેશ નૂતન વળી હિતકાજ લાવે.

જ્યોતિર્ધરો જગતના ઈતિહાસમાંહી,
આવ્યા અનેક કિરણો મધુ ઢાળવાને,
કષ્ટો સહી જગતને સુખશાંતિ આપ્યાં,
ભારે કર્યો શ્રમ સુધા પ્રસરાવવાને.

એથી થઈ સતત સંસ્કૃતિની સુરક્ષા,
ને માનવીમન ઉદાત્ત બન્યું વધારે;
પૃથ્વી થઈ મધુમયી વધુ શાંતિવાળી,
અત્યુક્તિ એ વચનમાં નવ છે લગારે.

*

જ્યોતિર્ધર મહીં એવા પ્રકટે વિશ્વમાં ફરી,
એ માટેની ઘડી સાચી જાણે આવી ગઈ વળી.
ખુદીરામ હતા યાત્રા તીર્થોકેરી કરી રહ્યા,
પ્રભુએ તેમને સ્વપ્ને પ્રકટી વચનો કહ્યાં:

તમારે ઘેર દૈવી હું જન્મ બાળરૂપે લઉં,
કર્યો નિર્ણય મેં એવો વાત અંગત આ કહું !
ઘેર જાઓ તમે માટે, જન્મ મારો હવે થશે,
છોડી પારસને કોઈ ધનને કાજ ક્યાં જશે ?

કૃતાર્થ જિંદગી સાચે તમારી બનશે હવે,
આવાગમનનો આવી અંત તેમ જશે ભવે.
તિરોધાન થયા સ્વપ્ને પ્રભુ એ વચનો કહી;
ખુદીરામ અનેરી કો' શાંતિ એથી રહ્યા લહી.

રોમરોમમહીં ફૂટી ફુવારા રસના રહ્યા,
દૈવી પ્રસંગથી પૂરા કૃતકૃત્ય થઈ ગયા !
ઘેર આવી બધી વાર્તા પત્નીને સ્વપ્નની કહી,
ચંદ્રામણિ સુણીને એ ડૂબી આનંદમાં રહી.

*

આવી ઘડી અમર એ ઈતિહાસ કેરી,
કેવી સવાર સુખપૂર્ણ હતી અનેરી !
ત્યારે થયા પ્રકટ એ શિશુના સ્વરૂપે,
પાળ્યું ખરે વચન એ નિજ વિશ્વભૂપે !

આનંદ ગ્રામઘરમાં સહસા છવાયો,
સંતોષ જાય નવ લોકતણો ગવાયો;
આખીય પ્રકૃતિ રસેભર મુગ્ધ જેવી,
જોઈ રહી મધુર એ શિશુરૂપ કેવી !

સંપૂર્ણ સ્વાગત કર્યું પવને વહીને,
શબ્દો વળી સરસ શા વિહગે કહીને !
પૃથ્વી બધી પરમ ધન્ય બની નિહાળી,
ઊભો રહ્યો સૂરજ યે ગતિને વિસારી.

જોવા વળી વિવિધ વાદળ વ્યોમ આવ્યાં,
સંદેશ દિવ્ય જગના : મધુ કૈંક લાવ્યાં;
પૃથ્વી કરે નવ મહોત્સવ આજ શાને ?
પ્રેમીતણા મિલનનો રસ સર્વ માણે.

*

નાનું ગામ હતું તોયે યશ ધાર્યો મહાનશો,
કામારપુકુરે, એનું પૂર્ણ સૌભાગ્ય ગાય કો' ?

* * *

## ૪. નિશાળનો ત્યાગ

બાળપણમાં ખ્યાત એ ગદાધર નામે થયા;
દિવસ સૌ આરંભના નદીશા વેગે વહ્યા.
ગામના સૌ લોકને પ્રિય હતા અત્યંત એ;
પ્રેમની પ્રતિમાસમા મધુરતાની મૂર્તિ જે.

દિવ્ય આકર્ષણ કરી, અજાણ્યાને વશ કરે,
મર્મ એ સૌંદર્યનો કહ્યો વિદ્વાને ખરે.
મર્મ એ જીવનમહીં એમના મળતો હતો;
સમાગમમાં એમના થતો એ છેક જ છતો.

પદાર્થો મધુરા કરે વશ નહીં કોને કહો ?
ભ્રમર પણ દોડી જતા કમળને દેખી અહો !
ચકોરી ને સિંધુયે પ્રીત ચંદ્ર તણી કરે;
કો' કાળે અંતર વળી ધ્યાનમાં આત્મા ધરે.

દિપ પાસ પતંગિયાં કેટલાં ટોળે મળે ?
સિતારીના સૂર શા મુગ્ધ જે મૃગને કરે !
વિલોકીને વાદળાં કલાપી કેકા કરે;
પદાર્થો સુંદર કરે મુગ્ધ, આનંદે ભરે.

*

શિશુસમાન વિશુદ્ધ રસાળ કો' ? સુમન ચેતનપૂર્ણ પ્રસન્ન એ;
હૃદય સર્વતણા રસથી ભરે, પ્રકટ ઈશ્વર કેરું રહસ્ય છે !
શિશુ ગદાધર દિવ્ય હતા વળી, નવ ધરે સુખ કેમ પછી કહો ?
અમૃતપાન કરી સુખશાંતિ જે અમરતા રસ કેમ જ ના લહો ?

*

નિશાળે ભણવા ગયા, થતાં મોટા કૈંક એ;
કિન્તુ કેળવણી ગમી એમને ન જરીય તે.
ભાખરીનું આ બધું ગ્રંથનું ભણતર ખરે
ભાખરી આપી શકે, મુક્તિ ના કિન્તુ ધરે.

શાંતિ ને પ્રજ્ઞા તથા પૂર્ણતા ના આપશે,
ક્લેશ, જડતા, બંધનો પ્રાણનાં ના કાપશે.
થશે પરમાત્માતણી ના જ ઓળખ એ થકી,
પ્રેયની, ના શ્રેયની, ખરેખર એથી વકી.

તો પછી આ પુસ્તકો તેમ ભણતર શું કરું ?
નાવ કાગળની કરી તળાવ ક્યાંથી તરું ?
જ્ઞાન એવું ચાહું જે શોક ને જડતા હરે;
જે થકી અજ્ઞાનને ભીતિ મૃત્યુતણી ટળે.

ભેદભાવ મરે બધા, તેમ લોલુપતા ટળે;
પૂર્ણ શુદ્ધ થઈ જઈ પ્રાણ ઈશ્વરને મળે.
પ્રકાશિત જીવન થઈ પ્રકાશે સૌને ભરે;
શ્રેય પોતાનું કરી અન્યને જીવન ધરે.

કરી માનવ સત્ય જે દેવતા પદવી ધરે,
જે થકી આત્મા વળી પૂર્ણ પરમાત્મે ભળે.
એ જ ભણતરને ભણી, સફળ જીવનને કરું;
મહામોંઘો દેહ આ લભી ના ફોગટ કરું.

*

વિવિધ એમ વિચારતરંગમાં, તરત ત્યાગ નિશાળતણો કર્યો;
પરમ પ્રકૃતિની જ નિશાળનો પથ અલૌકિક આખર જ ગ્રહ્યો.
પરમ પકૃતિ પાઠ પઢાવતી, મનુજ ક્યાં પણ એ સમજી શકે ?
હૃદયની જ નિશાળ મહાન આ, કવચિત્ત કો'ક જ જ્ઞાન લઈ શકે.

ગગન વાદળ ને રવિચંદ્ર આ, વિહગ સાગર ને સરિતા તથા
સરસ સ્રોત વળી દ્રુમ વલ્લરી, કુસુમ રોજ કહે મધુરી કથા.
વિવિધ પાઠ ધરે ધરતી વળી, ગિરિવરો, વનની મધુરી હવા;
મનુજને પણ ક્યાં રસ છે જવા, પુનિત જ્ઞાન તથા લભતાં થવા ?

હૃદયમાં પણ એ ઊતરે નહીં, નવ વિશુદ્ધ કરે મનને કદી;
નજરના દિલમાં નિજ નાખતાં, ન પરમ શાંતિ થકી નિરખે ઘડી.

નવ મળે રસ જ્ઞાન જ એટલે, પરમ તૃપ્તિ શકે નવ મળી;
તિમિરના થર અંતરમાં રહ્યા, યુગયુગોલગ જાય નહીં ટળી.
મનુજ આ સમજી નિજ અંતરે ઊતારવા નિત યત્ન કર્યા કરે,
અનુભવે રસ પ્રકૃતિનો તથા, અમર તો સુખ જીવનમાં મળે.

*

અલ્પ અક્ષરજ્ઞાનને મેળવી લીધા પછી,
નિશાળ તજીને ગૃહે રહ્યા એ રોજે વસી.
જેમના ઉરમાં હતાં શાસ્ત્ર રે'વાનાં હસી
એમને ભણતરતણી જરૂર હતી ના કશી.
એમના અંતર થકી જ્ઞાન, પૂર્ણ પ્રકટ થઈ,
ભાવિમાં સંસારમાં વહેશે ચેતન દઈ.

* * *

## ૫. દક્ષિણેશ્વરનો પરિચય

હતી વિધવા ભક્ત રાણી એક રાસમણિ,
હતી ભક્તિ હૃદય એને માત કાજ ઘણી;
ધનતણો એની પાસ ના હતો કોઈ પાર,
ભોગ ને ઐશ્વર્યની ઊડી રહેલી ધાર.

જુવાની, લક્ષ્મી મળે સૌંદર્ય શ્રેષ્ઠ વળી,
રહે છેક સ્વતંત્રતા જીવનતણીય મળી,
છતાં મન બળવો કરે ના અંધ ના થાયે,
મદોન્મત્ત બને નહીં ને વિપથ ના જાયે:

એ ખરે મુશ્કેલ છે આ જગતમાં મળવું,
વિલાસી વાતાવરણમાં નીતિને વરવું
કો'ક પુણ્યોદયતણા જ પ્રતાપથી એવી
અવસ્થા પામી શકાયે મુક્તના જેવી.

મળે છે સૌભાગ્ય કોઈ વિરલને એવું;
પરમ કો' સત્કર્મના પરિપાકના જેવું;
શ્રી તથા સદ્‌બુદ્ધિ ભાગ્યે એક સાથે રહે,
વિવેકી જન વાત એવી અનુભવેલ કહે.

એહના અપવાદ જેવા માનવી જ્યારે,
મળે જોવા આ જગતમાં દેવશા ત્યારે,
આત્મને આનંદ થાયે, શાંતિ જે લાગે,
એમ થાય કે હજીપણ માનવી જાગે:

નથી માનવતા મરી છેક જ ગઈ સાચે,
એમ થાયે ને નસેનસ નેહથી નાચે;
પ્રાણ અંજલિ પ્રેમકેરી આપવા લાગે,
પૂજ્યભાવે ભરાઈને પૂજવા માગે.

કરોડોમાં કો'ક એવા માનવી જગમાં,
ના ઘમંડ ગુમાન જાગે જેમની રગમાં,
છકી જાયે જે નહીં વૈભવ થકી ભારે,
કીર્તિથીયે ચલિત થાયે ના કદી કાળે.

લભી સંપત્તિ વધારે નમ્રતા ધારે,
પદ તથા સત્તા મળ્યે પણ નીતિને પાળે,
જનો એવા વિરલ કોઈ દેખવા મળતા,
માનસરના હંસ દૈવી બધે ના ફરતા.

*

એવી હતી વિરલ રાસમણિ ખરે એ,
જ્યોત્સના સમી કુમુદિની સરખી વળી કે;
અંધાર કે મલિન કાદવ ના લગારે
એના કદીયે અડક્યો ઉરના કિનારે !

દેવીતણી પ્રિય ઉપાસક એ છતાંયે
વિષ્ણુ તથા શિવતણી પણ માનનારી;
સૌ દેવને પ્રભુતણાં પ્રિય રૂપ માની,
સૌને અભેદ મનથી બસ જાણનારી.

જો સત્ય પ્રેમ પ્રકટે પરમાત્મમાં તો,
શંકા શમે સકળ તેમજ ભેદભાવો;
સૌમાંય એક જ પ્રકાશ જણાય દૈવી,
પામી રહે સુખતણો ઉરનો લહાવો !

નાસે સમસ્ત ભ્રમ, વાદવિવાદ ઠાલા
ને શાંત થાય ચડસાચડસી પછી તો;
અજ્ઞાન સંકુચિતતા પણ દૂર થાયે,
અંધારનો ભય રહે રવિ પાસ તે શો ?

માતાતણા ચરણમાં મનને સમર્પી
પૂજા સદાય કરતી રસથી ભરેલી;
જાગ્યો વિવેક નિજ અંતર ત્યારથી એ,
દેવી મનોમન હતી વિભુને વરેલી.

*

વિચાર કર્યો એહણે કે ધન બધું મારું
નથી કાયમકાજ આ રીતે રહેનારું,
લોકસેવામાં લગાડી દઊં એને તો,
સદુપયોગ થઈ શકે જીવન મહીં એનો

પુનિત ગંગાને કિનારે દેવમંદિર જો
કરાયે તો વધે મહિમા નગરકેરો શો !
તીર્થ જેવી થાય શોભા સદા માટે ત્યાં
હજારો જન થાય ભેગા ભાવભીના જ્યાં.

વિચારીને એમ કલકત્તા મહીં લીધી
ભૂમિ, ને રચના ય મંદિરની કરી દીધી;
શાંત ગંગાની સમીપે સ્થાન એ સોહે,
દક્ષિણેશ્વરને નિહાળી મુનિજને મોહે.

માત કાલીની કરી ત્યાં સ્થાપના પ્રેમે,
કહી શોભા એહની ના શકાયે કેમે;
અભય ને વરદાન દેતી માત એ લાગે,
હોય ના પ્રત્યક્ષ જાણે, ભરી દે રાગે.

મૂર્તિ વિષ્ણુની વળી એ મંદિરે સ્થાપી,
મધુરતા એની શકે કોઈ નહીં માપી;
રચ્યાં શંકરમંદિરો એકેક હારમહીં,
ભાવની મંદાકિની કેવી પવિત્ર વહી !

તળાવોની મધુર શોભા આંખને ઠારે,
શાંત વન સંદેહ ચિંતા શોકને ટાળે;

રહી રાસમણિ પરમસુખ તેમ શાંતિ લહી.
સ્વપ્ન ફળતાં થાય કોનો પ્રાણ ધન્ય નહીં?

પ્રખ્યાત મંદિરતણી રચના થયેલી,
ભક્તિતણી મધુર ઊર્મિ મહીં મળેલી;
જોઈ પવિત્ર હૃદયે અતિ ભાવ જાગે,
શી શાંતિ શાશ્વત મહાસુખ કેવું લાગે !

ગંગાતટે મધુર મંદિર એ નિહાળી,
ચિંતા રહે મનુજ શોકવ્યથા વિસારી;
એકાગ્ર શાંત મન સત્વર થાય ત્યાં તો,
હો સાધનારસ જરા પણ પ્રાણમાં જો.

ગંગા ય ચારુ મધુમંદિર એ નિહાળી,
ઝંખે સમુદ્ર હૃદયે મળવા છતાંયે,
ઊભી રહે રસભરેલ પ્રશાંતિ ધારી,
ના વેગથી પ્રથમ જેમ વહી શકાયે.

શોભા વળી નિરખતાં મધુ ગંગાની,
એ મંત્રમુગ્ધસમ મંદિરયે નશામાં.
ઊભેલ છે વરસ કૈંક વહ્યાં છતાંયે;
સ્નેહીતણી નવ રહે સુરતા કશામાં.

મૂંગા ઉરો પણ થતાં વશ સત્યસ્નેહે,
ને લાગણી અનુભવે, રસની અનેરી;
સૌંદર્યસ્નેહ નિરખી નવ તો પછી કાં
વાગી રહે ઉર સિતાર રસજ્ઞ કેરી ?

થઈ મંદિરની અનેરા ભાવથી સૃષ્ટિ,
થયા કરતી રાતદિન ત્યાં ભાવની વૃષ્ટિ;
પૂજારીની સમસ્યા પણ જટિલ ખૂબ બની,
પૂજારીને થઈ ચિંતા દીર્ઘકાળ ઘણી.

*

શુદ્રના ધનથી કર્યું તૈયાર મંદિર એ,
બ્રાહ્મણોને વસવસો ભારેખમ હતો તે,
એ વખતના વિચારો ને ભાવને જોઈ
પૂજારી આવ્યા નહીં હિંમત કરી કોઈ.

કરી હિંમત કિન્તુ આવ્યા રામકૃષ્ણ તણા
ભ્રાત રામકુમાર મોટા, હતા દીન ઘણા;
પૂજારીપદ એમણે રાખી તરત લીધું,
લોકના અપવાદ સામે ધ્યાન ના દીધું:

એમની પાસે પછીથી રામકૃષ્ણ રહ્યા,
ગામ છોડી જગસ્વામી એટલે જ થયા;
મદદ કરવા' વળી ભાઈને પછી લાગ્યા,
ગૂઢ સંસ્કારો હૃદયમાં એમના જાગ્યા.

શાંત ને એકાંત મંદિરને નિહાળી જે,
સુખદ શોભા જાહ્નવીની વળી ભાળીને,
એમના મનને ખરો સંતોષ ખૂબ થયો,
સ્નેહ જોતાવેંત જાણે થઈ ગૂઢ ગયો.

પ્રથમ નજરે કે મુલાકાતે જ જોઈને,
કો'ક વેળા વસ્તુ તેમ જ વ્યક્તિ કોઈને,
હર્ષ થાયે, શાંતિ મળતી, સ્નેહને જાણે
પહેલાંના પરિચિત હોય એમ એ લાગે.

પૂર્વનો સંબંધ એને કહે છે કોઈ,
કો'ક જન્માંતર કહે સંસ્કાર એ જોઈ;
દેશકાલાતીત છે એ લાગણી ન્યારી,
જાતિ વયના ભેદ એને ના શકે મારી.

* * *

## ૬. અસાધારણ શક્તિનો પરિચય

નાની વય પણ મોટી બુદ્ધિ રામકૃષ્ણમાં હતી ખરે,
વિચાર કરતાં જીવન કેરો સાચી એવી વાત ઠરે.
અનંત અણુ આ અવની કેરાં અનંત લહરી વાયુતણી;
અનેક ગ્રહનક્ષત્ર ગગનનાં, કેમ શકાય સર્વ ગણી ?

પ્રસંગ એવા અનેક ક્યાંથી સાંગોપાંગ શકાય કહી ?
વરસાદતણી ધારા કેરો શકાય કાઢી તાગ નહીં.

છતાંય ગુણ ગાવાની ઈચ્છા શાંત થાય ના કેમ કરી;
લક્ષણ છે એ સત્ય પ્રેમનું, રહે પ્રશસ્તિ કૈંક ધરી.
પ્રસંગ તેથી નાનો સરખો કૌમાર્યતણો એક કહું,
વિચાર શક્તિ તીક્ષ્ણ એમની, ધરી એહનો ખ્યાલ રહું.

*

એકવાર પૂજારીના હાથમાંથી પડી ગઈ
પ્રભુની પ્રતિમા તેથી થોડી ખંડિતશી થઈ.
હાથ એક ગયો તૂટી, મૂર્તિની ચારુતા મટી,
ભક્તોના મનથી એનું ગયું ગૌરવ તે ઘટી.

સમાચાર સુણી શોકે ડૂબી રાસમણિ ગઈ,
પીડા પ્રબળ આશંકા એના અંતરમાં થઈ.

અવકૃપાતણી આ તો નિશાની દેવની ખરે;
દેવાપરાધ તો ભારે અમંગલ સદા કરે.
અમંગલ થશે કોઈ ઘટના, દુઃખ આવશે,
ક્ષતિ આરાધનાની આ સદા સારુ સતાવશે.

*

માર્ગ કાઢવો કેમ કરીને, ના સમજાયું એ એને
સભા પંડિતોની બોલાવી સલાહને માટે એણે.
પ્રતિમા ખંડિત બદલી દેવી, પૂજા કે કરવી તેની ?
ખરી માહિતી માગી એણે જિજ્ઞાસાપૂર્વક એની.

વાદવિવાદ ઘણોયે ચાલ્યો, ચર્ચા તેમજ ખૂબ થઈ;
વિચાર વ્યક્ત કર્યા સર્વેએ શાસ્ત્રવચનનો સત્ય લઈ.

પ્રતિમા ખંડિત ના પૂજાયે, બહુમત એવો સ્પષ્ટ થયો;
વિરોધ ના વિદ્વાનોનો પણ નિર્મૂળ થઈ છેક ગયો.
સમજ પડી ના રાસમણિને, નિર્ણય શો લેવો મારે ?
વાદવિવાદમાંહી વિદ્વાનો કેમે કરતાં નહિ હારે.

*

રામકૃષ્ણ હતા બેઠા સભામાં એક બાજુ ત્યાં,
એમના અંતરે ત્યારે ઊઠતાં'તાં તરંગ શાં !
વિતંડાવાદ જોઈને રાણીની વ્યગ્રતા વળી,
વચનો એમનાં મીઠાં મુખમાંથી રહ્યાં સરી.

તપેલી ધરતી જેવી શાંત વૃષ્ટિ થકી થતી,
વ્યગ્રતા તેમ રાણીની સર્વ એથી ગઈ મટી.

બોલ્યા એ કે નથી ભારે પંડિતાઈ મને મળી,
વિદ્વતાયે નથી કોઈ શાસ્ત્રકેરી વળી વરી.
તમારી પાસ તો સાચે નાનો બાળક એક છું,
અનુભવી નથી ભારે, હજી અજ્ઞાન છેક છું !

*

વાત બાળની મોટાને પણ સુખ આપે કોઈ કાળે;
મણિ નાગ ને ફૂલ દેવતા પોતાને મસ્તક ધારે.
નાની કોયલ ટહુકાર કરી, ડોલાવે પંડિતના પ્રાણ,
અમૃતબિંદુતણા આસ્વાદે, યોગીજન થાય ગુલતાન.

પ્રશ્ન એક છે મારો કે જો તૂટે હાથ જમાઈનો,
રાણી રાખે એ જ જમાઈ બદલે કે બીજાને તો ?
વચન સાંભળી શાંત થયા સૌ, બોલ્યા પ્રેમે એ ત્યારે,
એવી રીતે ખંડિત પ્રતિમા પૂજવી રહે સૌ કાળે.

કર તૂટેલો કરાય સાજો, ખંડિત પ્રતિમા તેમ કરી
સ્વસ્થ બરાબર, પૂજા માટે ઘટે સ્થાપવી ખરે ફરી.
સુણી શબ્દ એ શંકા સૌની મટી ગઈ, ને શાંતિ થઈ;
રાણી થઈ પ્રસન્ન, હજારો ધન્યવાદ સાચે જ દઈ.

ખંડિત મૂર્તિ બરાબર દીધી પછી રામકૃષ્ણે જોડી;
સંશય નાખ્યો ભક્તજનોનો કાયમને કાજે તોડી.
અલૌકિક હતી બુદ્ધિ તેની ખાત્રી મળતાં રાસમણિ,
જોવા લાગી પ્રેમભાવથી, શ્રેષ્ઠ એમને પૂજ્ય ગણી.

* * *

## ૭. શરૂઆતની સાધના

સાધનાનો કાળ એ શરૂ સોનેરી થયો,
જિંદગીમાં એમની થઈને પલટો ગયો.
સૂર્ય ભેદી વાદળાં પ્રકાશી જેવો રહે.
માર્ગ જંગલથી કરી ઝરણ જેમ વળી વહે:

તેમ સંસ્કારો બધા પ્રકટ પૂર્ણ રહ્યા થતા;
સૂર્ય ઊગ્યો જ્ઞાનનો, તિમિર ગાઢ રહ્યાં જતાં.
જિંદગી દૈવી કરી, મુક્ત કરવા પ્રાણને,
એમણે નિશ્ચય કર્યો, પરમપદને કારણે.

શાંત ને એકાંત એ સ્થાનમાં રોજે રહી,
સાધના જે કરી તે નવ શકાય બધી કહી.
સ્વલ્પ ઝાંખી એહની કરાવી કોઈ શકે;
કેશ મસ્તકના ગણી મનુજ કેમ કરી શકે ?

એટલે સંક્ષેપમાં, વાત સાધનની કહું,
વર્ણવી આરંભની સરળ છેક કથા રહું.
રૂપિયાને હાથમાં રાખતા'તા એકને
અન્ય કરમાં મૃત્તિકા, ગ્રહણ કરતા સંત એ

રૂપિયાથી પદાર્થો પ્રાપ્ત થાય અનેક આ,
કહેતા કે એ બધા અમર ના જ પદ હા !
આખરે માટી મહીં પદાર્થો જાયે મળી;
રૂપિયો માટી સમો, અધિક ના એથી વળી.

*

એવો વિચાર કરતાં મનને કહેતા, રે ચિત્ત મોહ તજ તું ધનનો વિનાશી;
ના બદ્ધ થા ધનમમત્વમહીં કદીયે, લક્ષ્મી સ્વયં પણ બની પ્રભુની જ દાસી.

એની કરીશ નવ હે મન લાલસા તું, દાસીતણા પ્રણયથી મળશે તને શું ?
લક્ષ્મીતણા પતિતણો કર સ્નેહ સાચે, જેથી અનંત રસમાં દિનરાત રાચે.

લક્ષ્મીતણા નવ કદી મદમાં છકીને જોજે જઈશ પ્રભુને સ્વપ્ને વિસારી;
આ જિંદગી સકળ છે પ્રભુને જ કાજે, તેથી વિકાસપથ શ્રેષ્ઠ રહે વિચારી.

ભોગો મહીં નવ જઈશ જરાય ડૂબી, ને લાલસારત થઈશ નહીં લગારે;
તૃષ્ણા તજી હિતતણા કરજે વિચારો, ક્લેશે રમીશ ન અશાંતિમહીં વધારે.

એવાં કહી વચન એ સરિતાપ્રવાહે, માટી તથા સરસ સુંદર રૂપિયાને,
નાખી અનેક દિવસો લગ રોજ દેતા, લક્ષ્મી તણો રસ ખરેખર ટાળવાને.

*

સાધના એવી થતાં અવસ્થા એવી થઈ,
એમને લક્ષ્મીતણી તનિક ના મમતા રહી.
સ્પર્શ ધનનો એમને વેદના દેતો ઘણી;
ડંખ વીંછીનો થતો હૃદયને જાણે હણી.

મોહિની લક્ષ્મીતણી સાધકે તજવી રહે,
કહેતા કે તો જ તે હૃદયના સુખને લહે.
લાલસા લક્ષ્મીતણી, વધારે દિનરાત જે,
કૃપા પામી ના શકે પ્રભુતણી સ્વપ્નેય તે.

દ્રવ્ય છે સર્વસ્વ ના ધ્યેય કે જીવનતણું;
ભૂલવાથી વાત એ અહિત થાય સદા ઘણું.

*

જગ એક જ છે છતાંય આ નયનો નવ એક ભાળતાં;
રુચિ ને રસ ભાવનાથકી જન ભિન્ન બધા નિહાળતા.
નયનો વાસનાભર્યા, ભરપૂર વિકારથી વળી,
નિરખે જગને સદાય એ મનને કટુ ભેદથી કરી.

બદલાય વિકાર આંખ એ, જગ એક જ તો જણાય આ;
મહિમા પરમાત્મતત્ત્વનો નિરખાય સમસ્ત વિશ્વમાં.
દિનરાત પવિત્રતાતણી કરતા પ્રભુપ્રાર્થના રસે,
ઋષિ ઉત્તમ રામકૃષ્ણ એ, નયને નવ ભેદ કે વસે.

નિરખાય બધીય સ્ત્રી મહીં, મધુ મંગલ મૂર્તિ માતની,
કરતા શ્રમ ખૂબ એટલે, કરતાં નિત શુદ્ધિ જાતની.

*

વિશ્વની નારીમહીં, એક જગદંબા તણો,
પ્રકાશ હતા દેખતા પ્રકટ એ દૈવી ઘણો.
કહેતા કે માત તું ! વિશ્વમાં સઘળે વસે;
ક્ષુદ્ર તેમ મહાનના હૃદયમાં રોજે હસે.

નમસ્કાર તને કરું, ચરાચરરૂપે રહી,
તુજ વિના ખાલી ખરે જગતમાં અણુયે નહીં.
વિકાર બધા ટાળજે આંખની અંદર રહ્યા,
વાસનાનાં પડળ ને પ્રકટ ભેદ વળી થયા.

દિવ્ય દર્શન કે જગે નિરંતર તારું કરું;
શુદ્ધ અંતરથી થઈ, સરળ શિશુ જેવો ફરું.
અહંતા ટાળી દઈ, નમ્રતા વિકસાવવા,
પ્રાર્થના કરતા વળી, હૃદયપ્રેમ જગાવવા.

અહંકારીથી બને આત્મદર્શન ના કદી;
અહંકારી સાધકો પથથકી જાયે પડી.
એટલે સાવધ રહી, વધ્યે એ આગળ જતા,
પૂર્ણતાપંથે સદા સફળ પૂર્ણપણે થતા.

બધા એ આરંભના અનેરા દિવસો હતા;
પૂર્ણરૂપે એહની નવ શકાય કહી કથા.
ચિતાર જ આપી રહ્યો, કાવ્યમાં એનો જરી;
મહત્તાનાં એ મહીં મધુર બીજ રહે મળી

ફૂલની શોભા નવી કળી નિશદિન ઝીલતી,
તેમ શક્તિ એમની પ્રતિદિન રહી ખીલતી.

* * *

## ૮. જગદંબાની ઝાંખી

રહી રામકુમારની સાથે સદાયે ત્યાં,
રામકૃષ્ણ સહાયતા કરતા હતા કેવા !
ભાગ લેતા પ્રેમથી દરરોજ પૂજામાં,
રહેતા'તા મસ્ત કોઈ ભક્તના જેવા.

ગીત રામપ્રસાદનાં એ પ્રેમથી ગાઈ,
અમી પીતા દિવ્ય બીજા ભક્તને પાઈ;
ભાવભીનાં ગીત તેમ જ કંઠ મીઠો એ,
કહે સુખ સંગમતણું કોઈયે કવિવર શે ?

દેવતા સુણવા બધા એ ગીતને જાણે,
થતા ત્યાં સાકાર, સુખ સ્વર્ગીયને માણે;
હૃદયના મીઠા સરળ ભાવો કહો કોને
કરે મુગ્ધ નહીં ? મનુજ કે દેવ હો છો ને !

એમ કરતાં પ્રેમ દૈવી વધી ખૂબ ગયો,
બિંદુમાંથી મહાસાગર જેમ હોય થયો;
લગન લાગી એક પ્રભુને પામવા માટે,
રહ્યો ના રસ એ વિનાની અન્ય કો વાતે.

વિચાર વળી ભાવ ચિત્તે પ્રકટ કૈંક થયા,
હલાવીને હૃદય ભારે વેગ સાથ રહ્યા,
નવો એ અધ્યાય જીવનમાં હતો સાચે,
યાદ એને કરી અંતર આજે પણ નાચે.

*

સભર માતની મૂર્તિ આ રસે, મધુર માત શું એ મહીં હસે ?
જડ જ મૂર્તિ આ કે પછી મહીં, જગતની જનેતા ખરે વસે ?
નયનથી નિહાળી શકાય એ ? વચન એહનાં સંભળાય કે ?
સુલભ સ્પર્શ એનો થઈ શકે ? પ્રકટ થાય છે સ્વપ્નમાંય એ ?

વચન પરમ ભક્ત એવાં લખી ગયા, સંતવાણી વળી કહે,
પ્રકટ થાય છે ભક્ત પાસ એ, પ્રણય હોય તો દૂર ના રહે.
લગન એહની હોય જો ખરી, પ્રકટ રૂપ એ તો ખરે કરે;
સરળ ચિત્તથી ચાહતા વળી સતત માગતા તેમને મળે.

જડ શિલાતણી મૂર્તિ આ નથી, પ્રકટ પૂર્ણ છે ચેતના રહી;
સકળ વિશ્વમાં દિવ્યતા ભરી પરમ એ રહી ચેતના વહી.
જડ પરંતુ છે પ્રાણ, તેમ આ નયન ના કળા જાણતાં જરા;
અનુભવે નહીં સત્ય એટલે, જડ જ લાગતી આ બધી ધરા.

પ્રકટ ચેતનાને જુએ નહીં, સમજ પૂર્ણ ના કેમ કે મળી;
મનુજ રજ્જુમાં અજ્ઞ છે રહ્યો સતત ભાવના સર્પની કરી.
વચન સંતના વ્યર્થ હોય ના, અનુભવો મહાભક્તના વળી;
અનુભવી જ એને કહી શકે, ધુવડ અર્કને ના જુવે જરી

પ્રકટ થાય છે માત પ્રેમથી, શિશુસમાન જો પ્યાસ હોય તો;
હૃદય રાગથી પૂર્ણ થાય ને, વિરહવેદના વ્યાપ્ત થાય જો.
નવ અશક્ય તો કૈં રહી શકે, હૃદય ઝંખના જો કરે, રડે;
પ્રણયથી ભર્યા મીનના મુખે કદીક સ્વાતિનાં બિંદુડાં પડે.

સહજ તાપ તીખો ધરા કરે, ગગનવારિ જેની ધાર તો ઢળે;
તપ કરે જુઓ રાત તીવ્ર તો, સૂરજ ઊગતો સાધના ફળે.
સ્વજનનાં થતાં મૃત્યુ માનવી, પ્રિય પદાર્થનો લાભ ના થતાં,
રુદન પોક મૂકી કર્યા કરે, ધન તણી કદી ખોટ કે જતાં.

પણ ન સારતા એક આંસુ યે, વ્યથિત સ્વપ્નમાંયે થતા નહીં;
મિલન માગતાં ઈશ કાજ ના મધુર પ્રાર્થનામાં જતા વહી.
પ્રભુ નિહાળવા કોણ ઝંખતા ? સતત કોણ પોકારતા વળી ?
પ્રભુ મળે પછી કેમ સર્વને ? લગનથી રહે પરંતુ તે, મળી.

લગન એ વધારીશ સત્ય તો, પ્રકટ મૂર્તિ માતાતણી થશે;
દિવસ એ ઘડી જિંદગી મહીં અમરને અનેરી જ કો હશે.

*

ભાવ એવા કૈંક જાગ્યા એમને હૈયે,
લાગણીના તરંગો જાગી રહ્યા કૈંયે;
ઝંખના દર્શનતણી વધવા સદા લાગી,
થયો કેવલ પ્રાણ જગદંબાતણો રાગી.

અવસ્થા એ વખતની કેવી હતી ભારે !
ભાવથી ભરપૂર જીવન એ હતું ત્યારે;
તૃષાર્ત ચહે વારિ, લોભી ચહે ધનને જેમ,
ચાહતા'તા એ ક્ષણેક્ષણ મિલન માતનું એમ.

ચહે ભોજનને ક્ષુધાતુર, સ્વાસ્થ્યને રોગી,
વધારે ને વધારે ભોગો વળી ભોગી;
મનુજ કો' મૃતપ્રાય માગે જિંદગીને જેમ,
ચાહતા એ મિલન એમ જ કરીને વધુ પ્રેમ.

ચાહના એથી વધારે હતી એમ કહો,
એ મહીં દિનરાત એ ડૂબી ગયેલ અહો !
ખબર ના પડતી જતાં ક્યાં દિવસ તેમજ રાત,
વિરહ જાગી એમના રૂપે રહ્યો સાક્ષાત !

તમા ભોજન, નિંદ ને વસ્ત્રો તણી ન હતી,
આંખમાંથી સ્નેહની સરિતા વહ્યે જતી;
શૂન્યતા સઘળે જણાતી, કળ નહીં વળતી;
વિરહની એવી અવસ્થા કોકને મળતી.

પ્રેમબીજ ખરે અનેરું પ્રાણમાં પડતાં,
હણાતી જૂની બધીયે જીવની જડતા;
થતાં અંકુર, ફૂલને ફળ એ થકી થાયે,
પ્રેમનાં પરમાણુ કોદી વ્યર્થ ના જાયે.

વધી પ્રેમ રહ્યો નિરંતર એમને પ્રાણે,
રહ્યું કોઈ એમના સ્વપ્ને નહીં ધ્યાને;

પ્રાર્થના દિનરાત એ કરવા પછી લાગ્યા,
વિચારો બીજા બધા યે ચિત્તથી ભાગ્યા.

માતા દર્શન દો મને, ચિંતા બધી ટાળો,
વિરહના બળવાન ભારે અસુરને મારો;
મધુરતાનું મહામંદિર તમારું તે, રૂપ,
બતાવો મુજને સુધાથીયે રસાળ સ્વરૂપ !

હૃદય રામપ્રસાદ કેરું તમે ખોલ્યું જેમ,
પ્રકટ તેમ કર્યો પ્રસાદ સમાન દૈવી પ્રેમ,
હૃદય મારું તેમ ખોલો, પ્રકટ પ્રેમ કરો,
કૃપાના રેલો કિરણ, ને અંધકાર હરો !

જિંદગી નીરસ તમારા વિના છેક રહી,
મહામોંઘો કાળ વ્યર્થ જ જાય સર્વ વહી;
તમારા વિણ ચિત્ત મારું ક્યાંય ના લાગે,
વિરહવેદનની જ વીણા અંતરે વાગે.

*

નવ વિલંબ માતા, હવે કરો, વિરહવેદના શોકને હરો;
નવ રહી શકે દૂર વસ્તુ યે જગતની, વધે પ્રેમ જો ખરો.
હૃદય કામના સ્વર્ગની નથી, ધન તણી કરી લાલસા નહીં;
હૃદયમાં જુઓ તો નિહાળશો, રસ નથી તમારા વિના કહીં.

યશ ચહ્યો નહીં, ભોગ ના ચહ્યા નવ કરી કદી મોક્ષકામના,
મધુર રૂપનો સ્વાદ ચાખવો, મનતણી રહી એ જ ભાવના.
જગતની પ્રભા, મિષ્ટતા વળી, સરસતા થતી વ્યક્ત જ્યાં થકી,
રસનિધાન એ રૂપ દેખવા, વિરહમાં રહ્યો પ્રાણ આ ટકી.

સુખ મળી શકે, શાંતિયે મળે, પ્રકટ થાવ તો જિંદગી ફળે
મિલન મહાન સંતપ્ત પ્રાણ જે, રસથકી ભરે, ચેતના ધરે.
નયનથી નિહાળી લઉં પછી, સકળ ભ્રાંતિ ને સંશયો શમે;
વખત જાય છે વેગથી વહી, વિરહ ના વધારે હવે ગમે.

પ્રખર પંડિતાઈ થકી, તપે, વ્રત થકી વળી યોગસાધને,
નવ મળી શકો તીર્થથી તમે, લગન લાગતી જો ન પ્રાણને.
પ્રકટ પ્રેમથી ફક્ત થાવ ને, નિજ કૃપાથકી મૂર્ત કે બનો;
પ્રકટ થાવ મારી સમીપ તો, હૃદયપ્રેમ જો કે નથી ઘણો.

પણ નથી મને આશ અન્યની, હૃદયનો કહું ભેદ એ ખરો;
અધિક ના મને અન્ય વિશ્વમાં પ્રિય; દશા હવે ધ્યાનમાં ધરો.
સુખ કૃપા કરો તો જ સાંપડે, મિલનની મહા માધુરી મળે;
શિશુવિણ રહી માત ના શકે, શિશુપરે સદાયે કૃપા કરે.

*

તમારા વિના જિંદગી નીરસ ખરેખર આ,
તાપ તપતા રણમહીં છે અન્ય છાયા ક્યાં ?
શાંતિ ખોઈ અંતરે, સંવાદ પણ છે ના,
તમારા વિણ મૂલ્ય કાંઈ ખરે એનું ના.

જિંદગી એ રહે કે ના રહે તોયે શું ?
તમારા વિણ જીવવા ના આમ ચાહું હું;
ભારરૂપ મને બધીયે જિંદગી લાગે,
વ્યગ્રતા ભારે થઈ છે તમારે રાગે.

છેક વ્યાકુળ એ થયાં એવા વિચાર કરી,
માતના મંદિરમહી ને રહ્યા મસ્ત ફરી;
નિહાળી તલવાર કોઈ દિવાલે ત્યારે,
લઈ લીધી એ તરત નિશ્ચય કરી ભારે.

નાશ કાયાનો કરું, તલવારથી આજે,
વધારે ના આમ વિરહે જીવવું છાજે;
ઉગામી તલવાર માથે વિચારીને એમ,
શકે દેખી બાલપીડા કિન્તુ માતા કેમ ?

જગન્નમાતા મૂર્તિમાંથી પ્રગટ ત્યાં જ થયાં,
મધુ થકીયે મધુર વચનો પ્રેમપૂર્ણ કહ્યાં;

'અરે, મારે કાજ આવું ગાંડપણ ભારે ? '
પ્રકાશિત મંદિર થઈ આખું ગયું ત્યારે.

દિવ્ય એ રસથી ભરેલા રૂપને જોઈ,
રામકૃષ્ણે દેહની સંજ્ઞા ખરે ખોઈ;
ઢળી પૃથ્વી પર પડ્યા ભાવે ભરાઈને,
રહ્યો આત્મા એમનો પૂરો હરાઈને.

આંખ ખોલી દીર્ઘ કાળ થઈ ગયો જ્યારે,
થયેલાં અદૃશ્ય જગદંબા હતાં ત્યારે,
વધી એથી તો ગયો હા પ્રેમ પ્રાણમહીં,
સ્વાદ મિષ્ટ મળે જરા તો શમે પ્યાસ નહીં.

રૂપ એ દૈવી નયન સામે રહ્યું રમતું,
સુધામય, સ્વર્ગીય, સુંદર, ખૂબ જે ગમતું;
ફરી જોવા, રાતને દિન દેખવાને તેમ,
થઈ ઈચ્છા; પ્રકટ પુષ્કળ થયો પાછો પ્રેમ !

વધી વ્યાકુળતા, વિરહની વધી તેમ વ્યથા,
કહેવાયે કાળજાની કરુણ કેમ કથા ?
સલિલ સરકેરું મળ્યું પણ તૃષા ના જ મટી,
સાંપડેલી સુધા સત્વર રહી ક્યાંય જતી.

પ્રકટ માત થઈ છતાં, આનંદ દિવ્ય મળ્યો,
ઈશના અસ્તિત્વનો સંદેહ છેક ટળ્યો;
વધી શ્રદ્ધા તેમ ભક્તિ, જ્ઞાનજ્યોત જલી,
સ્વાનુભવથી રહે મિલ્કત મૂલ્યવાન મળી.

* * *

## ૯. રાસમણિને તમાચો માર્યો

સ્વરૂપ એ જોયા પછી મન બીજે ક્યાં જાય ?
અખંડ આનંદે મળી સ્વરૂપમાં જ સમાય.
ભમે રમે ક્યાં ? અન્યમાં મમતા ક્યાંથી થાય ?
ગમે વધારે શું વળી ? ગુણને કોના ગાય ?

મોહ મટે, મમતા મરે, મદ મૃતપ્રાય બને,
ભ્રમણા ને ભય ભક્તની આવે ના જ કને.

અંધકાર તો સૂર્ય ના ઊગે ત્યાં લગ હોય,
કૃપા થતાં જડતા તણાં પડળ રહે ના કોય.
પ્રબળ પ્રેમથી પ્રાણ આ ખરે પછી બંધાય,
કોટિ ઉપાયે ભાવના એની ના ભંગાય.

*

ભાવના દ્રઢ માતામાં રામકૃષ્ણતણી બની,
પ્રાર્થના કરવા લાગ્યા વહાલે વૃત્તિને વણીઃ
તમારું રૂપ હે માતા ! સ્નેહસૌંદર્યથી ભર્યું,
બતાવો મુજને દૈવી, સનાતન, સુધાછલ્યું.
આંખ સામે જ રાખો એ રૂપને હરરોજ કે
આનંદ થાય આત્માને; મળે શાંતિ અસીમ ને.

*

એ વિના મુજને લાગે અર્થ જીવનનો નહીં;
વિના વારિ કદીયે ના શકે મીન સરે રહી.
અંગ સુંદર આખાયે તનના સર્વ હો ભલે,
મહત્તા ના કશીયે પ્રાણ અંદર ના મળે.

*

હૃદય ભક્તતણાં વરસાદની ઋતુસમાન ખરેખર છે કહ્યાં;
ઉપરથી અતિ કોમળ શાંત શાં, પણ અશાંત જ અંદર તો રહ્યાં.
વરસતા વરસાદ વહાલના, પ્રબળ ગર્જન વાદળનાં થતાં;
વિપતનાં બહુ વાદળ દોડતાં, તિમિર તાપતણાં વધતાં જતાં,

ચમકતી ચપલા દિનરાત ત્યાં ફિકરની, પવનો પણ ચાલતા;
કદીક મેઘધનુષ્ય રચાય ત્યાં મધુર આશતણાં મન માનતાં.

નવ કદી પણ એ ઋતુ કાયમી, શરદના દિવસો પણ આવતા;
નવલ રંગ, નવો રચી, ચેતના, મધુર જીવનને પ્રકટાવતા.
નવ સનાતન કૈં જગમાં કહ્યું, વિરહવાદળ રોજ રહે નહીં;
પવન એક સ્થળે વસતો નથી, ઝરણ આગળ જાય સદા વહી.

*

રામકૃષ્ણ વિચારીને એમ શાંત થઈ રહ્યા,
દિવસો કપરા જેવા સર્વ વેદનના સહ્યા.
દશા દૈવી હતી ત્યારે એમની ભાવથી ભરી,
પૂજાયે વિધિને પાછી શકતા ના બધી કરી.

માતાનાં ફૂલ પોતાના મસ્તકે જ ચઢાવતાં,
કદીક માતને ફૂલે તેમ હારે સજાવતા.

દિનરાત જતાં ચાલ્યાં દેવીનાં બસ ધ્યાનમાં;
પ્રેમની વાગતી વીણા પળ પ્રત્યેક પ્રાણમાં.
નશામાં નેહના કેવા રહેતા રોજ મસ્ત એ !
વધતો જ જતો દૈવી નશો દિનરાત તે !

*

નિયમપૂર્વક રાસમણિ હતી મધુર મંદિરમાં નિત આવતી;
પૂજન પ્રેમથકી કરતી હતી, વિવિધ ભેટ ધરી મનભાવતી.
સુભગ એક સવાર મહીં કરી પૂજન માતનું પ્રેમથકી ઘણા,
નિરખતી મધુ મૂર્તિ હતી રસે, સુખતણી ન હતી મનને મણા.

ભજન ભાવભરેલ સુણાવવા, અરજ નમ્ર ગદાધરને કરી;
શરૂ કર્યું રસગીત ગદાધરે, મધુરતા સઘળી મનની ભરી.
અમૃતવર્ષણ મંદિરમાં થયું, અવનવીન દિવાલ બધી બની;
સરળ શાંત બની સરિતા ગઈ, સુખદ એ સ્વર ગીતતણા ગણી.

વદનથી સ્વર એ છૂટતા નહીં, પ્રસરતા પણ પ્રાણથકી હતા;
અસરકારક મંગલ એટલે સુખપ્રદાયકશા સહુને થતા.

*

ગીત પૂર્ણ થયું કિન્તુ તે પહેલાં જ રોષથી,
રામકૃષ્ણે કરી લીલા ક્રુદ્ધ કોઈક દોષથી.
'કોર્ટના કેસની યાદી અત્યારે પણ થાય છે ?
ગીત સાંભળતાં શાને સંસારે મન જાય છે ? '

એમ બોલી લગારે ના ચિંતા બીજી કર્યા વિના,
તમાચો એક રાણીને મારી દીધો ડર્યા વિના.

સત્યને ભય છે શાનો ? ચિંતા શાની કહો વળી ?
એમનામાં રહી દેવી જાણે કામ રહી કરી !
કર્મચારી બધા દેખી દૃશ્ય દુઃખી થઈ ગયા,
દંડ રાણી દઈ દેશે જાણી શૂન્ય બની રહ્યા.

*

રાણીએ નિજ ભૂલને કબૂલ કિન્તુ કરી,
એની વૃત્તિ રહી હતી કેસમહીં જ ફરી.
રામકૃષ્ણની શક્તિને જોઈ મુગ્ધ બની,
પૂજ્યભાવના અંતરે જાગી ગાઢ ઘણી.

*

આજ્ઞા સેવકને કરી, રામકૃષ્ણ કોઈ
સાધારણ માનવ નથી, લીધું મેં જોઈ !
સેવો તેથી એમને સ્નેહ કરીને રોજ,
પ્રસન્ન મંદિરની થશે માતા સાચે તો જ.

સ્વેચ્છાપૂર્વક એ ફરે, ભલે કરે જે કામ;
અધિકારો મેં એમને આપ્યા આજ તમામ.
નોકર ના એ દીન કો', કિન્તુ ગુરૂસમાન;
સુખશાંતિ મળે એમને એનું રાખો ધ્યાન.

ગુરૂભાવથી એ પછી રાસમણિ જોતી,
રામકૃષ્ણને માનતી મહાન કો' મોતી.
કૃપા કરે જો ઈશ તો અશક્ય ના કૈં હોય;
માર્ગ કરી દે સિંધુ કે પર્વત હોયે તોય.

સેવા જગ આખું કરે, દેવ પ્રણામ કરે;
માતાની રક્ષાતળે બાળ કૃતાર્થ ફરે.
રામકૃષ્ણનો એ હતો પાવન પ્રેમપ્રસંગ,
વિચારવાથી થાય છે સંશયભ્રમનો ભંગ.

* * *

## ૧૦. લગ્ન

પુરુષ ને પ્રકૃતિનાં તત્ત્વો વિશ્વમહીં વ્યાપક જેવા;
એકમેકના સંયોગથકી, લાગે છે સુંદર કેવાં !
સંગમ સરિતાનો થાયે ને તીર્થસ્થાન ત્યાં કોઈ થાય,
એમ એમનો સંગમ બનતાં, તીર્થ દિવ્ય કોઈ સોહાય.

શોભા ધારે એક અન્યથી, રસથી પૂર્ણ વળી લાગે,
હયાતિ એકતણી બીજાને નિરંતર ભરી દે રાગે.

અનાદિ આકર્ષણ બન્નેનું જગતમહીં જોવા મળતું.
એક અન્યની આગળ અંતર પોતાનું ખાલી કરતું.
પુરુષ અને સ્ત્રી એકમેકના જીવનને રસથી ભરતાં,
એ જ લગ્ન છે, તન ને મનનાં અંતર જ્યાં ભારે ટળતાં.

*

એ લગ્નનો પરમ છે મહિમા કહેલો, એની કથા મધુર આજ કહી રહ્યો છું;
વીતી ગયેલ શુભમંગલ એ દિનોની, ભાવેભરી સ્મૃતિ પવિત્ર કરી રહ્યો છું.

નાની વયે પ્રથમ લગ્ન થતાં બધાંયે, ના લગ્નને સમજતાં નરનાર જ્યારે;
નાના હતા હજુ ખરેખર રામકૃષ્ણ, ખેલી રહ્યા સરળ છેક કિશોરકાળેઃ

માતાપિતા ઉચિત સુંદર કો'ક કન્યા, શોધી રહ્યાં શ્રમ કરી દિનરાત ત્યારે;
કોઈ મળી નવ સુયોગ્ય છતાંય બાળા, ત્યારે થયાં મગન શોકિતશાં વિચારે.

કન્યા વિના કદી ગદાધર આ રહેશે ? ના વાદળી વિણ રહે વરસાદ કો'દી;
ભાગ્યે જ સાગર રહે સરિતા વિના તો, જાયે સદાય સરિતા પણ ત્યાં જ દોડી.

દેખાય ના સૂરજ ચારુ ઉષા વિનાનો, ને ચાંદની વગરનો નવ ચંદ્રમાયે;
સોહાય વૃક્ષ - રસથી ભર વલ્લરીથી, આધાર લે ગગનો મધુરી હવાયે.

*

બધી જિંદગી પુત્રતણી આ કન્યા વિના જશે ચાલી ?
જીવનમાં તો અમી હશે ના, બે હાથે જ પડે તાળી !
માતાપિતાની ચિંતા જોઈ, ગદાધરે સપ્રેમ કહ્યુઃ
થશે આખરે તો એમ જ જે ભાગ્યમહીં નિર્માણ થયું.

હજાર યત્ન કરો, તોયે જે હશે થવાનું તે જ થશે;
થનાર ના તે નહીં જ થાયે, ચિંતાથી ના કૈં વળશે.

લગ્ન નથી જીવનની સિદ્ધિ, નથી ધ્યેય પણ અંતિમ એ;
નથી મને આકર્ષણ એનું, રસ એનો તલભારે કે.
છતાં લગ્નની ઘટના મારા ભાગ્યમહીં નિર્માણ થઈ;
કરો નહીં આશંકા ચિંતા, ઈશ્વરને દો ભાર દઈ.

*

જયરામવાટી ગામમાં, ઉત્તમ કુટુંબમહીં રહી,
તે શારદાદેવી થવાની સંગિની મારી સહી;
તેથી તજી ચિંતા તમે તેની તપાસ હવે કરો,
છે ઈશ્વરેચ્છા એ જ, મારી વાત આ ધ્યાને ધરો !

એવાં ભવિષ્યતણાં વચન શ્રીરામકૃષ્ણ કહી રહ્યા,
સંતપ્તને છાયા, પથ વળી ભ્રાંતને અર્પી રહ્યા.
આનંદથી ને નિત્યકર્મે પછીથી લાગી ગયા,
માતાપિતા શંકિત છતાં ઉત્સાહનાં ભાગી થયાં.

*

શોધ કરી તો વાત એમની સાચી પૂર્ણપણે લાગી;
સિતાર સુખની માતાપિતાના આતુર અંતરમાં વાગી.
પાંચ વરસની હતી શારદા, લગ્નપ્રસંગ થયો ત્યારે;
હજુ તો બીજ હતાં નાખેલાં ફૂલકાજ જાણે ક્યારે !

પૂર્વજન્મના લેખ અધૂરા, હોય માગતા પૂર્ણ થવા;
અટકાવ્યા ના અટકે એ તો, શકે ન અટકી જેમ હવા.

* * *

## ૧૧. શારદાદેવીનો મેળાપ

પૂજ્ય માતા કૈંકની, ભાવિમાં એ શારદા,
થવાની સાચે હતી, સુખપ્રદાતા, પ્રાણદા.
રૂપ ધારી એહનું, માત મંદિરમાં રહી,
હતી જાણે પ્રેમથી, અવતરી પૃથ્વી મહીં,

સાધનામાં દેવની અનેરો રસ રેલવા,
તેમ જીવનકાર્યને ઝડપથી સંકેલવાઃ
થઈ જીવનસંગિની માત પોતે એમની;
અશક્ય નથી કૈં ખરે ! અજબ લીલા પ્રેમની.

પ્રભાવ ઘણો પ્રેમનો વીર્યવાન કહેલ છે;
વસ્તુ સાચા પ્રેમને કઠિન તોય સહેલ છે.
મુખ્ય નટની સાથમાં, અન્ય અભિનેતા ભળે,
હાવભાવ બધા મળી, ઉચિત નાટકમાં કરે;

વળી કો' સંગીતના સમારોહે સૂરમાં
મુખ્ય વાદ્યતણા, સ્વરો વિવિધ વાદ્યો પૂરતાઃ
તેમ શ્રેષ્ઠ પુરૂષની સાથ બીજાયે જનો,
આવતા અવની મહીં, અભિનય લઈને ઘણો.

શ્રેષ્ઠ જનના કાર્યમાં ભાગ લેતા સર્વ એ,
વફાદારીથી સદા મદદ કરતા યોગ્યને.
શારદાદેવી તણો જન્મ એ માટે હતો;
સર્વનો મહિમા ખરો સમયસર થાયે છતોઃ

*

ચંદ્રનાં કિરણો લભીને કુમુદિની હાસે
રાતરાણીયે સુવાસિત રમે છે રાસે;
અલૌકિકતા એમની ત્યારે જ મૂર્ત થતી,
મહત્તા ત્યારે જ કિંમત તેમ થાય છતી.

રામકૃષ્ણતણો સમાગમ પામશે જ્યારે,
શારદા સંપૂર્ણરૂપે ખીલશે ત્યારે;

થશે એનો ખરેખર મહિમા પ્રકટ ત્યારે,
પ્રકાશ મળ્યે જેમ દીવી જ્યોતને ધારે.

હતો ઉભયની વયમાં, મોટો શો તફાવત
કિન્તુ એથી લગ્નજીવન ના પડ્યું ભયમાં;
લગ્નમાં તો યોગ્યતાની થાય છે ગણના,
થઈ વયની એમના મનમાં નહીં ભ્રમણા.

શીલ ને સંસ્કાર લગ્નમહીં ગણાયે છે,
એક મનનાં લગ્ન સુખદાયક જણાયે છે;
કર્મના અનુબંધનો હિસ્સો રહે મોટો,
હોય જો સંવાદ તો રસનો નહીં તોટો.

વયમહીં હોયે તફાવત, મનમહીં પણ ના,
લગ્ન તો થાયે સફળ એ જિંદગીભર હા !
વિચારો ને ભાવનાની એકતા જ્યાં હો,
સ્વર્ગ પ્રકટે, શાંતિ આપે, નિરંતર ત્યાં તો !

*

એમને તનની હતી મોહિની મમતા નહી;
શ્રેયની લગની હતી, ઉભયના ઉરમાં રહી.
એટલે જીવન મહીં વિઘ્ન ના આવી શક્યાં;
દેહના બંધન નહીં પથમહીં કો'દી ટક્યાં.

શારદા મોટી વયે સમજતાં સઘળું થયાં;
દક્ષિણેશ્વર દેખવા થનગની મનમાં રહ્યા.
સાંભળેલી એમણે, લોકના મુખથી ઘણી,
રામકૃષ્ણ વિશે કથા તપ તથા ભક્તિ તણી.

ભ્રમિત કે પાગલસમા, રામકૃષ્ણ સદા રહે;
એમ વાતો ગામમાં વિવધ કૈં લોકો કહે.
કિન્તુ દીઠા દેવને. દક્ષિણેશ્વરમાં પછી,
એ બધી વાતો મહીં સત્યતા ના દીઠી કશી.

સોળ વયનાં એમને દેવ સત્કારી રહ્યા;
સ્નેહભીના શબ્દ કૈં પ્રથમ મેળાપે કહ્યા.
મિષ્ટ એ વ્યવહારથી, ભ્રાંતિ સઘળીયે ટળી;
નવા ભાવો વિચાર ને હૃદય તેમ રસો ફરી.

પ્રેમ પેખી દેવનો, પ્રેમ વધુ હૈયે થયો;
શોક કે શંકાતણો યુગ સમાપ્ત થઈ ગયો.
સ્નેહથી સેવામહીં, પછી જોડાઈ ગયાં;
સહાયક ને સંગિની સત્ય દેવતણાં થયાં.

*

હતી કેવી મિલનકેરી પહેલી એ રાત !
શારદાદેવી જણાતાં રતિસમાં સાક્ષાત;
સ્નેહ ને સૌન્દર્ય મધુતા મૂર્તિમંત થયાં
હોય ના, એમ શોભી હતાં છેક રહ્યાં.

ફૂટતી'તી રોમરોમે ટશરો રસની,
રહેલી અંગાંગમાં ને ગીતિ કૈ યશની;
ચિત્ત જોતાંવેંત કાયમકાજ મોહિત થાય,
મોહિની એવી હતી, પરવશ બની જાય.

રહેલી યૌવનતણી ખીલી વસંત ખરી,
શીશથી ચરણોલગી જીવન નવીન ભરી;
મહાકવિતા ઈશની છે સ્ત્રી સમસ્ત જગે,
શ્રેષ્ઠ કવિતા એમની પણ હતી સર્વ રગે.

ચંદ્ર તેમજ પદ્મની ઉપમા ખરે સૂકી,
એમને આપી કરાયે કીર્તિ ના ટૂંકી;
યોગ્ય ઉપમા એમની તો એ જ એક હતાં,
મધુરતાનાં પૂર્ણ વર્ણન શબ્દથી ન થતાં.

રામકૃષ્ણે એમને ચરણે પ્રણામ કર્યા,
માત માની વિશ્વની પુષ્પો અનેક ધર્યાં;
કહ્યું, મેં તો માતૃશરણે જિંદગી અર્પી,
સુખ તમોને કેમ જ કહો શકીશ સમર્પી ?

*

ગર્જના ગગને થઈ, ઊમટી વાદળ રહ્યાં;
વીજ ચમકી, વારિ તે સરિતનાં ચમકી રહ્યાં.
વાદળાંની સોડમાં, ચંદ્ર ઢંકાઈ ગયો;
છતાં દૃશ્ય નિહાળવા, પ્રકટ પૂર્ણપણે થયો.

શારદાદેવી વધ્યાં શાંતિને ધારણ કરી;
દેહસુખ માટે નથી પ્રિય ગણી તમને વરી.
સાધનાના માર્ગથી, વાળવા પાછા નથી
વિચાર્યું સ્વપ્ને ય મેં; નવ બનીશ કદી હઠી.

શ્રેય સાધો આત્મનું, એમહીં રાજી રહું;
વિરોધતણાં, રોષનાં, વચન ના એકે કહું.
તમારી સેવાતણો લાભ મુજને આપજો;
પૂર્ણ નિર્ભયતા થકી, પથ તમારો કાપજો.

શ્રેયને માર્ગે ધરો મનેયે દીક્ષા તમે,
સાધનાની વાત તો હૃદયથી મુજને ગમે.
વિઘ્નરૂપ થઈશ ના તમારે માર્ગે કદી;
શાંતિસાથ રહીશ હું, ચરણમાં પ્રેમે પડી.

સાંભળીને શબ્દ એ, રામકૃષ્ણ સુખી થયા;
મૂક અંજલિ આપતાં જલદ એ વરસી રહ્યાં.
વિવેકી સ્વેચ્છા થકી, ભોગને ત્યાગી શકે;
એમના ના અંતરે વિષયની તૃષ્ણા ટકે.

ધન્ય દેવી શારદા, રામકૃષ્ણતણો કર્યો,
માર્ગ છેક જ મોકળો, પરમ તેજથકી ભર્યો !
વિશ્વના ઈતિહાસમાં, સ્ત્રીતણો ફાળો ઘણો;
કિન્તુ છે અજ્ઞાત એ; પ્રકટ પૂર્ણપણે બનો !

રામકૃષ્ણો કેટલા, એહણે પેદા કર્યાં ?
કેટલા તુલસીતણા પથવળી તેજે ભર્યાં ?
શિવાજી પ્રકટાવિયા, બિલ્વમંગલને વળી;
કેટલાનાં કાર્ય એ સરળ તેમ રહી કરી ?

ગુપ્તરૂપે એહણે કૈંકને જીવન ધર્યાં;
એહની કરુણા થકી, દૈન્ય ને વિઘ્નો ટળ્યાં
ક્યાંક કસ્તુરબા બની, ક્યાંક તેમ મદાલસા,
ફેરવી વ્યક્તિ તથા સકળ દુનિયાની દશા.

માત, નારી, બેન કે સખી પુત્રી રૂપમાં,
બને શ્રેયસ્કર સદા સુખદ ભિન્ન સ્વરૂપમાં.
સહાયક જો થાય તો, સ્વર્ગદાત્રી થાય છે;
વિઘ્નરૂપ થતાં વળી, સુખ સનાતન જાય છે.

જગાવે યુદ્ધો, વળી સંધિ દુશ્મનની કરે,
રચાવે સામ્રાજ્ય, જે પ્રલય એ સૌનો કરે.
રામકૃષ્ણ કૃતાર્થ કે શારદાદેવી મળી;
દિવ્ય નારીરૂપ જે, નમન કોટિ રહું કરી !



* * *

## ૧૨. પૂજા ને ભાવના

દક્ષિણેશ્વરના કેવા દિવસો દિવ્ય એ હતા !
સજીવ સ્મૃતિના રૂપે આજેય સઘળા થતા !
દેવની નિત્ય સેવા ત્યાં દેવીએ પ્રેમથી કરી;
એમને છાંયની પેઠે પરિપૂર્ણપણે વરી.

રામકૃષ્ણ હતા એને માર્ગદર્શન આપતા,
સાધનાના નવા પાઠો ભણાવી બળ માપતા,

દીવાની વાટથી માંડી કરવા જપ કેમ તે
કહેતા, ધ્યાનની વાતો, સ્નેહથી હરરોજ એ.
ગુરૂશિષ્યા સમાં બંને શોભી એ સ્થાનમાં રહ્યાં,
ચમત્કારસમાં કોઈ ભારે સંસારના થયાં.

*

બંને યુવાન વયનાં જ હતાં છતાંયે, ના અંગનાં સુખમહીં કદીયે ફસાયાં;
પાવિત્ર્યજ્યોત જગવી, નિજ સાધનાને પંથે પ્રસન્ન મનથી ઉભયે સિધાવ્યાં.

મોહાંધ થાય નવ કોણ શરીર દેખી ? સાધે વળી સતત સંયમ કામનો કો' ?
ના ચિત્ત ચંચળ બને મદમત્ત કોનું ? કોને ન થાય ભ્રમ યૌવન જો મળે તો ?

તોયે કરોડ જનમાં જન એક કોઈ, જે થાય ના ભ્રમિત યૌવન મેળવીને,
જે શીલ તેમજ વિવેક ગુમાવતા ના, લક્ષ્મી, પ્રતાપ, યશ ને પદને વરીને.

સૌન્દર્યનો મદ છવાય ન નેત્રમાં ને સત્તા વિમૂઢ કરતી ન જરાય જેને;
ભાગ્યેજ કોક વિરલા જન હોય એવા, સંસારમાં વશ કર્યાં નિજ ચિત્ત જેણે.

તોફાન સાગરતણાં વશ થાય કેમે, ભારે પ્રમત્ત પવને વશ તેમ થાયે;
ના જાત કિન્તુ કરવી વશ છે સહેલી, એ કામમાં વરસ કે યુગ કૈંક જાયે.

*

પરંતુ સાધનાકેરી અથવા પ્રભુપ્રેમની,
શ્રેષ્ઠ આદર્શની લાગે લગની નિજ ક્ષેમની;
મુશ્કેલ ના રહે તો કૈં, માનવી ભોગ આપવા
તૈયાર થાય ભારે યે, બધાં બંધન કાપવા.

રામકૃષ્ણ તથા દેવી શારદા સંયમી બન્યાં,
એટલે જ પ્રવાસી એ તો પૂર્ણ જીવનનાં થયાં.
દેહના સુખના ખ્યાલો જીતી એ ઉભયે રહ્યાં;
પવિત્ર પ્રેમની કોઈ પ્રતિમા જ બની ગયાં.

અશક્ય ના કશું એમાં; વિવેકી સઘળું કરે,
પોતાના શ્રેયને પંથે હિંમતે પગલાં ભરે.
રામકૃષ્ણ સદા માને પ્રાર્થના કરતા હતા
કામની શાંતિને માટે કામના કરતા હતા.

પવિત્રતા તથા પ્રેમે પ્રાર્થના શારદાતણી;
માતાને કાજ હૈયામાં શુદ્ધ ભક્તિ હતી ઘણી.
માતાની મૂર્તિ એ રોજે શારદામાં નિહાળતા;
માતા સિવાયના ખ્યાલો ભાવોને તેમ ટાળતા.

રહેતા માતા પ્રેમે ડૂબેલા દિનરાત એ,
પ્રેમાસ્પદ તજી પ્રેમી કહો અન્યત્ર જાય શે ?
એમ વીતી ગયા થોડા દિવસો શરૂઆતના;
એમના અંતરે જાગી પછીથી એક ભાવના.

*

બેસાડતાં વિમળ આસન શારદાને, પૂજા કરી સવિધિ મંગળ એક રાતે;
દેવીસમાન સમજી ફૂલહાર અર્પે, ભાવેભર્યું તિલક દિવ્ય કરી લલાટે.

સાષ્ટાંગ દંડવત્ તેમ પ્રણામ સાથે, પૂજા પવિત્ર પરિપૂર્ણ કરી અનેરી;
પ્રત્યક્ષ હોય જગદંબ જ તેમ ભાવે દેખી રહ્યા, હૃદય ભક્તિ ભરી ઘણેરી.

ભારે રહસ્યમય સૌ વિધિ લાગતી'તી, તોયે હતાં નિરખતાં બસ શાંતિથી એ;
ભાવો મહાપુરૂષના સમજાય ક્યાંથી; ઊંડાણ અંતરતણાં પરખાય ને શે ?

દૈવત્વની અમર મંગલ જ્યોત જોવી, સંસારમાં, સરળ એ નવ સાધના છે;
સ્ત્રીમાં વળી પ્રભુપ્રકાશ નિહાળવો તે, મુશ્કેલ કામ વધુ પંડિત સારુયે છે.

એ ભાવના પ્રબળ દર્શન થાય તો તો, કોઈ રહે ભય નહીં, નવ મોહ થાયે;
કોઈક કિન્તુ વિરલા જન એ અનેરા પંથે પ્રયાણ કરતા દિનરાત જાયે.

*

વિઘ્નરૂપ નથી નારી, નર તેમજ છે નહીં;
મન વિઘ્ન કરે ભારે, સત્ય એ વાત છે કહી.
શુદ્ધ એને કરી દેતાં વિઘ્ન કોઈ રહે નહી;
વશ એને કર્યે જાગે સુખ શાંતિ ને મહીં.

વિવેકજ્યોત જાગે જો એમહીં તો વળી જુએ,
પરમાત્માતણી લીલારૂપ પ્રત્યેક વસ્તુને.
રામકૃષ્ણ અવસ્થા એ પામ્યા દિવ્ય હતા ખરે;
પુરાવો એહનો સાચો નાની આ વાતમાં મળે.

*

સૂતા હતા છ મહિનાલગ રોજ રાતે,
પર્યંક એક પર, તોપણ એમના ના
ચિત્તે વિકાર પ્રકટ્યો, મધુ શારદાની
સૂઈ રહ્યા શિશુસમા બસ સોડમાં હા !

કોઈકવાર વિસરી સુરતા બધીયે
રે'તા સમાધિસુખમાં લવલીન જેવા;
એવા અગમ્ય સુખમાં રજની બધીયે,
ચાલી જતી રાત્રિ સમસ્ત મટતી, પણ જાગતા ના,
ડૂબી જતા રસસરોવર કો'ક એવા.

*

શારદા હતાં એવી અવસ્થાને નિહાળતાં.
થયાં શાંત અવસ્થાએ પ્રવેશી સમજાવતાં.
પછી કેટલી વેળા ધ્યાનમાંથી જગાડવા,
બોલતાં નામ એ દૈવી, દેહવૃત્તિ ટકાવવા.

વર્ષો પછી હતાં જ્યારે એમના પગ દાબતાં,
બોલ્યાં એ શારદા ત્યારે પ્રેમથી ભાવ માપતાઃ
'તમારી ભાવના મારે માટે છે દેવ શી કહો ? '
બોલ્યા એ 'પ્રશ્ન એ શાને થાય છે તુજને અહો !'

'એકરૂપે વિરાજે મા મંદિરે, અન્ય રૂપમાં
પયપાન કરાવ્યું છે જનનીના સ્વરૂપમાં;
ત્રીજા રૂપે દબાવી તે માત આ ચરણો રહી;
ત્રણે છે એક, એમાં છે શંકા સ્વલ્પ મને નહીં.'

ધન્ય એ શારદાદેવી ને રામકૃષ્ણ એ;
મહિમા એમનો ગાયે શારદા તેમ સંત શે ?
વિકાર એકને ચિત્તે થયો ઉત્પન્ન ના કદી;
શાંત સાગરશાં હૈયાં સીમા ના છોડતાં ઘડી.

* * *

## ૧૩. ભૈરવીનો મેળાપ ને ધર્મોની સાધના

તંત્રમાર્ગની નિષ્ણાત હતી એ ભૈરવીને નામે
મહાયોગિની, એકવાર એ આવી એ મંગલ ધામે
આજ્ઞા હતી ઈશની એને, ત્રણ સાધકને મળવાને;
ઉમંગ સાથે પ્રવાસ કરતી હતી, કાર્ય એ કરવાને.

રામકૃષ્ણને જોઈ એને દિલે દૈવી આનંદ થયો;
હિલોળે ચઢ્યું હૈયું; એનો શ્રમ સઘળોયે દૂર થયો.
નેહભર્યાં નયનોથી ઊભી રામકૃષ્ણની પાસ રહી;
પ્રેમ વહાવી પ્રાણમહીંથી, પરિચય દેતાં વાત કહી.

રામકૃષ્ણનાયે અંતરમાં, થયો એહને પેખી પ્રેમ;
સંસ્કારો, સંબંધ પ્રથમના ખેંચે ના અંતરને કેમ ?
ધીરે ધીરે પરિચય વાધ્યો, વધ્યો સ્નેહસંબંધ વળી;
પલટાયે અંકુરથી જેવી ફૂલરૂપમાં કો'ક કળી.

તંત્રમાર્ગની દીક્ષા આપી રામકૃષ્ણને સ્ત્રીએ એ;
સાધના બધી પૂર્ણ કરાવી, બેસાડીને રજનીએ.
બિલ્વવૃક્ષ નીચે બેસીને, રાત્રીભર સાધન કરતાં;
હતા એમના અંતરમાં કેવા પવિત્રતમ ભાવો ફરતા !

રામકૃષ્ણ કહેતા પાછળથી, તંત્રસાધના છે ભારે;
મક્કમ હોય મનોબળ ના તો, સાધકજન એમાં હારે.
પૂર્ણ કરીને કામ શાંતિથી યોગિની થઈ ક્યાંક વિદાય;
જગદંબા જાણે આવીને, કરી ગયાં એ રૂપે સહાય.

જુદા જુદા કૈંયે પંથોની, સાધના પછી પૂર્ણ કરી;
જેમ ભ્રમર રસમાંહી બનતાં, અનેક ફૂલે રહે ફરી.
ખ્રિસ્તી ને ઈસ્લામ ધર્મનાં રહસ્યને જાણી લીધાં;
દાસભાવને ધારણ કરતાં, રામતણાં દર્શન કીધાં.

પોતાને હનુમાન માનતાં, રામપ્રેમમાં મગ્ન થયા,
કેશ પુચ્છનાં જેવાં ત્યારે, ઊગી થોડાં અંગ ગયાં !
તલ્લીન થતા બધું ભૂલતાં, ભક્તિભાવ મહીં એ એમ;
સાચા દિલથી માગે તેને, સાંપડે નહીં સિદ્ધિ કેમ ?

સાધના કરી, ભિન્ન ધર્મની, સાર એમણે પ્રાપ્ત કર્યો;
ધર્મોનો છે દેહ ભિન્ન પણ આત્મા સૌમાં એક રહ્યો.
સાધન હોય જુદાં છો સૌનાં, સાધ્ય ખરેખર એક જ છે;
સ્રોત તેમ સરિતા પામે છે શાંતિ મળીને અર્ણવને.

પરમાત્મા છે પૂજ્ય સર્વના, સૌનાયે છે લક્ષ્ય વળી;
સદાચાર, સેવા, સ્નેહતણો સર્વ રહ્યા સંદેશ ધરી.
પરંતુ અજ્ઞ જુએ કાયાને, જુએ પ્રાણને દિવ્ય નહીં;
લડે ધર્મને નામે એથી; રહે કદી જે રક્ત વહી.

ભેદભાવ, ઘર્ષણની જ્વાળા, એને પરિણામે જાગે;
સાર ધર્મનો પ્રાણપ્રદાયક તેમજ ભૂલાતો લાગે.
રામકૃષ્ણ એ અનર્થમાંથી, કાયમ માટે મુક્ત થયા;
મહાપુરૂષ બન્યા ને સાચા, પ્રભુની પામી પૂર્ણ દયા.

* * *

## ૧૪. તોતાપુરીની મદદ

ધરી સકળ જિંદગી પ્રભુપદે જ જેણે, વળી
રહ્યા દિવસ રાત જે સ્મરણ ઈશ કેરું કરી;
મળે મદદ તેમને પ્રભુ તણી ન શાને કહો ?
ચહે પ્રભુ તમે લગાર પણ ભાવથી જો ચહો.

સમર્પણ કરી હતી સકળ જિંદગી માતને,
ઘણાં વરસથી, દિલે લગન એક એની લઈ,
પસાર દિવસો કર્યા; અનેકવિધ રામકૃષ્ણે
સહાયક પદેપદે જગતમાત એથી થઈ.

હરેક પળ માત એ નિરખતી હતી એમને,
હતી સતત રક્ષતી, સુખ કૃપા કરી આપતી;
કરે સરળ માર્ગ માત શિશુનો સદા, એમ એ
ગ્રહી કર ક્રમે હતી વિકટ પંથને કાપતી.

*

એમના જીવનમહીં જે કામ કરવાને,
પધારેલા ધરા પર ચૈતન્ય ભરવાને,
મદદ એમાં કરે એવા પ્રસંગો જાગ્યા,
મનુષ્યોયે વળી આવ્યા કૈંક વણમાગ્યા.

અમર તોતાપુરી એમાં થઈ સત્ય ગયા
દક્ષિણેશ્વરમાં હતા દિવસો અનેક રહ્યા;
વાત એની આજ ગૂંથું કાવ્યમાળામાં;
શશીના સરખા હતા એ લાખ તારામાં.

નર્મદાકાંઠે સતત એકાંતમાં જ રહી,
લભેલા સિદ્ધિદશા પાંત્રીશ વર્ષ મહીં;
સત્ય ઈશ્વરને જ માની વિચરતા જગમાં,
હતી માયા કે ન મમતા એમની રગમાં.

ત્રણ દિવસથી વધારે ના એક સ્થાન મહીં,
રહેતા'તા રાગ કરતાં કે મમત્વ કરી.
વૃક્ષ નીચે ટાઢતાપે વાસ એ કરતા
વરસતા વરસાદથીયે લેશ ના ડરતા.

રહેતા'તા નગ્ન, મસ્તક પર જટાવાળા,
શરીરે સુદ્રઢ હતા, માંસલ તથા કાળા;
જ્ઞાન પામીને પરમ આનંદમાં રે'તા,
વાત કોઈને નહીં જીવનતણી કે'તા.

હતા વેદાંતી પૂજારી નિરાકારતણા,
તર્કશાસ્ત્રી, કુશળ યોગી, શાંત, ગૂઢ ઘણા;
માનતા સાકાર ઈશ્વરમાં લગારે ના,
કહેતા, આત્મ વિના પરમાત્મ બીજે ક્યાં ?

વિચરતા એ એક દિન ગંગાતટે આવ્યા,
ઘાટ ગંગાના મનોમન એમને ભાવ્યા;
હોય યોગી હોય સંસારી ભક્તો યે તોયે,
રસ તથા સૌન્દર્યથી ડોલી રહે કો'યે.

રામકૃષ્ણ સમીપ ગંગા રહેલા જોઈ;
ગણી સાધક એમને ભાવે ભર્યા કોઈ,
એમની પાસે ગયા તોતાપુરી પ્રેમે,
શકાયું રોકી મન નહીં સ્નેહભર કેમે !

મહાન જ સમજી શકે બીજા મહાનને,
લોહચુંબક લોહના ખેંચી શકે તનને;
કલાપી કેકા કરે છે મેઘને દેખી,
ભ્રમર દોડે પદ્મ તેમજ પુષ્પને પેખી.

રામકૃષ્ણતણા સુણી શબ્દો મધુર એવા,
થયા ભાવો હૃદય તોતાપુરીને કેવા !
યોગ્યતા જાણી તરત એ યુવકની લાધી,
ઓળખાણ ખરેખરી આપી પછી દીધી.

'શીખવાની યોગ તુજને હોય ઈચ્છા જો,
પૂર્ણ શીખવવા દઊં સાચે જ દીક્ષા તો; '
સિદ્ધ તોતાપુરી અંતે વચન એ બોલ્યા,
રામકૃષ્ણ સુણી હરખમાં મગ્નશા ડોલ્યા.

વાત યોગતણી જરા પૂછી લઊં માને,
એમ બોલી રામકૃષ્ણ ગયા ભવન માને;
કહ્યું માએ, મેં જ એને મોકલ્યો છે આજ,
યોગ્ય છે એ ગુરૂ તારી યોગસિદ્ધિ કાજ.

માતની આજ્ઞા મળી છે યોગને માટે,
કહ્યું એવું ફરી આવી નદીને ઘાટે;
થયા તોતાપુરી થોડા ચકિતશા ત્યારે,
થયો હૈયે એમને આનંદયે ભારે.

માત એવી કરોડે કોઈક એક હશે,
પુત્ર યોગી થતાં જેનો આત્મ ધન્ય હશે;
માત એવી ધન્ય, એના દિવ્ય દર્શનથી,
શાંતિ થાયે, આંખ કેરા અમીવર્ષણથી.

વિચારીને એમ માને નિરખવા માટે,
મંદિરે તોતાપુરી યોગી ગયા જાતે;
રામકૃષ્ણે મૂર્તિ માની બતાવી ત્યારે,
વિચારે ડૂબી ગયા શોકિત સમા ભારે.

રામકૃષ્ણ નથી વિવેકી, એટલે માને
મૂર્તિમાં પૂજી રહ્યાં, જગદંબ કે જાણે;
ભ્રાંતિ દૂર કરીશ સઘળી એમની ધીરે;
એ વિચારે ફર્યા પાછા જાહ્નવી તીરે.

શાંત પંચવટીમહીં આસન લગાવીને,
રહ્યા એ સાંજથી ધૂણી જગાવીને;

જગતને ત્રણ કાળમાં મિથ્યા સમું માને,
બ્રહ્મ સત્ય કહે, રહે ને બ્રહ્મને ધ્યાને.

*

યોગદીક્ષા એમણે દેવને આપી, વળી,
રહ્યા ભગવાં વસ્ત્રથી, પરમ સંન્યાસી કરી.
એ સમે ચંદ્રામણિ, શારદા સાથે જ ત્યાં,
રહેતાં એ સ્થાનમાં, પ્રભુસ્મરણમાં લીનશાં.

ધ્યાન કરવા બેસતા રામકૃષ્ણ સદા, છતાં
ચિત્તમાંથી ખ્યાલ ના જગતમાતતણા જતા.

દિવ્ય મૂર્તિ માતની, રહેતી સામે હસી;
પૂર્ણરૂપે એ મહીં હૃદય તે રે'તું વસી.
સમાધિમહીં એટલે જતું ચિત્ત નહીં મળી;
શોક ને ચિંતા રહ્યાં સતત એ એથી કરી.

*

એક ધન્ય દિને બિરાજ્યા એ હતા ધ્યાને,
પ્રતીક સમા પ્રેમને શ્રદ્ધાતણા જાણે;
ઘણા યત્ન સમાધિ માટે હતા એ કરતા,
દેહભાન છતાં જતું ના, યત્ન ના ફળતા.

દેખતા તોતાપુરી સામે હતા બેઠા,
સલાહ જરા સાધનાની જરૂરી દેતા;
રામકૃષ્ણતણી ગયા એ અવસ્થા જાણી,
અનુભવી ને સિદ્ધ સાચા હતા એ જ્ઞાની.

ટૂકડો કોઈક જલદી કાચનો લાવી,
જરા દાબ્યો ભ્રમરમધ્યે દેવની આવી;
કરી આજ્ઞા, મન લગાડી, સ્થાનમાં દે આ,
ચિત્ત કાં એકાગ્ર બનતાં શાંત થાયે ના ?

રામકૃષ્ણે લગાડ્યું ત્યાં તરત સર્વે ધ્યાન,
સમાધિ થઈ શાંત ક્યારે ના પડી એ જાણ;

કિરણ સૂર્યમહીં સમાયે, તેમ ચિત્તતણી,
આત્મમાં વૃત્તિ સમાઈ શાંતિથી સઘળી.

સ્પર્શ દિવ્ય મળી ગયો તોતાપુરીનો એ,
ચમત્કાર થઈ ગયો એનો જ ભારે તે;
સિદ્ધયોગી કરે શક્તિપાત અન્ય મહીં,
શબ્દ એ શાસ્ત્રોતણાં છે ખરે વ્યર્થ નહીં.

સમાધિમહીં દેવને ડૂબી રહ્યા જોઈ,
રહ્યા ત્યાં તોતાપુરી આનંદથી રોઈ;
મકાન કરી બંધ એ આવી બહાર રહ્યા,
રામકૃષ્ણ પરંતુ જાગ્રત ના જ સદ્ય થયા.

દિવસ ત્રણ ચાલ્યા ગયા પણ દેવ ના જાગ્યા,
યત્ન કરવા સિદ્ધયોગી એટલે લાગ્યા;
પ્રણવના ઉચ્ચાર કીધા દેવને કાજે,
દેવ ડૂબેલા હતા કેવા ગહન ધ્યાને !

રામકૃષ્ણ સમાધિમાંથી આખરે જાગ્યા;
નવા કોઈ દેશના કે દિવ્યશા લાગ્યા;
એમને ભેટી પડ્યા તોતાપુરી પ્રેમે,
રહ્યા ભાવો પ્રાણના પ્રાણે નહીં કેમે.

કરી મેં પાંત્રીસ વરસો તપસ્યા ભારે,
મળી આવી અવસ્થા ઊંચી મને ત્યારે;
એ અવસ્થા ઉચ્ચ સદ્ય પ્રાપ્ત થઈ,
હકીકત એ હૈયું મારું કરી સ્પર્શ ગઈ.

પ્રબળ છે સંસ્કાર તારા, યોગ્યતા તારી,
અલૌકિક છે આત્મ તારો, ખાતરી મારી;
પંથ છે આ વિકટ, કિન્તુ યોગ્યતાવાળા
પ્રવાસીને સફળતાનાં ફળ મળે ન્યારાં.

હતો દિન પવિત્ર એ, વિધુ પ્રસન્ન કેવો હતો !
તમિસ્ત્રભર વ્યોમમાં પરમસિદ્ધ યોગીસમા
હતા મધુર તારલા ટમકતા વિસારી વ્યથા,
હતી નવ જ એમને મરણ કે જરાની તમા.

યુગોયુગથકી પ્રશાંત નયને નિહાળી રહ્યા
સમસ્ત ઈતિહાસ આ જગતનો, ઘણાયે વળી
રહ્યા નિરખતા પ્રસંગ, સહુ એ પ્રસંગોમહીં,
ગયો પરમપ્રેમે પ્રસંગરસ એમને આ મળી.

અનેક ઋષિ સિદ્ધને નિરખતા રહ્યા એ સદા,
અનંત યુગથી, વળી કુળ અનેક જ્ઞાનીતણાં;
હતા નવલ મુક્ત એક ઋષિ આજ એ ભારતે,
થયા પરમ મુગ્ધ ને હરખથી ભરાયા ઘણા.



* * *

## ૧૫. તોતાપુરીના બે પ્રસંગો

તોતાપુરી હતા સાચા સિદ્ધ, વૈરાગ્યથી ભર્યા,
પૂર્ણયોગી, તપસ્વી ને જ્ઞાનવાન હતા ખરા.
સાધનાની લભી સિદ્ધિ શાંતિથી ફરતા હતા
છતાંયે ધ્યાન પ્રેમે એ પ્રભાતે કરતા હતા.

સદા બ્રાહ્મમુહૂર્તે એ બેસતા બ્રહ્મધ્યાનમાં,
રહેતા દિન આખાયે એહના બસ તાનમાં.
મેળવી રામકૃષ્ણે એ માહિતી, એટલે કહ્યું,
કુતૂહલ ખરે આજે મારા છે મનમાં થયુઃ

સિદ્ધિ પ્રાપ્ત તમે તોયે ધ્યાનમાં કેમ બેસતા ?
સમાધિના પ્રદેશેને સદા શાને પ્રવેશતા ?
હતા તોતાપુરી ત્યારે લોટો સાફ રહ્યા કરી;
બોલ્યા શાંતિથકી ધીમે દૃઢતા સ્વરમાં ભરીઃ

લોટો પીત્તળનો જ આ સ્વચ્છ ના રોજ થાય તો,
થાય મેલો; પ્રમાદે જો ધ્યાન ના જ ધરાય તો;
અપવિત્ર બને તેવી રીતે ચંચળ ચિત્ત આ;
એથી અભ્યાસ જ્ઞાની છોડી દે કદીકાળ ના.

'પરંતુ હોય લોટો જો સોનાનો જ બનેલ તો
મલિનતા નહીં લાગે એને સ્વપ્ને ખરે જ કો.'
રામકૃષ્ણ તણા એવા વિવેકી શબ્દ સાંભળી,
તોતાપુરી વદ્યા કૈં ના, ઉમદા શબ્દ સાંભળી.

પરમાત્માતણી પ્રાપ્તિ જેમને જગમાં થઈ,
નિર્વિકલ્પ દશાકેરી પ્રાપ્તિ તેમ થઈ ગઈ;
સાધના તે કરે કે ના કરે, ધ્યાન સદા ધરે,
અથવા કદા ધરે ના, ના લાભહાનિ ખરે મળે.

અભેદભાવમાં એ તો રોજ મગ્ન રહ્યા કરે
પ્રભુમાં મનની વૃત્તિ એમની સઘળી મળે.

તીર્થરૂપ થયા તે તો થયા સિદ્ધિસ્વરૂપશા,
અભ્યાસ એમને કાજે કોઈ બાકી રહેલ ના.

રસ ચૂક્યા પછી કોઈ શેરડીને ન રાખતાં,
તેમ જે પ્રભુપ્રાપ્તિનો રસ ઉત્તમ ચાખતા,
સાધના પકડી રાખે તે પછી હરરોજ ના,
અથવા પકડી રાખે હાનિ તો પણ લેશ ના.

સ્વભાવ એમનો એવો થયો કે સાધના વિના
રહે ના કદીકાળે એ, ગમતી સાધના વિના.
વધારે જાવ ઊંડે તો મોતી સાગરમાં મળે,
એમ અભ્યાસ રોજીંદો વસ્તુ નૂતનશી ધરે.

સામાન્ય સાધકોને દે એવો અભ્યાસ પ્રેરણા;
અન્યના હિતની રાખે કામના શ્રેષ્ઠ કેમ ના ?
સિદ્ધિ પછીય એથી જો થાય અભ્યાસ નિત્ય તો,
ગેરલાભ નથી કોઈ, દોષ તેમ નથી કશો.

રામકૃષ્ણ થયા પોતે પૂર્ણ પાછળથી છતાં
એમના સાધનાકેરા નિયમો ન ટળ્યા હતા.
બેસતા રોજ એ ધ્યાને સાંજે તેમ સવારમાં,
જગદંબાતણાં ગીતો ગાતા રામપ્રસાદનાં.

કામના એમને કોઈ હતી ના, તોય પ્રેમથી,
સાધના કરતા'તા એ નિષ્ઠા વિશ્વાસ નેમથી.
કાચી દશામહીં કોઈ હેતુથી સાધનાથતી,
સિદ્ધ પૂર્ણ દશામાં એ હેતુ પૂર્ણ જતો મટી.

સ્વાભાવિક થઈ જાયે સાધના શ્વાસથી પછી,
ચેતના જેમ ને જાયે રોમરોમમહીં વસી.
શંકા ના કરવી, એથી સિદ્ધિસાધના તણી,
ગુણગ્રાહી બની રેવું, ભક્તિ હૈયે ભરી ઘણી.

સિદ્ધિ પછીય કોઈયે પ્રમાદી બનવું નહીં,
નિત્ય જાગૃતિ યોગી જ્ઞાનીની છે સખી કહી.

અસાવધ રહો જાગે ભય જીવનમાં જરા,
જ્ઞાનીનેય કરે વ્યગ્ર પછી કૈં ક્લેશતણા કરા.

નાનો પ્રસંગ છે એનો, એને સંક્ષેપમાં કહું;
ઈચ્છું છું દિવ્ય સંતોની સદા છાયામહીં રહું !
એક શાંત સવારે એ જ્ઞાની તોતાપુરી હતા
ધૂણી સમીપ બેઠેલા રાજી અંતરમાં થતા.

પછાત જાતિનો ત્યારે આવ્યો માનવ એક ત્યાં;
અંગારા ભરવા લાગ્યો ચલમે શાંતિસાથ હા !
તોતાપુરી નિહાળીને એને ક્રુદ્ધ થઈ ગયા,
તૈયાર ચીપિયા સાથે મારવા એહને થયા.

અરે મૂર્ખ, કરી દીધી ભ્રષ્ટ ધૂણી સમસ્ત તેં;
વિવેક જ્ઞાન તારામાં સભ્યતા ન લગાર છે !
રામકૃષ્ણ હતા બેઠા એ પ્રસંગે સમીપ ત્યાં;
બોલ્યા પ્રેમ કરી, નાસી ગયું એ બ્રહ્મજ્ઞાન ક્યાં ?

બ્રહ્મને સત્ય માનો છો, તો અસત્ય પદાર્થમાં,
મન દોડી ગયું શાને તમારું ક્ષુદ્ર વાતમાં ?
ક્રોધ વ્યાપી ગયો ભારે, ભેદભાવ થઈ ગયો;
વેદાંતભાવનો જુસ્સો કેમ અદૃશ્ય છે થયો ?

તોતાપુરી થયા ત્યારે શાંત, તેમ વદ્યા અરે,
મન જ્ઞાની તણાંયે હા, બંડ કોઈયે પળે કરે.
અહંકાર નહીં એથી સિદ્ધિનો કરવો ઘટે;
પ્રમાદથી મળી નિષ્ઠા ભૂમિકા જ્ઞાનની મટે.

મહાપુરૂષ પોતાના દોષને ઢાંકતા નહીં,
ગુણો વિશેષતા ભાગ્યે રહેતા સ્વમુખે કહી.
પ્રીતિ આવા પ્રસંગોથી રામકૃષ્ણ પરે બઢી;
ભરતી ચંદ્રથી જેવી રહેતી સિંધુમાં ચઢી.

* * *

## ૧૬. તોતાપુરીને જગદંબાની ઝાંખી

નામ તેનો નાશ એવી લોકવાત કહી,
અર્થ એમાં ગૂઢ એવો સમાયેલ સહી;
મહાપુરૂષોની કથા પણ છેક છે ન્યારી,
રહે કાયમ અમર એ તો મોતને મારી.

કરોડો ભૂલાય, તેમજ નષ્ટ થાય, છતાં,
મહાપુરૂષો ના કદીયે થઈ નષ્ટ જતા,
સૂર્ય, ધરતી, ચંદ્ર, સરિતા, વાયુના જેવાં
નામ શાશ્વત એમનાં રે'તાં વિમળ એવાં.

પ્રદાન કરતા પ્રકાશ જગને ધરે પ્રેરણા,
યુગોયુગલગી નવીન બલ તેમ આપ્યે જતા,
સજીવન કરે અનેક જડને ઉમંગે ભરે
સહાયક વળી અનેક જનને સદાયે થતા.

એવા મહાપુરૂષોની સ્મૃતિ આનંદ આપતી,
નવજીવન આપીને કરોડો ક્લેશ કાપતી.
એટલે પ્રેમથી કાવ્યે સ્મૃતિમાળા કરી રહ્યો,
દ્વિરેફ બનતાં પુષ્પો કૈં સુગંધ ધરી રહ્યો.

રામકૃષ્ણ ખરે માના કૃપાપાત્ર થઈ ગયા,
સાક્ષાત્કાર કરી માનો પૂર્ણ ધન્ય થઈ રહ્યા.
પ્રાર્થના, ધ્યાન, ચિંતા ને વેદના જગવી ઘણી,
વળી લગનથી પામ્યા કૃપા સંપૂર્ણ માતની.

રડે જે જેહને માટે, તેને તે આખરે મળે;
સિદ્ધાંત એ ખરે સાચો, અનુભૂતિથકી ઠરે.
શક્તિ પ્રેમતણી એવી શાસ્ત્રોથી પણ શ્રેષ્ઠ છે;
પ્રભુનેય રહે બાંધી, મરે ના લવલેશ એ.

સાધનાપંથ કાપીને દેવ સિદ્ધ થઈ ગયા,
અન્ય જિજ્ઞાસુને માટે માર્ગદર્શક શા થયા.

માનતા તોતાપુરી ના સગુણ ભક્તિમાં,
તેમ પ્રભુની રૂપવાળી અભિવ્યક્તિમાં;
વાત ના આરાધનાની એમને ગમતી,
ભાવના વેદાંતની બસ અંતરે રમતી.

ગીત ગાતા પ્રેમનાં, પાડી વળી તાળી,
નામસંકિર્તન કદી કરતા ઢબે ન્યારી;
રામકૃષ્ણ અનેક વાતો માતની કરતા,
કિન્તુ તોતાપુરી એને ધ્યાન ના ધરતા.

ગાંડપણની વાત સઘળી માનતા એને,
સમજતા કે ભ્રાંતિ નિર્બળતા વળી તેને;
કહેતા કે માત જેવું કૈં નથી જગમાં,
ભરો આત્માના જ ભાવો તમારી રગમાં.

*

જડ પથ્થર મૂર્તિ માતની, નવ દર્શન તે દઈ શકે;
નવ વાત કરે કદી વળી પદ ઉત્તમ ના ધરી શકે.
ભ્રમણાવશ ભક્ત માનતા પરિપૂર્ણ સ્વરૂપમાં રહી,
પણ બ્રહ્મ વિના હયાત કો' સચરાચર તત્ત્વ છે નહીં.

ભ્રમણા સઘળી તજો હવે, નવ રોદન વ્યર્થ ને કરો;
નભને પકડી શકાય ના સ્વપ્ને પણ બાથ જો ભરો !

પરબ્રહ્મ જ માતતાત છે, પરબ્રહ્મ ગુરૂ બની રહે;
પરબ્રહ્મ જ પંચભૂત ને રગ તેમજ રક્તમાં વહે.
બસ એક જ એ રમે જગે, હૃદયે પણ એક એ રમે;
નિરખે પરિપૂર્ણ એહને નવ તે જન અન્યમાં ભમે.

*

રામકૃષ્ણ પ્રસન્ન ચિત્તે પાડતા તાળી,
ડૂબતા ને નામજપના નશામાં ભારી,
તપસ્વી તોતાપુરી ત્યારે હસી રે'તા
'ઉડાડો છો આમ પંખી ?' વ્યંગમાં કે'તા.

બ્રહ્મ ને જગદંબા ઉભયમાં ભેદ ના કોઈ,
રહો એક સ્વરૂપ બંનેને તમે જોઈ;
બ્રહ્મ શક્તિમાન છે તેથી બને સાકાર,
ભક્ત માટે ગમે તેવો ધરે છે આકાર.

રૂપના જલને, છતાંયે તે બરફ થાયે,
આગમાંથી કૈંક અંગારા બની જાયે;
એમ એ પરબ્રહ્મમાંથી વિશ્વ આ થાયે,
શકે છે ધારી અલૌકિક એમ એ કાયે.

નથી કૈંય અશક્ય એને, ચાહે તે કરવા,
શક્ત છે એ સ્વૈર રીતે વિશ્વમાં ફરવા;
કહેતા' તા વાત એવી રામકૃષ્ણ છતાં,
તપસ્વી તોતાપુરી સંમત જરા ન થતા.

જતા મંદિરમાં કદીયે નહીં દર્શન કાજ,
પ્રાર્થનાના ભાવતા'તા એમને ન અવાજ;
નામરૂપ બધાંય મિથ્યા માનતા'તા એ,
બંધ ઘરમાં સૂર્યકિરણો પ્રકાશ ધરે શે ?

*

એમ દીર્ઘ ગયો વીતી કાળ એ દિવ્ય ધામમાં,
રહ્યા એ શાંતિથી જાણે જડાઈ એક કામમાં.
ત્રણ રાતથકી રે'તા વધુ ના એક સ્થાનમાં,
પરંતુ વાત ના એવી ધરી થોડીય ધ્યાનમાં.

રામકૃષ્ણતણા પ્રેમે બંધાઈ એ ગયા હતા
રામકૃષ્ણતણા સંગે સદાયે ધન્ય શા થતા
વૈરાગી પ્રાજ્ઞ યોગીયે વશ પ્રેમથકી થતા,
સામાન્ય જનની ત્યારે કહેવાય જ શે કથા ?

ગરમી નીકળી ફાટી આખરે એમને તને,
વેદના એહની જાગી ઘોર અગ્નિસમી તને.

ઉપચારમહીં ના એ માનતા, એટલે દવા
કરી ના; ના હશે ફાવી કલકત્તાતણી હવા.
વ્યગ્ર ખૂબ થયા અંતે, દેહને ત્યાગવા થયા
તૈયાર, વ્યાધિ પીડાથી ત્રાસી પુષ્કળ હા, ગયા !

*

તન આ અવરોધરૂપ છે, ઘર વ્યાધિ અશૌચનું વળી;
કરવો બસ ત્યાગ એહનો, નવ જીવવું એહને ધરી.
પરિપૂર્ણ પ્રશાંતિ પામતાં મુજ જીવન ધન્ય મેં કર્યું;
તમ અંતરમાં રહેલ તે તપ તેમજ જ્ઞાનથી હર્યું.

નવ કૈંક પણ કામના રહી, નવ તેમજ વાસના મને;
પરમાત્મસ્વરૂપ પ્રાણ આ, સુખશાંતિ રહી બધે ગણે.

ગરમી નવ શાંત થાય આ, ન વ્યથા પણ એહની મટે;
નવ જીર્ણ શરીરને હવે, વધુ સાચવવું ખરે ઘટે.
તન આજ જ જાહ્નવીજલે, બસ છેક જ શાંત થાય છો;
નવ હર્ષ, ન શોક છે વળી, તન જાય રહે અનિત્ય તો.

*

વિચારીને એમ ચાલ્યા સિદ્ધ એ રાતે,
શાંતિ ને અંધારમાં ગંગાતણા ઘાટે;
મસ્ત સાગરશાં વહેતાં નદીનાં પાણી,
જાગતાં રાતે ય જેવા જાગતા ધ્યાની.

હિમાલયમાંથી પ્રવાસે નિકળેલી એ,
હિમાલયની સાધનાને શાંતિ ઉરની જે,
તે નદીના રૂપમાં જાણે વહી આવી,
સિદ્ધ કૈં યોગીતણા સંદેશને લાવી.

પ્રવેશ્યા તોતાપુરી, આગળ વધ્યા એમાં,
કિન્તુ જલ ગંગાતણું ચાલ્યું ગયું શેમાં ?
ગયા આગળ તોય ના ડૂબી શક્યા તેમાં,
નીર ઘૂંટણથી વધારે ના હતું એમાં

અરે, ગંગા, મત્ત અર્ણવશી વહેતી તું,
આજ ખૂટ્યું નીર મારે કાજ તારું શું ?
ચમત્કાર જણાય કેવો આજ આ તારો ?
દિવ્ય તત્ત્વોનો સદા મહિમા જ છે ન્યારો.

કૈ નહીં, અંધારમાં ના જાણ કોઈને,
મને ના કોઈય બેઠું હજી જોઈને;
જઈ બેસી વૃક્ષ નીચે રોજ જેમ રહું,
વાત કોઈને નહીં આ કદીકાળ કહું.

*

એના વિચારથી ચાલ્યા પાછા તોતાપુરી ફરી;
નક્કી ઘડી વિના સાચે મૃત્યુયે ના રહે મળી.
ઈચ્છે ના તોય આવે એ પાકતાં કાળ એહનો,
ના આવે ઈચ્છતાં એ; ભરોસો શો જ એહનો ?

વિશ્વાસ એહનો હોયે, તોય ના કાળનો કદી;
છૂટી જાયે ઘણા જીવો મોતના મુખમાં પડી.
તોતાપુરી વિચારો એ કરતા ચાલતા જતા;
રામકૃષ્ણ ઊભેલા ત્યાં માર્ગમાં જ અહા, હતા !

'મધરાતસમે ક્યાંથી અત્યારે આવતા તમે ?
અત્યારે તો મહાયોગી જ્ઞાની આત્મામહીં રમે.'
બોલ્યા તોતાપુરી ના કૈં, ત્યારે દેવે કહ્યું ફરી,
જગદંબામહીં શ્રદ્ધા રહો પ્રેમથકી કરી.

એની કૃપાથકી આજે ઊગર્યા કાળથી તમે;
થાય છે જગમાં એ જે માતાના મનને ગમે.
કૃપા એની થતાં સર્વે વ્યાધિ શાંત થઈ જશે.
વ્યગ્રતા, મનની ચિંતા શંકા તેમ મટી જશે.

કેટલે મહિને ત્યારે તપસ્વી શિષ્ય સાથ એ
પ્રવેશ્યા મંદિરે માને, હતો ધન્ય પ્રસંગ તે.
માતાએ પ્રકટી ત્યારે મૂર્તિમાંથી હસી રહી,
શંકા હયાતીમાં એની રહી ત્યારે કશી નહીં

*

સુણતાં સ્તુતિ રામકૃષ્ણની, પ્રકટી મધુ માત એ રહી;
કિરણો રસશાંતિ તેજનાં, નયનો ખૂલતાં રહ્યાં વહી.
ઝરણાં પ્રકટી અમીતણાં, તનથી સઘળે વહ્યે જતાં;
નિરખી રસપૂર્ણ રૂપ એ, અતિ લોચન ધન્યશાં થતાં.

કરુણા, રસ, પ્રેમ, શ્રી, સજી તન મૂર્ત થયેલ હોય ના,
મધુ મંગલ મૂર્તિ લાગતી શુભ સુંદર છેક એમ હા !
કવિ વર્ણન પૂર્ણ શે કરે ? મન કેવળ એ કળી શકે,
પણ શબ્દમહીં કહે નહીં; સુખ કેવળ અંતરે ટકે.

નિરખી રસમૂર્તિ માતની, ઉર ભાવથકી, દ્રવી રહ્યું;
તમ અંતરમાં રહેલ સૌ રવિના ઉદયે ટળી ગયું !

*

દંડવત્ તોતાપુરીએ કર્યા પ્રેમથકી,
અવિદ્યા થોડી ઘણીયે શકી ના જ ટકી;
નયનમાંથી પ્રેમનાં પાણી વહ્યાં કેવાં !
નવા દિલના ભાવભીના કાવ્યના જેવાં !

કહ્યું માએ, ગોઠવેલી મેં જ એ ઘટના,
દૂર કરવા તપસ્વી, તારી જરા જડતા;
કચાશ હતી આટલી તારા મહીં સાચે,
મટી તે મારું હૃદય આનંદમાં નાચે !

કાળ પૂર્ણ થયો હવે તારો, વિદાય થજે,
અન્ય સ્થાને હવે થોડા દિવસમાં જ જજે,
એમ બોલીને વળી અદૃશ્ય માત થયાં
દિવ્ય આશીર્વાદ આપી થઈ દૂર ગયાં.

સવારે તોતાપુરીનો રોગ દૂર થયો,
દિવ્ય દેહ પવિત્ર જાણે મળી નવ્ય ગયો;
હજી ના ઈચ્છા છતાંયે વિદાય થયા એ,
રહી થોડા દિવસ યોગી પૂર્ણ ચાલ્યા એ.

વિદાય સમે આંખ જડ તોયે રડી ભારે,
હ્દય જ્ઞાની તોય હાલ્યું અનેરા પ્યારે;
દૃઢ હતો સંબંધ એવો રામકૃષ્ણતણો,
સ્નેહનો મહિમા અકળ છે ગહન તેમ ઘણો.

* * *

## ૧૭. ભક્તોનો મેળાપ

સ્વાદ શો સંસારમાં, દિવ્ય સ્નેહ વિના રહ્યો ?
શી મજા સુખ શાંતિ કે, રસ પરમ પણ શો કહો ?
સ્નેહ જીવનની સુધા, તેમ જીવન સત્ય છે;
એ થકી આ જિંદગી જગતને સ્વર્ગીય છે.

સુધામય એથી જ છે, પ્રાણ સૌ પ્રાણીતણા;
દેવતાને એ કરું નમન નેહથકી ઘણાં.
ચરાચરમાં વ્યાપ્ત એ, વાસ સૌમાંયે કરે;
બધારૂપે વંદ્ય ને સ્તવનને પાત્ર જ ખરે.

મૂક જીવોને ભરે, નિત્ય એ નૂતન રસે;
બજાવી ઉરબંસરી, કવિજનોમાંયે વસે.
દેવ ને ઈશ્વરમહીં, નવો રસ રોજે ભરે;
બનીને ઈશ્વર બધે, વશ કરે, શાસન કરે.

રમે યોગીમાં વળી મુગ્ધ ભોગીને કરે;
અજ્ઞ તેમજ પ્રાજ્ઞને પરમ સુખ સાચે ધરે.
હોત ના એ સ્નેહ તો, કોણ જીવત આ જગે ?
અરે, આકાશે ફરે પ્રણય પામીને ખગે.

નદી એના સ્વાદથી, સિંધુ પ્રતિ ચાલ્યે જતી;
આણ જે પૃથ્વીતણી મધુરતા ન જતી મટી.
તપસ્વી તોતાપુરી, મુગ્ધ એનાથી થયા;
સંતના પર ના કરે પ્રણય કૈં ખોટી દયા.

રામકૃષ્ણે પ્રેમથી દ્રવીભૂત થયા હતા;
યાદ યોગીને કરી કદીક વ્યગ્ર થઈ જતા
પરસ્પર છે પ્રેમ તો; વ્યાપ્ત એક ઉરે થતાં;
પ્રતિધ્વનિ એના પડી હૃદયમાં બીજે જતા.

*

જે શાંતિ પ્રાપ્ત નિજ અંતરને થયેલી
ને જ્ઞાનજ્યોત પણ જાગ્રતશી થઈ જે,
એથી અનેક જનને સુખ આપવાને,
તૈયાર આતુર થયા ઋષિ પ્રેમથી એ.

છે જિંદગી સફળ એ જનની, કરે જે
સંસારની પણ નિરંતર શુદ્ધ સેવા;
જે અન્યને મદદ દે, જગકાજ જીવે
સાચે જ છે વિરલ દિવ્ય પુરૂષ એવા

એ છે અમૂલ્ય ધન વિશ્વતણા ખજાના,
છે પ્રાણ આ જગતના, વરદાન જેવા;
સ્વામીસમા મનુજ સંસ્કૃતિના વિધાતા,
માતાપિતા જગતના, પ્રભુ દેવ જેવા.

*

અગાસી ઉપર ચઢી, રામકૃષ્ણ રડી રહી,
કહેતા, જિજ્ઞાસુ સૌ મનુજ હે, આવો અહીં
સાધકો, હૈયું હવે તમોને મળવા ચહે,
તમારા વિણ ક્યાં જઈ અનુભવોને એ કહે ?

રોજ કરતા પ્રેમથી પ્રાર્થના માને વળી;
ભક્ત, જ્ઞાનીને રહે અનુભવી મુજને મળી.
મોકલી દે એમને, હવે મારી પાસ તું;
હોય ના પ્યાસી જ તો પરબનો મહિમા જ શું ?

મળી છે સિદ્ધિ મને, કિન્તુ સાધક જો મળે,
પૂર્ણરૂપે એહની, સફળતા સાચે ઠરે.
પ્રાર્થના એ માતના સદ્ય અંતરમાં વસી;
સાધકો આવી રહ્યા વિવિધ ભક્ત વળી પછી.

નિરંજન, રાખાલ ને લાટુ ખ્યાત થઈ ગયા;
'એમ' ને ગોપાલ ને હૃદયને પણ છે કહ્યા.

પહેલેથી હૃદય તો હતો સેવામાં રહ્યો,
ગિરીશ તણો ભાવ તો સહજ ના જાયે કહ્યો.

માનતો ઈશ્વર તણા એમને અવતાર એ;
હતી શ્રદ્ધા એ હતો વિપથગામી તોય તે.
સ્નેહ જે બલરામનો, નાગ મહાશયનો વળી,
તેમ કેશવચંદ્રનો, ત્રિવિધ શાંતિ રહ્યો ધરી.

નાગમહાશયને ગૃહે, રહેવા આજ્ઞા કરી;
પાળતા તે પ્રેમથી, ઘર મહીં જ ગયા તરી.
પ્રેમને વિશ્વાસ શો દિવ્ય દેવ પરે હતો !
ભાવ સેવા ને વળી, પ્રકટ પૂર્ણપણે થતો.

*

માંદા પડેલ ઋષિ એ કદી રામકૃષ્ણ,
ત્યારે ગયા વિપિન ઔષધિ કો'ક લેવા;
પાછા ફર્યા ત્રણ દિને મળતાં દવા એ,
સાચા હતા પરમ સેવક ભક્ત એવા.

ભૂલાય 'એમ' પણ કેમ કરી કહોને,
પ્રખ્યાત માસ્ટર મહાશય નામથી જે;
રે'તા ગૃહે પરમ સંત બની ગયા એ
સંપૂર્ણતાશિખર પૂર્ણ બની ગયા કે.

સેવા કરી અમર વિશ્વતણી લખીને
જેણે પ્રસંગ મધુમંગલ દેવ કેરા;
એ તો થયા અમર શ્રેષ્ઠ ચરિત્રકાર,
ભાવો ભરી સતત અક્ષરમાં અનેરા.

*

નરેન્દ્રતણી યોગ્યતા, યાદ આવે છે વળી;
જે વિવેકાનંદ સફળ નામ રહ્યા ધરી.
જેમની કીર્તિ પછી, વિશ્વમાં વ્યાપી ગઈ;
જેમનાથી દેશની વદનશ્રી ઉજ્જવળ થઈ.

એ અને એવા ઘણાં, ભક્તજન બીજા હતા;
દેવની પાસે રસે પ્રતિદિવસ ભેગા થતાં.
સ્વાદ મધુનો મેળવી, મુગ્ધ મક્ષિકા બને;
મુગ્ધ બનતા તેમ સૌ, રસ લભી પૂરણપણે

રામકૃષ્ણતણો હતો અનેરો જ પ્રભાવ હા !
સ્નેહ તજવા એમનો, હૃદયનું સામર્થ્ય ના.
ભક્ત એ જિજ્ઞાસુને પ્રેમથી વંદન કરું;
શ્રેષ્ઠની જ કૃપા થકી સહજ સાચે મળી.

કૃપાદૃષ્ટિ એમની. શુભાશિષ સૌની ચહું;
રામકૃષ્ણતણી લભી નજર નેહભરી રહું !
બને જીવન ધન્ય આ, સંતની છાયામહીં;
પંથ સાચે શાંતિનો, અવર કોઈ યે નહીં.

પૂર્વના સંસ્કારથી, તેમ લગનીથી ખરી,
સમાગમ સંતોતણો જગતમાં જાયે મળી.
નાવ એ પામ્યા પછી, સિંધુનો ભય ના રહે;
કિનારો પામી ખરો, પરમ સુખ આભા વહે.

* * *

## ૧૮. નરેન્દ્રને ચમત્કાર

આવી ગયા દિન વળી વરસાદ કેરા,
પીયૂષથી સભર, રંગભર્યા અનેરા;
સંદેશ વીજ ધરતી ચમકી જઈને,
ને શાંત કૈંક મધુરા સ્વરથી કહીને.

ના વાદળાં વરસતાં, પણ એ નિહાળી,
પૃથ્વી હસે હૃદયમાં રસશાંતિ ધારી;
પ્રેમીતણા મિલનનાં ખબરે ખરે છે
આનંદદાયક, રસે ઉરને ભરે છે !

દોડી રહ્યો પવન શીતલ મંદ કેવો !
આભારના ધ્વનિ સમો, મધુ મંત્ર જેવો;
એ મેઘદૂતસમ વ્યોમથકી વહેતો,
સંદેશ સ્નેહભર શાશ્વતશા કહેતો.

આવી ગયો ગગનથી વરસાદ ત્યાં તો,
સન્માનનો ગડગડાટ થઈ રહ્યો શો !
આનંદમગ્ન બનતાં, રવિ લીન થાયે,
ઊંડા સમાધિસુખમાં, રસમાં નહાયે.

એવા હશે વિરલ કો'ક જ જે નિહાળી
આનંદતા અવરનાં સુખશાંતિ ભારી;
કોઈકના પ્રખર તાપ મટી જતાં જે,
થાયે સુખી, મરણપ્રાય વ્યથા થતાં ને.

*

રસાળ મેઘના જેવા વિવેકાનંદજી હતા,
નરેન્દ્ર નામથી ત્યારે ખ્યાત મિત્રોમહીં હતા.
દક્ષિણેશ્વરમાં આવ્યા પહેલીવાર પ્રેમથી,
પ્રસિદ્ધ સંતને ત્યાંના જોવાની ફક્ત નેમથી.

રજાના દિન હોવાથી મુલાકાતી ઘણા હતા
રસથી ભર પ્રશ્નો ને વાર્તાલાપ હતા થતા
હતા ઈશ્વરની વાતો કરતા રામકૃષ્ણ ત્યાં,
પલંગ પર બેસીને નાનાશા નિજ ખંડમાં.

સાદો પોશાક ને સાદો ચહેરો, નમ્રતા નરી,
સામાન્ય, મિષ્ટ, વાણી, ને આંખ આનંદથી ભરી.
પ્રભાવ એહનો ભારે, અનેરો પડતો હતો,
પડઘો પ્રાણનો દૈવી દૃષ્ટિમાં પડતો જતો.

સાંભળી વાત થોડી ને નરેન્દ્રે વચમાં કહ્યું,
વચમાં પૂછવા માટે મન છે મુજને થયું.
કરો ઈશ્વરની વાતો આટલા પ્રેમથી તમે,
આત્મા કિન્તુ તમારો એ ખરે ઈશ્વરમાં રમે ?

જોયા ઈશ્વરને કો'દી ? કે વાતો જ કર્યા કરો ?
કરીને શાંત જિજ્ઞાસા, મારા સંદેહને હરો.
મુલાકાતી સુણીને એ મૂઢ જેવા થઈ ગયા,
વધારે પડતા શબ્દો માનીને કૃદ્ધ કો' થયા.

પરંતુ અટક્યા વિના તરત રામકૃષ્ણે કહ્યું,
નસીબ પ્રભુને ખરે નિરખવા મને છે મળ્યું;
તનેય વધુમાં અનંત પ્રભુનું બતાવી શકું
સ્વરૂપ રસથી ભરેલ મધુરું બતાવી શકું !

ગ્રહ્યો તરત એમણે કર નરેન્દ્રનો, ને પછી
ઉતાવળ કરી બહાર શુભ ઓસરીમાં ગયા;
ધર્યો કર નરેન્દ્રને શિર, નરેન્દ્રને ના રહી
લગીર પણ સૂધબૂધ, સ્મૃતિ કાર્યકેરી નહીં !

દિવાલ ફરતી બધી વિપળ એક લાગી, વળી
સમસ્ત સુરતા જતી ક્ષણમહીં જ ક્યાંયે રહી;
બહાર સરિતા વહે, નયન ના નિહાળે છતાં;
રહી પરમ ચેતના અજબ કો'ક પ્રાણે વહી.

*

પામ્યા શરીરસુરતાસુખ દીર્ઘકાળે,
ત્યારે ફરી જગતદૃશ્ય રહ્યા નિહાળી;
બેઠા હતા પરમ ત્યાં ઋષિ રામકૃષ્ણ,
આંખે ભરી જલતણો અભિષેક ભારી.

બોલ્યા પ્રસન્ન ઋષિ હાથ સપ્રેમ જોડી,
સપ્તર્ષિમાં પરમ એક તમે રહ્યા છો;
નારાયણે જ અવતાર ધર્યો તમારો,
છો નિત્યસિદ્ધ, વિભુ, મુક્ત વળી કહ્યા છો.

જન્મ્યા તમે જગતમંગલકાજ સાચે,
એ જાણતાં હૃદય ભાવભરેલ નાચે;
બોલ્યા વળી નયન નેહથકી પલાળી,
સામાન્ય ભાવ બસ માનવ જેમ ધારીઃ

*

કેટલા કાળથી તારી પ્રતીક્ષા કરતો હતો,
વ્યગ્ર પ્રાણ મળી બીજા દુન્યવી લોકને થતો.
કેટલે વખતે આવ્યો, ફરીથી મુજને મળ્યો !
પ્રસન્ન આજ તેં મારા પ્રાણને રસથી કર્યો.

વ્યથા આજ શમી મારી; મળશે રોજ તું મને,
નક્કી એમ કહે, જેથી નિરખું નેહથી તને.

નરેન્દ્રે આવવા માટે રવિવારે વળી કહ્યું;
રામકૃષ્ણતણું ત્યારે મન શાંત થઈ રહ્યું.
ફરીથી ખંડમાં આવ્યા, ઉપદેશ વળી ધર્યો,
સુધાસીંચનથી કૈંના, ઉરના તાપને હર્યો.

*

મનમહીં ક્ષણવાર નરેન્દ્રના, વિવિધ ભાવવિચાર ફરી વળ્યા;
પરમહંસ કહે સહુ આમને, પણ હશે નવ ગાંડપણે ભર્યા ?
વચને જ્ઞાન વિવેકથી ભર્યા, ત્રુટિ ન વર્તનમાં પણ છે કશી;
સરળ છે શિશુશા, મનથી રહ્યા સતત છે પરમાત્મમહીં વસી.

ખબર ના પણ કૈં મુજને પડી, તરત કેમ સમાધિ મને થઈ;
પ્રબળ જાદુ કર્યું નવ એમણે, વશ મને પરિપૂર્ણ કરી દઈ ?

નવ હવે વધુ આવવું આ સ્થળે મન વિચાર કર્યો જલદી; છતાં,
હૃદય પ્રેમપ્રફુલ્લ બની રહ્યું, કમળ જેમ કળા રવિની થતાં.
પ્રણય પૂરવ જીવનનો કદી, નવ મરે, ન ટળે, નવ કે ઘટે;
મધુર અંકુર ના ટકતો ભલે, પણ ન અંકુર કર્મતણો મટે.

*

ઈચ્છા હતી મધુર મંગલ માતની કે
શક્તિ લભે પરમ દિવ્ય નરેન્દ્ર ભારે,
કલ્યાણમાર્ગ જગને પણ તે બતાવે,
પોતે તરે મનુજ તેમ અનેક તારે.

એ કાર્યમાં મદદરૂપ થવા મળેલા
શ્રી રામકૃષ્ણ હજુ તો હમણાં જ એને;
અધ્યાય એ સુખદ હાલ શરૂ થયેલો,
સંપૂર્ણ અંતલગ એ અટકે જ શેણે ?

એકાંતવાસ ગિરિગહ્વરમાં રહ્યાથી,
દોડી સુદૂર સ્થળ તીર્થમહીં જવાથી,
પ્રારબ્ધ કર્મફળ કે ન ટળી શકે કો',
મૌની બન્યે, જગ તજ્યે, તપસી થવાથી.

નક્કી પળે પથ કરી સઘળે રહે એ,
દે હર્ષશોક-સુખ કે દુઃખને ધરે છે;
મેળાપ ને વિરહ દે જય તેમ હાર,
પૂરું થયે જ પરિપૂર્ણપણે ટળે છે.

* * *

## ૧૯. નરેન્દ્ર પ્રત્યેનો પ્રેમ

હૃદય પ્રેમ જે રામકૃષ્ણને અતિ નરેન્દ્ર માટે રહ્યો હતો,
કવિ કળી શકે કેમ પ્રેમ તે ? દિવસરાત એ તો વધ્યે જતો.
પ્રણય વર્ણવી ના શકાય એ, નવ મળે વળી જોડ એહની;
મધુર છે છતાં રોજ ના ઢળે સુખદ, શાંતિદા ધાર મેહની.

ગહન સિંધુ કેવો વિશાળ છે ! પણ રહેલ ખારાશ એ મહીં;
કદીક ઓટ આવે ભરાય એ, પ્રણય સામ્ય છે એમહીં નહીં.
રસભરી સુકાયે છતાં નદી, જલ સદાય સીમામહીં વહે;
ઝરણ મિષ્ટ ને ચારુ છે છતાં, મલિન ગંદકીથી થઈ રહે.

અમર આભ આભાસરરૂપ છે, ચલિત થાય છે ફેરફારથી;
કમલપુષ્પ સોહે સુવાસથી, પણ ટકે નહીં કાળમારથી.
ઉપમાં નવ સત્ય પ્રેમની, જડતી જગમાં ખરે જ આ;
શ્રમ સર્વ સદા કરે છતાં, કવિ પૂર્ણ કહી શકે જ ના.

ધરતી સઘળી મપાય ને ગ્રહનો ય પમાય ભેદ છો,
નવ તોપણ ભેદ પ્રેમનો સમજે પરિપૂર્ણ ગૂઢ કો'.
ઉપમા કવિએ ધરી બધી, નિજ ભાવ બતાવવા ખરે;
મહિમા જલબિંદુમાં નહીં સ્વપ્ને પણ સિંધુનો મળે.

મળવા નિત એ નરેન્દ્રને તલપાપડશા થઈ રહ્યા;
નવ પ્રાણ જ હોય એમ એ અતિ આર્ત ઉરે થઈ ગયા.
કથતા કદી ભક્તને અરે, ઘર જાવ નરેન્દ્રને કહો
મુજ અંતરકાજ એહને ન હાથ રહી શકે અહો !

*

વસ્ત્ર નીચોવાય જેવું હૈયું મારું તેમ આ,
સતત નીચોવાય, રોવે લાગણીથી છેક હા !
દઈ દો સંદેશ એને પ્રેમથી મારો તમે,
મળ્યા વિણ એને મને ના ચેન, ના કૈંયે ગમે.

સાંભળીને શબ્દ એવા પ્રશંસા કોઈ કરે,
ધન્યવાદ નરેન્દ્રને દે, કો'ક સંદેશે ધરે;
કહે કોઈ ભાગ્ય જ્યારે દિવ્ય કોઈનું બને,
સંત ત્યારે કો'ક જનને, ખરે પોતાનો ગણે.

*

ખબર મેળવીને નરેન્દ્રને વિવિધ ભાવ તર્ક શા થતા !
જલધિમાં તરંગો વળી નભે જલદ આવતા જેમ ને જતા.
પ્રણય શો વળી સંતના ઉરે ? લગન શી વળી આટલી બધી ?
વિસ્મૃતિ એમને સત્યની થશે, લગન પ્રેમ એ જો જશે વધી.

વચન એટલે દેવને કહ્યાં, લગન આટલી છાજતી નહીં;
ગતિ થશે નહીં અંતકાળ જો મન જશે મહારામહીં રહી !
હરણમાં થયા મુગ્ધ તો લભ્યા ઋષિ પવિત્રના ધામ શ્રેષ્ઠ એ;
સ્મરણ એ કથાનું થતાં મને, પ્રબળ વ્યગ્રતા, શોક થાય છે !

પ્રભુપદે જ એકાગ્રતા કરો, મન ન રાખશો માનવી મહીં;
વચન એ સુણી રામકૃષ્ણના હૃદયમાં રહ્યા ભાવ શા વહી !
નિતનિર્મળ રામકૃષ્ણ એ, જલદી મધુમંદિરે ગયા;
શિશુ જેમ જ હૈયું ખોલતાં, વચનો સહુ માતને કહ્યાં.

જનની સ્વર સાંભળી વળી, સ્મિત સાથ નરેન્દ્રને કહ્યું :
નવ સત્ય કહ્યા વિચાર તેં નવ સત્ય ખરે જ તે ગ્રહ્યું.
શુભ સંમતિ માતની મળી, નવ કૈં પણ દોષ પ્રેમમાં;
તમ પાવક પાસ ના ટકે, વસતી ન અશુદ્ધિ હેમમાં.

વચનો જનની તણાં સુણ્યાઃ તુજ ચિત્ત સમાધિમાં મળે,
પરમાત્મમહીં અનંત; ક્યાં પણ જાગ્રતિ પામતાં ઠરે ?
જન સાત્ત્વિક દેખતાં જગે, સુખ ઉત્તમ એહને મળે;
વધુ નિર્મળ આત્મ દેખતાં, વધુ પ્રેમ પવિત્ર જે કરે.

નિરખતાં સદાયે નરેન્દ્રને, પ્રબળ લાગણી એટલે થતી;
ત્રુટિ ન એમહીં લેશ છે રહી, નદનદીતણી ઊર્મિ ના જતી.
ગતિતણી ન શંકા જરી રહી, ગતિ તને સદા શ્રેષ્ઠ છે મળી;
દિન તમિસ્રવાળો બને છતાં; તમ શકે નહીં પ્રાણને હરી.

વચન એ સુણી માતનાં હવે, નવ જરાય શંકા કરીશ તું;
ભય ન રાખતો; મોહક્લેશના વમળમાં કદી ના પડીશ હું !
વચન એ સુણીને નરેન્દ્રને, નવલ તેજરશ્મિ ગયાં મળી;
પણ ન લાગણી રામકૃષ્ણની ગહનશી શકાઈ ખરે કળી.

ગહન લાગણી ખૂબ એ હતી, હૃદયમાં વહેતી નદી સમી;
સલિલબિંદુ એનાં પવિત્ર શાં વચનમાં રહેતાં હતાં રમી.
નવ હોય જ સ્નેહ સંતનો હૃદયે જન અન્યકાજ જો,
જન ક્લેશમહીં રમી રહ્યા, તરવાને સમર્થ થાય તો.

કરુણા નવ શ્રેષ્ઠ જો કરે, નવ તેમજ ભાવથી ભરે,
પ્રજળે ક્યમ શોકમોહે તો ? જનનાં ક્યમ દર્દ ને ટળે ?
નિજ અંગસમાન માનતાં, જન શ્રેષ્ઠ કૃપા કરે સદા,
ભય કૈં પણ તો રહે નહીં, જન જાય ભવે તરી તદા.

સુખકારક પુણ્યકર્મનો પરિપાક પવિત્ર થાય જો,
શુભ સંગ મહાપુરૂષનો મધુ પ્રેમ વળી પમાય તો.
જન એ બડભાગ છે ખરે, લભતા સુખ જે મહાનના
શુભ સુંદર સંગની મહીં, ભરતા રસ દિવ્ય પ્રાણમાં.

ખબર પૂછતાં કૈંક ભક્તને, વચન એક ભક્તે બુરાં કહ્યાં:
જળ નરેન્દ્રની જિંદગીતણાં મલિન છેક માર્ગે વહી રહ્યાં.
મલિન માર્ગ એણે ગ્રહ્યો હવે, બહુ કુટેવ એને પડી ગઈ;
પ્રથમશો નથી શુદ્ધ એ હવે, વ્યસનમાં પડ્યો છાકટો થઈ.

વચન સાંભળી રામકૃષ્ણ એ, તરત રોષભીના થઈ ગયા;
મલિન થાય કો'દી નરેન્દ્ર ના; પ્રખર શબ્દ વિશ્વાસના કહ્યા
નવ કદીય એ ભાન ભૂલશે, પથ ન ચૂકશે છાકટો બની;
પરમ મુક્ત ને બુદ્ધ એ સદા, વિમલતા ભરી ચિત્તમાં ઘણી.

જગતકાજ છે જન્મ એહનો હિત જશે ઘણા લોકનું કરી;
પ્રથમથી થઈ જાણ છે મને, નવ કહો મને શબ્દ એ ફરી.
મધુ મંગલ ધન્ય પ્રેમ એ, વચનો પણ ધન્ય પ્રેમનાં;
કવિ ગૌરવગીત ના પછી ક્યમ ગાય અનેક એમનાં ?

વરદાન સમાન પ્રેમ એ પળવાર લભે મનુષ્ય જે,
ક્યમ થાય કૃતાર્થ ના કહો, રસરૂપ સુધાસ્વરૂપ તે ?
વચનો પ્રિય રામકૃષ્ણનાં, રસ સાથ નરેન્દ્ર સાંભળી,
સુખ અંતરમાં લભી રહ્યો, નયને જલબિંદુડા ભરી.

સુત, માતપિતા, ન ભ્રાત કે ભગિની પણ પ્રેમ આટલો,
ન હશે કદીકાળ રાખતા, સુહ્રદો પણ ભાવ આટલો !
સ્મૃતિ એક પ્રસંગની કરી, રસ અન્ય પ્રકારનો ધરું;
ગુણ શ્રેષ્ઠતણા અનંત છે, કવિતા પણ એકની કરું.

નિત નરેન્દ્ર ત્યાં આવતો છતાં, નવ નિહાળતા રામકૃષ્ણ, ને
નવ જરાય બોલાવતા વળી, ખબર પૂછતા ના લગાર કે.
નિત નરેન્દ્ર આવે છતાંય ત્યાં; દિવસ એમ કૈં મૌનમાં ગયા !
વચન રામકૃષ્ણે નરેન્દ્રને ત્રણ દિનો પછી પ્રેમથી કહ્યાં:

'વચન ના કહું - ભાવ ના ધરું, નવ ખરાબ લાગે તને અહીં ?'
'નવ ખરાબ લાગે મને જરા,' વચન એ રહ્યો સ્નેહથી કહી.
રસ મળે મને, શાંતિ થાય છે, નવલ પ્રેરણા, ચેતના, મળે;
સતત એટલે આવતો અહીં; મન વિચાર બીજા ન કૈં કરે.

પ્રણય પૂર્ણ એવો નરેન્દ્રનો નિરખતાં વદ્યા રામકૃષ્ણ એ;
સફળ તું કસોટીમહીં થયો, હ્દય દિવ્ય તારું મહાન છે !

* * *

## ૨૦. રામકૃષ્ણદેવની કસોટી

નરેન્દ્ર શિષ્ય કે પ્રેમી રામકૃષ્ણતણો થયો,
કસોટી તે પહેલાં એ એમની કૈં કરી રહ્યો.
શંકાશીલ સ્વભાવે એ બૃદ્ધિવાદી હતો વળી,
કસોટી સર્વની રે'તો સદા બુદ્ધિથકી કરી.

બે પ્રસંગ કહું એના પુરાવારૂપ આજ હું;
હેતુ સિદ્ધ બને અલ્પે, વધુની તો જરૂર શું ?
દક્ષિણેશ્વરમાં દૈવીસ્થાન પંચવટીતણું,
શાંત, એકાંત, ગંગાને કિનારે શોભતું ઘણું.

કરવા ધ્યાન ત્યાં ભક્તો વારંવાર જતા હતા,
સાધકોને અનેરા ત્યાં પરચા મળતા હતા.
હવા ત્યાંની હતી એવી મધુરી કે જનારને,
આનંદ આવતો ભારે, ત્યાં જિજ્ઞાસુ થનારને.

મહાતીર્થમહીં એ યે પેટાતીર્થ થયું હતું,
આંખનું પદ્મ જે રીતે મુખપદ્મ મહીં થતું.
એકવાર સુખે ત્યાં શ્રી રામકૃષ્ણ રહ્યા ફરી,
ડૂબી ભાવમહીં વાતો 'પ્રેમ કેરી' રહ્યા કરી.

એમના ખંડમાં ત્યારે ભક્ત કોઈ હતા નહીં,
નરેન્દ્ર એકલો આવ્યો ત્યારે એ ખંડની મહીં.
રૂપિયો એક એણે ત્યાં સંતાડ્યો ગોદડાં મહીં,
પથારીમાં; મળી તેની માહિતી અન્યને નહીં.

આંટા મારવા માંડ્યો શાંત ખંડ મહીં પછી,
થઈ ન હોય જાણે કૈં પરિસ્થિતિ નવી કશી.
ધનના સ્પર્શથી ભારે દુઃખી, દેવ જતા થઈ;
વીંછીના ડંખથી તીખી રહેતો વેદના દઈ.

કસોટી વાતની એવી કરવા માગતો હતો;
સંદેહ એહને એવી હકીકતમહીં થતો.
એટલે અજમાવેલી યુક્તિ આ એહણે ખરે;
બુદ્ધિવાદી કહો શું ના શંકાશીલ જગે કરે ?

એટલામાં પધાર્યા ત્યાં ખંડમાં રામકૃષ્ણ એ;
પથારીને અડ્યા ત્યાં તો પાડ્યો પોકાર એમણે.
ઊઠી ગયા પથારીથી, કરાવી સાફ એહને,
વેદનાની કડી ત્યારે મળી સંપૂર્ણ એમને.

ગોદડાંને ઉપાડ્યાં તો રૂપિયો મધ્યમાં મળ્યો,
સંદેહ સર્વ ભક્તોનો ત્યારે પૂર્ણપણે ટળ્યો.
નરેન્દ્રની મટી શંકા, દ્રઢ શ્રદ્ધા થઈ વળી;
સંદેહ ના પછી કો'દી જિંદગીમાં રહ્યો કરી.

કબૂલી ભૂલને એણે, પ્રશંસા દેવની કરી;
પદાર્થપાઠ એને તો મૂલ્યવાન ગયો મળી.
સાંભળી વાત એ રોષે ભરાયા રામકૃષ્ણ ના;
નરેન્દ્ર કાજ હૈયામાં હતો પ્રેમ અનંત હા !

બીજીવાર રહેલો એ રાતે એ દિવ્ય સ્થાનમાં,
જાગ્યો વંટોળિયો ત્યારે એહના શાંત પ્રાણમાં.
રામકૃષ્ણ ઊઠી ત્યારે મધરાતે જતા હતા,
શાંત પંચવટી નીચે જઈ ધ્યાનસ્થ તે થતા.

વિચાર એહને આવ્યો દેવ કે રોજ જાય છે
પત્નીની પાસ આ રીતે, ખાતરી આજ થાય છે !
રહેતાં શારદાદેવી વચ્ચેના જ મકાનમાં;
માહિતી સઘળી આવી એના સત્વર ધ્યાનમાં.

વિચારો કૈં કરી અંતે એ દિશાપ્રતિ એ ગયો;
મેળાપ કિન્તુ માર્ગે શ્રી રામકૃષ્ણતણો થયો !
સીધા પંચવટીમાર્ગે ચાલ્યા એ આવતા હતા;
નરેન્દ્રને નિહાળીને ઊભા વિસ્મિતશા થતા.

નરેન્દ્ર ના વદ્યો કૈંયે, કિન્તુ એ ઋષિએ કહ્યું,
તારી શંકાથકી કાંઈ દુઃખ ના મુજને થયું.
મનુષ્યનો વધારે છે શંકાશીલ સ્વભાવ આ;
વધારે ભાગના લોકો રહ્યાં ચંચળ ચિત્તના.

વિચારો લાખ આવે છે ચિત્તમાં તેમ જાય છે;
લાગણી ને વિચારોને માનવી વશ થાય છે.
સંયમી હોય કોઈ તે જીતી લે એમને વળી;
શાંતિ એવા મનુષ્યોને રહે છે સુખ કે મળી.

એમના અંતરે દૈવી સ્વર્ગનો રસ જાગતો;
પ્રકાશ એમને કેવો સઘળે દિવ્ય લાગતો !
પરીક્ષા કરવી સારી, કરવા ગુરૂ એ પછી;
તારી પદ્ધતિ એ સાચે જ મારા અંતરમાં વસી.

નરેન્દ્રને લઈ આવ્યા ખંડમાં એમ એ કહી;
લજ્જાવશ શક્યો બોલી ત્યારે એ અક્ષરે નહીં !
કસોટી કરવી કો'દી ગુરૂની ના ઘટે ખરે,
મહત્ત્વની લઈ લેવી કામની વસ્તુ જે મળે.

દેખવા દોષ પોતાના, લાભ એથી જ થાય છે;
વિવેકી શ્રેષ્ઠ પાસેથી લઈ જે ગુણ ગાય છે.
નરેન્દ્રનો પછીથી તો ભારે પ્રેમ વધી ગયો;
પ્રવાહ જળનો જેવો વધી જ સરિતા થયો.

સ્વભાવના પ્રકારો ને આ પ્રસંગ કહી રહ્યા;
ભક્તિભાવે જ કે પ્રેમે એમને કાવ્યમાં કહ્યા.

* * *

## ૨૧. નરેન્દ્રને જગદંબાનો સાક્ષાત્કાર

હવે એક બીજી વાત કહું, ભાવ તેમ રસથી ભરપૂર;
ભાવિક જન સૌ સુણી એહને, થઈ જશે પ્રેમે ચકચૂર.
યાદ આવતાં કથા મધુર એ, રોમાંચ થઈ જાય મને;
ભાવવિભોર બને અંતર ને, રમતો પ્રાણ પ્રસન્નપણે.

મૃત્યુ થતાં પ્રેમાળ પિતાનું, ચિંતા ઘરની વધી ગઈ,
જવાબદારી નરેન્દ્ર માટે વળી વધારે ગાઢ થઈ.
ગરીબીતણો પાર હતો ના, જેમતેમ જીવન ચાલે;
ઘણીવાર તો એમ થાય કે ભોજન ના મળશે કાલે.

કષ્ટક્લેશના દિવસ હતા એ, મુસીબતોની સર્વ હતી પળો;
નરેન્દ્ર ભારે પડે વિચારે, થતો એહને શોક ખરો.
બી. એ. થઈ નોકરી માટે, પ્રયાસ ખૂબ કર્યા એણે,
દેવી કિન્તુ સફળતા કેરી ના ચહતી વરવા એને.

માતા ને ભગિનીને માટે, કૈંક ઘટે ઉદ્યમ કરવો;
પરંતુ કૈં ઉદ્યમ ના મળતો, દોષ રહ્યો કોને ધરવો ?
શ્રદ્ધા ઈશ્વરનીયે ભારે મુસીબતે નાખી મારી;
રહીસહીયે ધર્મભાવના દલીલની આગળ હારી.

દયાળું ઈશ્વર ખરે હોય તો, દુઃખ કેમ ના દૂર કરે ?
માતપિતા સાધારણ તો પણ, શિશુને સુખ ને શાંતિ ધરે.
એવા ઈશ્વરથી જીવનમાં કહોને કયો હેતુ સરે,
જે ક્ષુધાર્તને અન્ન ન આપે, દુઃખમુક્ત ના આર્તને કરે ?

વિધવાનાં જે આંસુ લુછે ના, અનાથને ના દે આધાર,
પ્રેષિતકેરો સાદ સુણે ના, કરે નહીં પીડાથી પાર.
અન્યાય કરે દૂર નહીં જે, અત્યાચાર મટાડે ના;
વ્યથા અડે ના જેને જનની, સુણે મૂક પોકારો ના:

પ્રસાદને આરોગે કેવળ, પૂજાને સ્વીકારે રોજ,
મંદિરમાં જ રહે જે રાજા, પ્રકટે જો ભક્તિ સ્તવે તો જ:

એ ઈશ્વર ના પસંદ મુજને, એ ધર્મમહીં ના માનું;
મારો ઈશ્વર, ધર્મ જનોનાં દૂર કરે સંકટ, જાણું.

નથી મને ફિલસુફી, ચર્ચા, શ્રદ્ધા કોરા ધર્મમહીં,
જીવનને જે કામ ન લાગે તેનું મારે કામ નહીં.
વિચાર એવા વ્યક્ત એહણે કર્યા મિત્રમંડળ પાસે;
કહી રહ્યા કોઈ કે તુજમાં આસ્તિકતા ન જરા વસે.

અરે દીનતા ! મનુષ્યની તું કેવી દીન દશા કરતી ?
રંક કરી દે બહારથી ને અંદરથી ભ્રમણા ભરતી.
તનને તો તાવે પણ મનને, અનેક રીતે અસર કરે;
સદ્ગુણ સંયમ શીલ હણી લે, વિચારમાં પણ ક્રાંતિ કરે.

ધરતીકંપ કરી દે હૈયે, ઉલ્કાપાત કરે ભારે;
લાવારસથીયે રસ તીખો છોડીને મનને મારે.
ખરે ગરીબી ! બની જાય તું આશીર્વાદ સમાન કહીં,
ઘડે જિંદગી, પ્રકાશ આપે, સહચરીસમી ક્યાંક રહી.

પરંતુ વિરલા કો'ક જ તારી છાયામાં પણ સ્વસ્થ રહે,
કો'ક જાતને રહે સાચવી, કોઈ શાંતિ અનંત લહે.
મન મંગલ એકાદ જ કોઈ, રાખે, તુજને પ્રાપ્ત કરી;
ઉપયોગ કરી કોઈ તારો, રહે પ્રગતિનાં કદમ ભરી.

નરેન્દ્ર એવા ધન્ય જનોમાં વિરલ ધન્ય સાચે જ હતો;
દીનતા હતી ભારે તોપણ, નીતિતણા પંથે જ જતો.
શીલતણી પ્રતિમા જ હતો એ, સંયમની મૂર્તિ જ વળી;
પ્રતીક પૂરણ પવિત્રતાનું; ગયો નહીં લવલેશ ડરી.

દીનતામહીં ઘર આખુંયે દિવસોથી પણ ગ્રસ્ત હતું;
હાલી જતો હૃદયમાં એથી, ભારે એને દર્દ થતું.
મહાનનાં હૈયાં પોતાનાં પર્વત જેવાં કષ્ટ સહે;
રજશાં દર્દ અન્યના દેખી રડે પરંતુ, ન હાથ રહે.

વિશેષતા છે એ જ એમની; જૂઓ, સૂર્યમાં વરસે લહાય,
ધરતીનો પણ તાપ નિહાળી, અસ્ત થાય છે દેવા છાંય.

વરસાદતણા દિવસ હતા એ, નરેન્દ્ર આજે ખૂબ ફર્યો,
સંદેશો ના કિન્તુ એહને ક્યાંય નોકરીકાજ મળ્યો.

અંતે નિરાશ થાકી બેઠો, કોઈ ઘરની પાસ જરા;
ખિન્ન પ્રાણ પીગળવા લાગ્યો, પડ્યા આંખતી અશ્રુકરા.
એને થયું જગતમાં મારું, કોઈયે ન હિતેચ્છુ ખરે;
ક્યાંયે આ સંતપ્ત હૃદયને, ઠરવાનું ના ઠામ મળે.

અંધકાર છે ચારેપાસે, ચપલા ચમકે આશતણી,
પરંતુ તે પણ ચાલી જાયે, અચિંત્ય કોઈ સ્થાનભણી.
અંતરમાંથી ત્યાં તો એના, કોઈએ સ્મિત સાથ કહ્યું;
રામકૃષ્ણ છે હિતેચ્છુ તારા, આસન તારું ત્યાં જ રહ્યું.

બહાર રાત પડી પણ એને પ્રકટ્યો અંતરે દિવ્ય પ્રકાશ;
રામકૃષ્ણને મળવા ચાલ્યો, એ અવાજથી ધારી આશ.
રામકૃષ્ણની પાસે આવી, કહી ટૂંકમાં સઘળી વાત;
જાણી ગયા દેવ અંતરને; અંતર્યામી એ સાક્ષાત !

કહ્યું એમણે, માનતો નથી જગદંબાને તું ભાઈ !
નહિ તો સંકટ ટળી જાય, ને રહે નહીં ક્લેશે કાંઈ.
જગદંબા છે દયાળુ સાચે, પ્રતિમા તેમજ પ્રેમતણી;
આશ્રય લે તો દુઃખ દર્દને, સદ્ય નાખશે સર્વ હણી.

અન્નવસ્ત્રની ચિંતા મારી માતાને ના લેશ રહે;
જગદંબાની પાસ જઈને, આજ રાત તું એમ કહે.
ખરી પ્રાર્થના સાંભળશે એ, અભિલાષા પૂરી કરશે;
કૃપા થશે એની તો તારું નસીબ સઘળુંયે ફરશે.

જગદંબાને ના માને તું, પરંતુ એ છે સત્ય ખરે;
હોય ભાવના, ભાવ ભક્તમાં, તો પ્રકટી, પ્રત્યક્ષ મળે.
એમ કહીને દેવે એને, કર્યો મંદિરે તરત વિદાય;
શ્રદ્ધા એની જગાવવાને, કરી પૂર્ણ પોતે ન સહાય.

નરેન્દ્ર દેવીમાં ના માને, તોપણ દેવી પાસ ગયો;
માનવ શું ના કામ કરે, જો કાળ હોય પ્રતિકૂળ થયો ?

આશા ને લાચારી બંને, પરવશ માનવને કરતી;
ગમે નહીં તે માર્ગે જનને ચલાવતી, પગલી ભરતી.

મંદિરમાં ના પ્રતિમા કિન્તુ જગદંબા સાક્ષાત હતી;
રૂપરૂપના અંબારસમી, પ્રકાશથી પરિપૂર્ણ થતી.
સુવાસ એના શરીરમાંથી પ્રસરી કેવી દિવ્ય રહી !
સુંદરતા, શુચિતા, મંગલતા, મધુરતાતણો અંત નહીં !

સ્વરૂપ એ સુંદર દેખીને, ચકિત ખરે જ નરેન્દ્ર થયો;
જગદંબાના અસ્તિત્વતણો, દૂર થઈ સંદેહ ગયો.
રામકૃષ્ણની વાતો એને, સઘળીયે સાચી લાગી;
મિથ્યા માની કૃપા માનતો, ભ્રમણા એ દીધી ત્યાગી.

ખુલ્લી આંખે નિહાળતો'તો, સુધાથકીયે સ્વાદુ સ્વરૂપ;
અનુભવ જો અપરોક્ષ મળે તો, વિતર્ક બધા થાયે ચૂપ.
શોક મટ્યો, ચિંતા ચાલી, ને નવજીવનવીણા વાગી;
ઉદય થાય ચંદ્રતણો તેવો, ચંદ્ર રહ્યો હૃદયે જાગી.

સુષુપ્ત સૌ સંસ્કારો જાગ્યા, ઊર્મિતણા તારા ટમક્યા;
કરુણ ભાવો કૈંક અંતરે, ચપલાની પેઠે, ચમક્યા.
અચાનક પડે વર્ષા તેવાં, લોચનથી રસબિંદુ પડ્યાં;
હૈયું કાં ના હાલી ઊઠે વાદળ પણ બેચાર રડ્યાં !

મધથી મીઠાં વચનો રેલી, જગદંબાએ ત્યાં જ કહ્યું;
પ્રસન્ન છું. માંગી લે તારા ચિત્તમહી જે હોય રહ્યું !
કામના બધી પૂર્ણ કરીને, કરીશ ધન્ય ખરેખર આજ;
મારે માટે મુશ્કેલ નથી, આ જગમાં કોઈયે કાજ.

જ્ઞાની તપસી ને યોગીને, દુર્લભ મારું દિવ્યસ્વરૂપ,
આજ બતાવી રહી તને હું, રસાળ રંગભરેલું રૂપ.
કર્યો વિચાર નરેન્દ્રે ત્યારે, નશ્વર છે સઘળો સંસાર;
બંધાઈને માનવ એમાં, કષ્ટ ભોગવે અપરંપાર.

મમતા એવી વળી વાસના, બંધન દર્દતણું છે મૂળ;
વિષયોની તૃષ્ણા જીવનને, નાખી દે પીડાને પૂર.

*

વિચારી વદ્યો એ વિવેકી થઈને,
નમસ્કાર ભાવે ભરાઈ કરીને,
નમાવી વળી શીશ સપ્રેમ માને;
ધરો પ્રાર્થના માત હે આજ ધ્યાને.

પ્રકાશે ભર્યું રૂપ દૈવી નિહાળી;
અનેરો મને પ્રેમ ને હર્ષ થાયે;
સુધાથી છલેલા સુણી શબ્દ મીઠા,
મટી શોક ચિંતા વળી મોહ જાયે.

મળે શાંતિ ને થાય આનંદ વર્ષા,
સુખી થાય છે તેમ આ પ્રાણ મારો;
થઈ ધન્ય છે જિંદગી એમ લાગે,
સરે સૂર સંગીતકેરા હજારો.

કહ્યું માગવા કિન્તુ માગું કહો શું ?
તપસ્વી નથી તેમ જ્ઞાની ખરે હું;
છતાં રૂપ જોઈ મને પ્રેમ જાગે,
પદાર્થો બધા વિશ્વના શુષ્ક લાગે.

વિનાશી નથી માગવી વસ્તુ કોઈ,
નથી આ ઘડી નાંખવી એમ ખોઈ;
બધી યોનિમાં ભોગ આવી મળે છે,
વિવેકી કદી પ્રીતિ એની કરે છે ?

તરી જાય સંસારને જ્ઞાનવાળા,
વિવેકી વળી પૂર્ણ વૈરાગ્યવાળા;
ખરી ગાઢ ભક્તિ તથા પ્રેમ જાગે,
ન તો પંક સંસારનો લેશ લાગે.

મળે સંતનો સંગ તો ભીતિ ભાગે,
ભરાઈ રહે પ્રાણ સંપૂર્ણ રાગે;
મટે મેલ ને ચિત્ત ચોખ્ખું બને આ,
પછી બંધનો અજ્ઞતા કૈં રહે ના.

મને એ જ ભક્તિ તથા જ્ઞાન આપો,
દઈ પૂર્ણ વૈરાગ્ય ને કષ્ટ કાપો;
તમારો જ દો પ્રેમ હૈયે સદાયે,
તમારા વિના અન્યના કૈં સુહાયે.

તમારા સ્વરૂપે રહું ભૃંગ જેવો
સદાયે ભમી ને રમી મસ્ત એવો;
તમારી સુધામાં સદા સ્નાન થાયે,
તમોને તજી પ્રાણ ના ક્યાંય જાયે.

મને એજ દો દાન ભાવે ભરાઈ,
નિહાળું તમોને ધરાઈ ધરાઈ;
નથી અન્ય કો' ભોગની આશ સાચે,
તમારા રસાસ્વાદથી પ્રાણ નાચે.

કૃપાના બનો મેઘ, ને મેઘથીયે
વધારે કૃપાની ધરો મિષ્ટ ધારા;
અમીપાનને માસ બારે કરાવો,
બને ધન્ય અંગાંગ મીઠાં મહારાં.

બને મુગ્ધ અબ્ધિ શશીને નિહાળી,
ધરે રાતરાણી વળી વાસ ન્યારી;
બને મુગ્ધ આત્મા તમોને ય ભાળી,
રહે રોમરોમે વળી વાસ ધારી.

ચહે ભોગને જે, તમને વિસારે,
કદી શાંતિ ના તેમને પ્રાપ્તિ થાયે;
લભે યોગ સિદ્ધિ ચિરંજીવી થાયે,
વસે સ્વર્ગમાં, તોય ના ક્લેશ જાયે.

તમારો કૃપાપાત્ર પૂરો કરી દો,
મને તો તમારા જ ભાવે ભરી દો;
નથી માગતો અન્ય કાંઈ ખરે હું,
લભી તેજરેખા તમિસ્ત્રે મરું શું ?

ફરી પ્રાર્થના લક્ષમાં પૂર્ણ લેજો,
મને જ્ઞાન વૈરાગ્ય ને પ્રેમ દેજો;
કરી વંદના એહણે એમ બોલી,
'તથાસ્તુ' કહી માત સાનંદ ડોલી

*

થઈ માત અદૃશ્ય પછીથી, નરેન્દ્ર શાંતિસ્વરૂપ થયો;
રામકૃષ્ણની પાસે જાણે લઈ નવો અવતાર ગયો.
પૂછ્યું દેવે, માગી લીધાં અન્નવસ્ત્ર તેં માની પાસ ?
સલામતી કે ઘરની માંગી, અવસરને જોઈને ખાસ ?

કહી નરેન્દ્રે કથા બધીયે, બોલ્યા ત્યારે દેવ હસી,
અરે કામની વાત વિસારી; ચિત્ત ગયું તો નથી ખસી ?
જ્ઞાન, પ્રેમ, વૈરાગ્ય કૈં તને ખાવા કામ નહીં લાગે;
દરિદ્રતા તારા ઘરની ના એવા સાધનથી ભાગે.

ફરી મંદિરે જા, માતાની પાસે માગી લે વરદાન;
ભૂલતો નહીં વાત કામની, રાખ નિરંતર એનું ધ્યાન.
મંદિરમાં માતાની મૂર્તિ હસી રહી પાછી સાક્ષાત;
માગી લે જે હોય માંગવું, કહી રહી દેવી રળિયાત.

નરેન્દ્રે કહ્યું રૂપ નિહાળી, કૈં ન માગવા ઈચ્છા થાય;
રહ્યોસહ્યો પણ મોહ મહારો, જોતાંવેત જ નાસી જાય.
જ્ઞાનપ્રેમવૈરાગ્ય તમારી કૃપા મને તેમજ આપો;
અજ્ઞાન તથા મમતા કેરાં, જડતાનાં, બંધન કાપો !

'તથાસ્તુ' કહ્યું દેવીએ ને સત્વર અંતર્ધાન થઈ,
નરેન્દ્રે કહી વાત બધીયે, રામકૃષ્ણને વળી જઈ.
ત્રીજીવાર વળી મંદિરમાં, દેવે એને કર્યો વિદાય;
માતાએ દર્શન આપ્યું, ને માગી એણે એ જ સહાય.

કહ્યું દેવને અંતે તેણે, માતાને જોઈ મારું
મન ના થાયે ભોગ માગવા, લાગે ના કૈંયે સારું.
કૃપા કરીને તમે જ મારી, ચિંતા સઘળી દૂર કરો;
અન્નવસ્ત્રની આપત્તિ ટાળો, અરજી મારી ધ્યાન ધરો !

રામકૃષ્ણ ત્યારે બોલ્યા કે, અછત રહેશે ના ઘરમાં;
માની કૃપાથકી જોઈતા પદાર્થ સૌ મળશે પળમાં.
શ્રદ્ધા ભક્તિ હતી તને ના, વિશ્વાસ હતો માનો ના;
પ્રસંગ એથી એક ગોઠવ્યો, તારી શિક્ષા માટે આ.

કહ્યું નરેન્દ્રે વંદન કરતાં, શિક્ષા મુજને પૂર્ણ મળી;
મળી ગયો વૈભવ મુજને તે, હવે શકે કોઈ ન હરી.
જગદંબાનાં દર્શન કેરી, હવે વાત સાચી માનું;
અનુભવો તમારા, ભક્તોના, સાધકના, સાચા જાણું.

રામકૃષ્ણના ઉરમાં ત્યારે, કેવો હર્ષ થયો ભારે !
ભરતી આવે જેમ સિંધુમાં, પૂર્ણ ચંદ્ર ખીલે ત્યારે !
નરેન્દ્ર નિદ્રાધીન થયો ત્યાં, નિદ્રામાં જ પ્રભાત થયું;
ભક્તો આવ્યા કોઈ, દેવે એ સૌને સાનંદ કહ્યું:

નરેન્દ્ર છે આ જુઓ, માનતો આજ લગી માતામાં ના,
હવે કિન્તુ માને છે, જોઈ રાતે એણે માને હા !
નરેન્દ્ર માને માતાને એ આશ્ચર્ય નથી શું ભારે ?
એમ પૂછવા લાગ્યા કૈં ને, અશ્રુભરી આંખે પ્યારે.

ધન્ય પ્રેમ એ, ધન્ય લાગણી, ધન્ય એ ગુરૂની મમતા;
પ્રણામ કવિ કાં કરે ન એને ? દેવો યે એને નમતા.
નરેન્દ્ર જાગ્યો લાંબે વખતે, ઊંઘે તેની અજ્ઞાનતાતણી;
સંદેહ તણી સુસ્તી છોડી, નવા ચેતને સભર બની.

આંખ ગઈ બદલાઈ એની, પલટાઈ જે પ્રાણ ગયો;
એક રાતનો પ્રસંગ એને યુગયુગનો ઈતિહાસ થયો.

* * *

## ૨૨. અલૌકિક અનુભવ

ગુરૂનો મહિમા ઘણો, કહ્યો છે શાસ્ત્રે ખરે;
દેવતા કે ઈશથી, અધિક એ સાચે ઠરે.
પૂર્ણમુક્ત ગુરૂતણી જોડ ના વિશ્વે મળે;
કેમ અનુપમને કહો, કવિ કશી ઉપમા ધરે ?

સૂર્યની સરખામણી કેમ પૂર્ણ શકે થઈ ?
જોડ સાગર ચંદ્રની, સુલભ છે ક્યાંયે નહીં.
ગુરૂ એવા પ્રેમથી, કૃપાની વર્ષા કરે,
રહે કૈં ન અશક્ય તો, પરમ શાંતિ વળી મળે.

સદ્ગુરૂ એ સ્નેહથી, જેમને અપનાવતા,
કષ્ટ ચિંતા તેમને નવ કદીય સતાવતાં.
કોટિ વંદન એમને, સદાયે સ્નેહે કરું;
છત્રછાયા એમની મધુમયી પામી ફરું.

મને પોતાનો ગણી, નેહમાં નવડાવશે,
હાથ પકડી પ્રેમથી, પુનિત પંથ બતાવશે.
ગાઢ છે શ્રદ્ધા મને, સંતમાં એવા ખરે;
દિવ્ય ઈશ્વર રૂપ એ, જગતવંદ્ય કૃપા કરે !

થતાં દર્શન માતનાં, શમી સૌ તર્કો ગયા;
નરેન્દ્ર તણા અંતરે, પ્રકટ એ ભાવો થયા.
ધારણા ને ધ્યાનમાં, સ્વર્ગસુખ લાગી ગયું;
સ્વાદ સારું સમાધિના, મન વળી રાગી થયું.

*

નમન એક દિને ઋષિને કરી, વચન મંગલ ભાવભર્યાં કહ્યાં:
અનુભવ પરિપૂર્ણ સમાધિને, સતત ભાવ રમી હૃદયે રહ્યા.
જગતમાં પરબ્રહ્મ વિરાજતા, શ્રવણ એમ મહાજનથી કર્યું;
ક્યમ કહું પણ અંતિમ સત્ય એ, અનુભવે નવ જ્યાં લગ હો ભળ્યું ?

સકળ વિશ્વ ખરેખર બ્રહ્મના તત્ત્વસમાન જ છે. પરબ્રહ્મ છે.
મનુજ ને પશુ પથ્થર સર્વ આ, પ્રકટ ચેતનનાં જ સ્વરૂપ છે ?

મન વિચાર કરે, પણ પ્રાણ એ પરમસત્યસમાન ગણે નહીં;
મન કરે રસથી ભર ભાવના, અનુભવાય છતાં પણ એ નહીં.
ક્યમ રહે મનની દૃઢતા પછી ? ક્યમ વળી ઉરની જડતા ટળે ?
શિશુ ગણી પરિપૂર્ણ કૃપા કરો, પરમ શ્રેષ્ઠ સમાધિ મને મળે.

*

રામકૃષ્ણે એહને, શાંત સ્નેહસ્વરે કહ્યું,
યોગ્ય સમયે પામશે, સુખ સમાધિતણું ખરું.
એક ધન્ય પ્રભાતમાં, એ પછી એને મળી,
દશા શ્રેષ્ઠ સમાધિની, પરમ સુખધારા વળી.

નિર્વિકલ્પ સમાધિની, દશા એ યોગી કહે;
બ્રહ્મમાં મન એ મહીં, મગન જોડાઈ રહે.
મળી જાગૃતિ એટલે, દૃષ્ટિ બદલાઈ ગઈ;
નરેન્દ્રતણી ભાવના સકળ બ્રહ્મમયી થઈ.

એક પરમાત્મા રહ્યા; ચેતને જડમાં બધે,
નિહાળ્યા એણે ખરે, નવ ઘટે કે ના વધે.
હાવરાનો પુલયે, બ્રહ્મરૂપ રહ્યો થઈ;
ઘસ્યું મસ્તક પુલથી, પણ મટ્યા ભાવો નહીં.

એકતાની ભાવના જાય ના કેમે કહીં;
નરેન્દ્રતણા ચિત્તમાં, ત્રણ દિવસ એવી રહી.
શાંત એ બનતાં ફરી, ભેદ દેખાયો જગે;
નવું રક્ત વહી રહ્યું અનુભવે પણ સૌ રગે.

થઈ શ્રદ્ધા એહને, શાસ્ત્રનાં શબ્દો મહીં;
હાલતી કેમે કરી અનુભવી શ્રદ્ધા નહીં.
ગુરૂની જ કૃપા થકી, દશા એ એને મળી;
ગુરૂને એથી રહ્યો, સ્તવનની માળા ધરી.

* * *

## ૨૩. ત્યાગનો વિચાર

વીતી ગયા દિવસ એમ અનેક બીજા,
મીઠી સમીરલહરી સરખા અનેરા;
પાણીપ્રવાહસમ ચંચળ કાળ ક્યાંયે,
રોકાય ના કદી; ફરે દિનરાત ફેરા !

વર્ષા ગઈ, શરદ તેમ વસંત આવી,
આનંદ, પ્રાણ, રસ નૂતન તેમ લાવી;
ધારી રહી નવલ શ્રી ધરતી જુઓ આ;
ઐશ્વર્યથી હૃદય કેમ સુખી બને ના ?

લાગે કૃતાર્થ સરખી પૃથિવી બધીયે,
પુષ્પોમહીં સ્મિત કરે રસને ભરીને;
દોડે નદી ઝરણમાં નિજ પ્રાણ રેલી,
સોહી રહી તન વિશુદ્ધ બધું કરીને.

સ્થાયી વસંત પણ વિશ્વમહીં નથી હા !
આ ગ્રીષ્મ પાનખર એય ક્રમે પધારી;
લાગે સમસ્ત ધરતી રસહીન જેવી,
ઊભી રહી વિરતિને નિજ પ્રાણ ધારી.

એવી વિભિન્ન ઋતુ જીવનમાંય આવે,
કોઈક શાંતિ સુખ ને રસ કો'ક લાવે;
કોઈક નીરસ કરે, વરસે, જલાવે,
કોઈક દર્દ ધરતા દિલને હલાવે.

*

પરિવર્તન થાય જીવને, દિવસો નવ એકશા રહે;
જ્યમ ગીતસ્વરો જુદાજુદા રસ તેમજ ભાવને કહે
નવ નાટક એક ભાવથી ભરપૂર સમગ્ર લાગતું,
રસ ભિન્ન રજૂ કરી ઘડી હરખે ભરતું રડાવતું.

રસ તેમ કરુણ શાંત ને કદી રૌદ્ર વિલોકવા મળે,
રસ તેમજ વીરપ્રેમના, કદી માનવ જિંદગી ધરે.

સરિતા ઝરણાં જૂદાં જુદાં, ધરતાં ધન જેમ સાગરે,
ઘટના, પળ, તેમ ભિન્ન કૈં, રસ જીવનમાં વળી મળે.

વનફૂલ વિભિન્ન ખીલતાં, રસરંગ નવાનવા ધરે;
ત્યમ જીવનવાટિકા મહીં, કુસુમો નવ એકશાં મળે.
વિવિધ વાદ્યસંગીત છેડતાં નિરખવા સમારોહમાં મળે;
વિવિધ તેમ વાજીંત્ર જિંદગી અવનવીન આલાપથી ભરે.

સુખસમાધિ પામ્યે મળી જતાં, ઋતુ વસંત કેરી શરૂ થઈ;
પણ નરેન્દ્રની જિંદગી મહીં, વિરતિ ગ્રીષ્મ જેવી ફરી ગઈ !
ઘરમહીં રહી ના પ્રસન્નતા, સકળ ત્યાગવા ભાવના થઈ;
ચરણમાં રહી રામકૃષ્ણના સમય ગાળવા કામના થઈ.

રજની સમયે નરેન્દ્ર એ, હરખભેર મંદિર ગયો,
પણ ત્યાગ વિચાર દેવને, નિજ અંતરનો નહીં કહ્યો.
પણ એ ઋષિ રામકૃષ્ણ તો, સમજી મન એહનું ગયા;
પડદા મનના બધા ખરે, અતિ સ્પષ્ટ જ એમને થયા.

*

ગાઈ રહ્યાં મધુર ગીત પ્રસન્નતાથી,
શ્રી રામકૃષ્ણ ઉપદેશ ભરેલ એવું;
જાણે ન હોય મનની જ કથા કહેતા,
શોભી રહ્યું સકળ સ્થાન કરુણ કેવું !

દેવે કહ્યું, તુજ વિચાર કળી ગયો છું,
એથી જ આમ ઉપદેશ ધરી રહ્યો હું;
ના હાર હિંમત, જરા ધૃતિ ધાર ભાઈ,
એથી નહીં જ બગડે તુજ કામ કાંઈ.

સંસારમાં નવ રહી શકશે સદા તું,
એ વાત કૈં દિવસથી સમજી ગયો હું;
જન્મ્યો મહાન કરવા જગમાં કામ,
સંપૂર્ણ તે સફળ તું કરશે તમામ !

આવ્યો નથી સમય યોગ્ય છતાં હજીયે,
સંસારમાં, ગૃહમહીં, વધુ કૈં રહી લે;

મારું શરીર નવ શાન્ત થઈ ગયું છે,
ના ત્યાગ ત્યાં લગ હજી ગૃહનો કરી દે !

એવાં સુણી વચન શાંતિ નરેન્દ્ર પામ્યો,
સંન્યાસનો નવ વિચાર કર્યો પછી ને,
લાગ્યો નહીં રસ કશો ગૃહમાં છતાંયે,
પંકે રહ્યા કમળ જેમ વસી રહ્યો એ.

* * *

## ૨૪. સેવાનો સંદેશ

રામકૃષ્ણ વિરાજેલા એકલા દક્ષિણેશ્વરે,
એકવાર સમી સાંજે ગંગાના ઘાટ ઉપરે.
પ્રભુના પ્રેમમાં મગ્ન, શાંત ધ્યાનસ્થશા વળી,
જાણે ખીલી રહી પૂરી કોઈ ફૂલતણી કળી.

ગુલાબી રંગ સંધ્યાના ખીલી શાંત થતા હતા,
તરંગો તેમ ગંગાના છાયાને ઝીલતાં જતાં.
અંધકાર ફરી ધીરે રહ્યો, પૃથ્વી પરે બધે,
વાસના તેમ તૃષ્ણાનું જેમ રાજ્ય મને વધે.

અંધકારમહીં ભારે ખીલી ચંદ્ર રહ્યો વળી,
કષ્ટ કે કાળ ચિંતાથી નથી સંત જતા ડરી.
સેવાનો યજ્ઞ તારા ને ચંદ્રે પાછો શરૂ કર્યો,
અંધકારી ધરતી કેરો શોક તેજ ધરી હર્યો.

રામકૃષ્ણે કહ્યું ત્યારે ત્યાં બેઠેલા નરેન્દ્રને,
દેખી પ્રકૃતિની લીલા વિચારો આવતા મને.
અનિત્ય આમ છે લીલા આખાયે વિશ્વની કહી,
એક રંગે તથા રૂપે રોજ ના શકતી રહી.

ઊગે સંધ્યા ઉષા, આવે સૂર્ય ને ચંદ્ર આભમાં,
જન્મમૃત્યુતણાં ચક્રો ને હાનિલાભનાં,
ચાલે છે જિંદગીમાં આ, નદી નીરસમાં કરે.
કૂચ આગળ, સંસારે કશુંયે સ્થિર ના મળે.

*

નરેન્દ્ર બોલ્યો, મુજનેય ના હવે, ગમે વધારે ભમવું ખરે ભવે;
શરીર પામ્યો પણ ના ગમે એ, જણાય ના કૈં રસ જીવને કે.
કૃપા કરો કે દિવસો સુધી હું, સમાધિમાં લીન થઈ પડી રહું;
રહે નહીં લેશ શરીરભાન, વળી જરાયે જગનું ય ધ્યાન.

અખંડ આનંદનિમગ્ન જેવો, સંપૂર્ણ આ જીવનને રહું કરી;
સમુદ્રમાં જેમ તરંગ ને શમે રહું પછીથી પરમાત્મમાં મળી.

અનંત પામી સુખ આત્મા કેરું, વિરક્ત જેવો વિચરું વસી રહું;
ક્ષુધા તૃષા ના મુજને સતાવે, સમાધિની શાંતિ અસીમશી લહું.

જીવી રહું જીવનમુક્ત જેવો, એવી કૃપા પ્રેમથકી હવે કરો !
ચિંતા પછી ના મુજને રહેશે, લો શ્વાસ સંસાર સમસ્ત કે મરો !
શ્રી રામકૃષ્ણે હસતાં કહ્યું કે, જ્ઞાની વિવેકી બહુ માનતો તને;
પરંતુ તું તો નિજ સ્વાર્થકેરી વાતો કરે છે, નવ ભાવતી મને.

છે માગણી સ્વાર્થતણી કરી રહ્યો, વિચાર કેવા નિજ કારણે કરે ?
સમાધિમાં જાય સમસ્ત જિંદગી એ ખૂબ છે મોહક ભાવના ખરે.
પરંતુ જો આ જગની દશાને, અજ્ઞાનમાં લોક સડે, વળી રડે;
અસહ્ય તાપે તપતાં હજારો, અસંખ્ય મૂંઝાય, મરે, વ્યથા વડે.

મનુષ્યતા મંદ થઈ ગઈ છે, ભૂલી રહ્યાં છે પરમાત્મને જનો;
સત્કર્મ ને ધર્મ ઘટી રહ્યાં છે, અનીતિનો ઘોર પ્રચાર છે ઘણો.
મનુષ્યની પ્રીત મરી રહી છે, સ્વમાનનો લોપ બધે જણાયે;
સ્વદેશનો પ્રેમ ન દાઝ દેશની, અશાંતિમાં લોક વળી તણાયે.

ડૂબી જવા કૈં દિનની સમાધિમાં, ત્યારે તને કેમ વિચાર આવે ?
સ્વાનંદમાં મસ્ત બની રહેવું કહે મને કેમ જ લેશ ભાવે ?
તારા સમા ના કરશે સહાયતા, ને સ્વાર્થકેરાં વચનો કહેશે,
સંસારને કોણ પ્રકાશ આપી, ને સત્ય ચીંધી પથ તો રહેશે ?

છે જિંદગી છેક અમૂલ્ય આ તો, ના વ્યર્થ તેને ધરવી ઘટે ખરે;
છે ધન્ય એને નિજ કાયથી જે સત્કર્મ સૌના હિતનાં કર્યા કરે.
સમાધિની શાંતિ તને મળી જશે, ખરેખરો જીવનમુક્ત તું થશે;
પરંતુ કાર્યો બહુ લોકકાજે, મહાપુરૂષે કરવાં જ છાજે.

છે દેહ તારો હિતકાજ સૌના પડી રહેશે નવ જંગલે એ;
પાઈશ દૈવી રસ પ્રેરણા તું, કૃતાર્થ ત્યારે જ થઈ શકીશ ને.

*

જ્યેતિર્ધરોતણી આજે જુએ છે વિશ્વ વાટ આ;
તારા વિના વધારે છે જન લાયક અન્ય ના.
માટે ભ્રામક ને સ્વાર્થી વિચારોને ફગાવ તું;
કૂપમંડુકની રીતે રહ્યાથી સુખ થાય શું ?

જગદંબાતણું ધાર્યુ કામ તું કરશે નહીં,
ત્યાં સુધી શાંતિ ના પામી કદાયે શકશે કહીં.
રામકૃષ્ણતણાં એવા સાંભળી શબ્દને અહો,
નરેન્દ્રના વિચારોમાં મોહનો અંશ ના રહ્યો.

વિશાળ નજરે એણે વિચારી વાત એ બધી,
લાગણી અન્યને કાજે એના અંતરમાં વધી.
શંકા રહી નહીં કોઈ, અશ્રદ્ધા તેમ ના થઈ;
વર્ષાઋતુ વિચારોની ઘોર ચાલી બધી ગઈ.

મોડી રાતે ફર્યા પાછા બંને સાનંદ ઘાટથી;
પ્રસન્ન ચંદ્ર ને તારા લાગતા સર્વ વાતથી.
નાના અંકુરથી જેવું વૃક્ષ કાળક્રમે બને,
ભાવના જેમ એ વાધી આખરે એહના મને.

વિવેકાનંદના રૂપે નરેન્દ્રે કામ જે કર્યું
તેથી એ સત્યને સાચે સમર્થન પછી મળ્યું.
પછી વાત કરીશું એ; હાલ તો પ્રેમથી કરું
પ્રણામ ઋષિને, મારી મૂક અંજલિ આ ધરું.

* * *

## ૨૫. ત્યાગના પ્રસંગ

રામકૃષ્ણની શ્રદ્ધા કેવી પરમાત્મામાં ગાઢ હતી !
કોઈયે સંજોગોમાં એ શ્રદ્ધા ના હલતી, ચળતી.
મથુરબાબુને કહ્યું એમણે, એક દિવસ વાતો કરતાં,
સર્વ સમર્થ ખરે પરમાત્મા, પ્રેમીને પ્રેમે મળતા.

કરી શકે છે જે ચાહે તે, નડે એમને નિયમ નહીં;
મથુરબાબુ બોલ્યા ત્યારે કે, શંકા મુજને થાય અહી
પરમાત્મા ધારે તે કરતા ? સફેદ આ ડાળીનાં ફૂલ,
પ્રકટાવી ત્યાં લાલ શકે એ ? પલટાવી દે એનું મૂળ ?

કહ્યું રામકૃષ્ણે ત્યારે કે, કરી શકે એ સર્વ ખરે,
એમને નથી અશક્ય કાંઈ, રૂપરંગ સઘળાય ધરે.
બીજે દિવસે મથુરબાબુના વિસ્મયનો ના પાર રહ્યો;
બીજા ફૂલની સાથે જોયો લાલ ફૂલનો જન્મ થયો !

એવી છે ઈશ્વરની લીલા, કળા કહો કુદરતની કે,
પાર ન પામે માનવ એનો, કરી શકે ચાહે તે એ.
કહ્યું એમણે રામકૃષ્ણને, પ્રતિગ્રહ કરવા દ્રવ્યતણો,
ભક્તિભાવ ભરેલો હૈયે હતો એમના ગાઢ ઘણો.

રામકૃષ્ણ બોલ્યા મારે ના આવશ્યકતા દ્રવ્યતણી,
જગદંબા મારા જીવનની, પૂર્ણપણે રખવાળ બની.
પાળે છે મુજને એ પ્રેમે, મનોરથ વળી પૂર્ણ કરે;
ઈચ્છા સફળ બધીયે થાયે, કલ્પવૃક્ષની છાંય તળે.

ચંદ્રામણિ સમીપ જઈને, મથુરબાબુએ અરજ કરી;
ચંદ્રામણિ વદ્યાં કે મારે માત રહી ભંડાર ભરી.
કરી પ્રાર્થના પુષ્કળ ત્યારે, મથુરબાબુને એમ કહ્યું,
બે પૈસાની તું લાવ છીકણી; બીજું કૈંયે ના જ ચહું.

જનની જેની એવી ત્યાગી, સંતોષી પરિપૂર્ણ વળી,
પુત્ર કેમ એનો ના પાકે, સદ્ગુણ કેરું સત્ત્વ ધરી ?

એકવાર યાત્રામાં ભારે, રામકૃષ્ણને આપી શાલ;
મથુરબાબુની શાલ એમણે, ગરીબને આપી તત્કાળ.

ત્યાગ શારદાદેવીનોયે, પ્રશસ્ય એવો ઉચ્ચ હતો;
એક પ્રસંગ વર્ણવું એનો, સંશય એથી દૂર થતો.
એક મારવાડી શ્રીમંતે, મુલાકાત ઋષિની લીધી;
મોટી રકમ એમને લેવા, ભાવથકી અરજી કીધી.

હજારોતણી રકમ છતાંયે, સ્વીકાર કરી ના કેમે;
મટે પ્રતિજ્ઞા મહાનની ના, કાટ ભલે લાગે હેમે.
ધનનો સ્પર્શ નથી કરતો હું, કહ્યું રામકૃષ્ણે, ત્યારે
બોલ્યા એ ધનવાન તમે તો સિદ્ધ નથી ત્યારે ભારે.

સિદ્ધ ડરે છે કશાથી નહીં. કોઈ બંધન ના એને;
લેપ ન એને લેશ લાગતો, જાણ્યા છે પ્રભુને જેણે.
એમ કહીને ગયા પછી એ ધની શારદાદેવી પાસ;
દ્રવ્ય રાખવા અનેક રીતે, કર્યો એમને આગ્રહ ખાસ.

ચળ્યા શારદાદેવી પણ ના, બોલ્યાં, જો આ દ્રવ્ય લઉં,
ઠાકુરને તો ઠીક ન લાગે, દોષિત ભારે એમ થઉં.
ઠાકુર જેને ના સ્વીકારે, તેને હું સ્વીકારું કેમ ?
સ્વીકારું તો કહેવાય એ ઠાકુરે જ સ્વીકાર્યું એમ.

સફળ એમ ના ધની થયા એ, ત્યાગભાવ ભારે એવો,
હતો શારદાદેવી કેરો, કવિઓએ ગાવા જેવો.
શ્રદ્ધા, ત્યાગ, સ્નેહ ને સેવા, સંતોષ હતો ચિત્તે તેમ;
જીવન સુમધુર બની ગયેલું આશાર્વાદસમું કે એમ.

ગુણજ્ઞ જનને પછી થાય ના, ગુણ ગાવાની ઈચ્છા કેમ ?
વરસી રહો સદાય એવા, મહાજનો મારાપર રે'મ !
કૃપા એમની પ્રાપ્ત થવાથી, જીવન સાચે ધન્ય થશે,
તન ને મનના, અંતરકેરા, મટી બધાયે મેલ જશે.

બીજો કોઈ કૃતાર્થતાનો, માર્ગ મને દેખાય નહીં;
મહાજનોની કૃપા પામવી, લહેવું સુખ ને પાસ રહી.

પાસ રહ્યાથી રંગ લાગતો, અલ્પ કે વધારે સાચે;
રણ પણ પગલી પડ્યે એમની, મંગલ વન બનતાં નાચે.

સમુદ્ર પણ સ્વાદુ થઈ જાયે, જડમાં ચેતનતત્ત્વ રમે;
શ્રેષ્ઠતણી શક્તિ છે એવી, સંકટ સૌ સંપૂર્ણ શમે.
વંદન લક્ષ કરીને પૂજા મૂક એમને ચરણ ધરું;
તરે પુષ્પ પણ ગંગામાં આ, જગમાં તો ના કેમ તરું ?

* * *

## ૨૬. ઉપદેશનાં વચન

અનેક ઉપદેશનાં વચન રામકૃષ્ણે કહ્યાં,
અમીઝરણ જેમ સૌ રસભર્યાં મુખેથી વહ્યાં;
કર્યાં જન અનેક ધન્ય, શુભ પ્રેરણાથી ભર્યાં,
હજી પણ તમિસ્રમાં અચલ તારલા શાં રહ્યાં.

ભરી પરમ શાંતિથી હૃદય બુદ્ધ ચિહ્નની
રહ્યાં જગતને પ્રકાશપથ શાંતિમંત્રો ધરી;
લભી પરમ શાંતિ તેમ, હિત સાધવા સર્વનું,
રહ્યા સતત યજ્ઞ પ્રેમમય રામકૃષ્ણે કરી.

*

હૃદય કોમળ શુદ્ધ વિશાળ ને, મગજ ગૂઢ વિચારથકી ભર્યું;
અનુભવી ઉરને અતિ મંથને, અજબ કો' નવનીત હતું મળ્યું.
અજબ એ નવનીત અનેકને, સહજ સ્નેહથકી ઋષિએ ધર્યું;
મધુર બેત્રણ બિંદુ રજૂ કરું. પરમ કામણ કૈં જનને કર્યું.

*

પૂછ્યું સાધક કોઈએ, હોય ઈશ્વર સત્ય જો,
જોઈ શકે બધા લોકો એહને નવ કેમ તો ?
રામકૃષ્ણે કહ્યું, રાતે તારા દેખાય, કિન્તુ એ
દિવસે નવ દેખાતા; જાય ના પણ ક્યાંય તે.

અજ્ઞાનની અવસ્થામાં તેમ દર્શન થાય ના,
જાગતાં જ્ઞાન દેખાયે દૂર તેમ સમીપમાં.
'નિરાકાર જ છે એ કે પ્રભુ સાકાર થાય છે ? '
કર્યો પ્રશ્ન વળી ભક્તે, 'શંકા એ નવ જાય છે.'

દેવે ઉત્તર આપ્યો કે પ્રભુ સર્વસમર્થ છે,
ધરે આકાર એ તોયે નિરાકાર સ્વરૂપ છે.
પ્રેમથી પ્રકટે છે એ, નામરૂપ રહે ધરી;
ભેદ કે ભ્રમના ભાવો રહે જ્ઞાની નહીં કરી.

*

હૃદય પ્રેમથકી ઉભરાય તો, પ્રકટ એ પ્રભુ રૂપ ધરી બને;
નવ અશક્ય કશું પણ એમને, હૃદયનો બસ પ્રેમ જ એ ગણે.
જગતમાં પણ માનવને જુઓ ! રુદન કોણ કરે પ્રભુ પામવા ?
પરમ કો' પ્રિયની જ્યમ જાણતાં, શ્રમ કરે તપ કોણ નિહાળવા ?

મરણ કો'ક હિતેચ્છુતણું થતાં, સ્વજન કૈં કદીકાળ મરી જતાં,
રુદનનો વરસાદ શરૂ કરે, સફળતા પણ જો ન જરી મળે.
નવ પડે જલબિંદુય એમનાં નયનથી પણ ઈશ્વરપ્રેમમાં;
મિલન કેમ જ થાય પછી કહો ? સુલભ ઈશ્વર જો ઉરથી ચહો.

પ્રણય છે જગમાં જનનો ઘણો, પણ જરા પણ ઈશ્વરકાજ ના;
પ્રભુ મળે નહિ સત્વર એટલે, હૃદયમાં સુખશાંતિ છવાય ના.
કોઈક જ્ઞાનીજનને કહ્યું કે, વસી રહ્યા ઈશ્વર અંતરે આ;
જરૂર છે ના વનમાં જવાની, બહારની શોધ જરૂરની ના.

પ્રકાશ એનો હૃદયે નિહાળો, એકાંતમાં કાયમ ધ્યાન ધારો;
બધે રહ્યો દિવ્ય પ્રકાશ એનો, એ ભાવનાથી ઉરને ઉજાળો.
વસો સદા એક અભેદભાવે, ને રાગ ને દ્વેષ બધા ફગાવો;
પવિત્ર પ્રેમે મનને ભરી દો, નિર્લેપતા-ભસ્મ વળી લગાવો.

ગૃહસ્થને જ્ઞાન વળી ધર્યું કે, રહો ગૃહે સૌ મમતા તજીને;
કર્મો કરો યોગ્ય તટસ્થ ભાવે, પ્રશાંતિ પામો પ્રભુને ભજીને.
ડૂબી જઈને જગના સુખોમાં, ભૂલી જશો ના પ્રભુને જરાયે;
પ્રવાસ એવો સમજી કરો કે, કષ્ટો ટળે, મૃત્યુ વળી મરાયે.

*

અનેક ઉપદેશનાં વચન રામકૃષ્ણે કહ્યાં,
અમીઝરણ જેમ સૌ રસભર્યાં મુખેથી વહ્યાં;
કર્યા જન અનેક ધન્ય, શુભ પ્રેરણાથી ભર્યા,
હજી પણ તમિસ્રમાં અચળ તારલાશાં રહ્યાં.

* * *

## ૨૭. રામકૃષ્ણદેવનો દેહત્યાગ

દેવને અંતે ગળામાં વ્રણ થયું ભારે,
દાહ જાગ્યો ઘોર જાણે ફૂલને ક્યારે;
થઈ પીડા, ત્યાગ ભોજનનો થઈ ચૂક્યો,
ક્રમ છતાં ઉપદેશનો ના એમણે મૂક્યો.

દાક્તરોએ સૂચવ્યું ઉપદેશ ના દેવા,
કહેવાની વાતને સંક્ષેપમાં કે'વા;
રામકૃષ્ણે પ્રાર્થના એ કિન્તુ ના માની,
ઘોર પીડા કંઠની ના વધારે જાણી.

કહ્યું પ્રેમે એમણે, છે વિનાશી કાયા,
રાખવી શી એહની મમતા તથા માયા !
રહેવાની નથી લાખો ઉપાયોથીયે,
આખરે માટીમહીં માટી થવાની એ.

ભલે સેવા થાય તો એના થકી થોડી
જિંદગી તો સ્રોતશી વેગે રહી દોડી;
કો'કના ઉપયોગમાં એ ભલેને આવે,
શીત આપે, તેજ કોઈ અંતરે લાવે;

મહાજનનાં ચિત્ત એવાં, દર્દથી ન ડરે,
સહે પીડા, સર્વહિતનાં કર્મ તેમ કરે,
ચળે કષ્ટથકી નહીં, ના ડગે તેમ રડે !
આફતોના અર્ણવોયે એમને ન નડે.

*

શોક ભક્તોને થયો, દશા એ દેખી છતાં;
શિલા જેવાં અંતરે, પ્રણયથી પલળી જતાં
વધી ચિંતા સર્વની, ઘોર દર્દ નિહાળતાં;
ઔષધો પણ છે કાળના સમયને મટાડતાં !

દવા નિષ્ફળશી ગઈ, દર્દ વધતું જોરથી;
ભક્ત રોતા અંતરે, સતત ચારે કોરથી.

નરેન્દ્રે ત્યારે કહ્યું, પ્રાર્થના માને કરો,
મટી જાયે રોગ તો; અરજને આ ધ્યાને ધરો !

રામકૃષ્ણે પ્રેમથી કહ્યું કે પ્રાર્થીશ હું,
માતને માટે ખરે, નવ અશક્યસમું કશું.
કાય કાજે પ્રાર્થવું, કિન્તુ ના મુજને ગમે;
ચિત્ત મારું શાંતિથી, ચરણમાં માના રમે.

ભક્તના આગ્રહ થકી, પ્રાર્થના કરવા થયા,
છતાં એ તૈયાર, ને વચન સાંત્વનનાં કહ્યાં.
નરેન્દ્રે બીજે દિને, પ્રેમથી પૂછ્યું, ફરી
પ્રાર્થના માને તમે, અરજને ધ્યાને ધરી ?

કહ્યું ત્યારે એમણે, પ્રાર્થના માને કરી;
એહણે મારી નથી અરજને ધ્યાને ધરી.
કહ્યું મેં ખાઈ શકું, કંઠ સારો થાય તો,
હસીને માએ કહ્યું તરત, આ સૌ ભક્ત જો !

એ બધામાં તું જ ના વસીને ખાઈ રહ્યો ?
તર્ક જ્ઞાની છે છતાં, તવતણો ક્યાંથી થયો ?
નરેન્દ્રે ત્યારે કહ્યું, તમે ચાહો તો ખરે,
વ્યાધિ શાંત થઈ શકે, મદદ ને અમને મળે.

લાભ થાય લોકને, કેટલો એથી કહો !
રહે દુર્લભ ના કશું હૃદયમાંથી જો ચહો.
રામકૃષ્ણે શાંતિથી, શબ્દ શ્રદ્ધાના કહ્યા:
દેહત્યાગતણા હવે દિવસ છે થોડા રહ્યા.

ત્યાગકાજે દેહના, યોજના માએ કરી;
કહ્યું માએ દેહના સકળ હેતુ રહ્યા સરી.

*

લાભ થાત શરીરથી સૌને હજી ભારે,
કિન્તુ ઈચ્છા માતની બીજી જ છે ત્યારે,
અનુસરું એને હરખથી એ જ માર્ગ રહ્યો,
સમર્પણ જેણે કર્યું તેને જ ભક્ત કહ્યો.

અંગ અત્યારે જ છોડું, પણ બધા રડશો,
વેદનાના ઘોર ચક્રે ભક્ત સૌ પડશો;
એ વિચારે ધરી રાખ્યું; પણ વધારે ના
રહેશે દિવસો લગી એ, કાળ પાસ હા.

માનવોનાં દૂર કરવા દર્દને હરવા
કષ્ટ, માનવજાતને તેજે વળી ભરવા,
માર્ગ ઈશ્વરનો જગતને ચીંધવા માટે,
ફરી પૃથ્વી પર હજી પ્રકટીશ હું જાતે.

યોગ્ય સમયે ફરી પાછો દેહને ધારી,
અંધકાર દઈશ ધરતીના ખરે ટાળી;
હાલ તો ખાલી જ કાયા આ રહે કરવી,
વાત જગદંબાતણી ધ્યાને રહે ધરવી.

નરેન્દ્ર તથા ભક્ત રોવા અન્ય સૌ લાગ્યા,
શાંત શબ્દો બાણ જેવા એમને વાગ્યા;
રામકૃષ્ણે એક દિન પંચાગમાં જોઈ,
કર્યો નક્કી દિવસ તનના ત્યાગનો કોઈ.

*

નવાઈ એમાં નથી; ખરેખર મોટી કશી,
મહાપુરૂષોને ઉરે, પ્રભુ સદાય રહે હસી.
દિવ્ય દૃષ્ટિ એમની, દિવ્ય ને બુદ્ધિ વળી;
ભાવિને ભાળી શકે, પ્રથમથી નિશ્ચય કરી.

કાળ ના અણજાણમાં, એમને સ્પર્શી શકે;
જોર પાસે એમની મરણકેરું ના ટકે.
ત્યાગ કાયાનો કરે, કાળને જાણી લઈ;
લીન પરમાત્મે થતા, હરખથી ઘેલા થઈ.

અનેરી એ છે દશા, ભક્ત યોગીને મળે;
કરોડે કોઈક એ અનુભવે જાણે ખરે.
રામકૃષ્ણે દિવ્ય એ, દશા પ્રાપ્ત હતી કરી;
ભ્રાંતિ એથી એમની પ્રથમથી જ ગઈ ટળી.

રાતદિન ભક્તો બધા, કરે સેવા એમની;
વ્યથામાંય ગઈ મરી મધુરતા ના પ્રેમની.
રામકૃષ્ણે એમની, ભાવના પૂરી કરી;
ભેટ આશીર્વાદની, હૃદયથી એમને ધરી.

પ્રયાસો કરતાંય ના મળેલા સ્વપ્નેય જે,
કૃપાથી ત્યારે મળ્યા, અનુભવો સૌનેય તે.
હર્ષ કેવો એ થકી, હતો ભક્તોને થતો !
જાણતા ના એ બધા, દિવસ એ છેલ્લો હતો !

*

રાત પડતાં, એમની પીડા ઘટી થોડી,
કાળ કિન્તુ રહ્યો હતો મક્કમપણે દોડી;
નરેન્દ્ર હતો પાસે બેઠો એકલો ત્યારે,
ભાવ જાગ્યો એમનાં હૈયા મહીં ભારે.

હાથ મૂક્યો શીશ પર નેહે નરેન્દ્રતણા,
આંસુ સાથે રહ્યા જોઈ સ્નેહસાથ ઘણા;
પછી બોલ્યા - આજ સાચે હું ફકીર થયો,
પ્રાણ મારો આ હવે મારામહીં ન રહ્યો.

સમર્પી દીધું તને સર્વસ્વ મેં મારું,
ધરી દીધું સાધનાનું ધન બધું ન્યારું;
એ થકી સંસારની સેવા સદા કરશે,
વિજય તુજને પૂર્ણ એ પુરૂષાર્થમાં મળશે.

પ્રાણ પર તારા લગાવું આજ હું તાળું;
કામ પરમાત્માતણું સંસારમાં ન્યારું
કરી લેશે પૂર્ણ ત્યારે, ઉઘડશે એ હા !
રહી શકશે આ જગતમાં તે પછી તું ના.

સમાધિસ્થ થઈ ગયા શ્રીરામકૃષ્ણ પછી,
દેહ છોડ્યો એક વાગે મધરાત પછી;
હતી પંદરમી હતો ઓગષ્ટ માસ વળી,
પ્રવાસ કરી પૂર્ણ ચાલ્યા દિવ્યધામ ફરી.

. . .

## ૨૮. શારદાદેવીને સાંત્વન

ભારે ગૌરવરૂપ ભારતતણા, સંસારકેરા વળી,
જેણે સંસ્કૃતિને નવીન રસથી, પ્રાણે, પ્રકાશે ભરી;
સર્વ સાધનના સમુચ્ચયસમા ને સૌભાગ્યશાળી થયા,
પૃથ્વીને પ્રિય રામકૃષ્ણ ઋષિ તે કાયા તજીને ગયા !

જ્ઞાની, ભક્તશિરોમણિ, પરમ જે યોગીસમા જે હતા,
જેના અંતરમાં સમસ્ત જગના જાગ્યે પ્રવાહો જતા,
કોઈ પ્રેમ પ્રકાશશા જગતને જ્યોતે ભરીને ગયા,
પૃથ્વીને પ્રિય રામકૃષ્ણ ઋષિ એ અદૃશ્ય ક્યાંયે થયા !

*

ભક્તો ને સાધકો કેવા ડૂબી શોકમહીં ગયા !
મીન વારિ વિના થાયે તેમ વિહ્વળ સૌ થયા.
પડ્યો પર્વત પીડાનો, પ્રાણ ચાલ્યો ન હો ગયો;
કરુણતા થઈ એવી, શોક એવો ખરે થયો.

ખોટ કેવી પડી સૌને, આજે એ ઋષિના જતાં !
સ્વજનોના જવાથીયે એવા ભાવ નથી થતા.
માતાપિતા થકીયે એ શ્રેય ભારે ગયા કરી;
ગયા સુંદર સામગ્રી નવજીવનની ધરી.

એમને કાજ હૈયું ના કેમ હેતભર્યું રડે ?
સ્નેહનાં અશ્રુ ના શાને આંખથી એક બે પડે ?
કઠોર મનના કોઈ હોય છે લોક તેય તે,
બને કોમળ; મૃત્યુનો એવો સૂક્ષ્મ પ્રભાવ છે !

લાગણી, સ્નેહ કે સેવા, ઉપકાર વિચારતાં,
ભરાયે એમનાં નેત્રો ભાવને ગાઢ ધારતાં.
કૃતજ્ઞતાતણા ઊંડા ભાવો એ પણ જાણતા;
પશુપંખીય એનાથી હર્ષ કે શોક માણતાં.

તો પછી માનવીની તો કહેવી વાત શી કહો ?
દશા તેમાંયે જ્ઞાની ને પ્રેમીની શું કહો અહો !

મનમાં સમજી લો એ દશા નાજુક પ્રાણની;
શબ્દમાં ના કહેવાયે લાગણી, પ્રેમજ્ઞાનની.
દિવસો ત્રણ કાયાને રહ્યાં ભક્તો નિહાળતા;
તેજસ્વી મુખની દીપ્તિ રહ્યાં અંતર ધારતા.

ચોથે દિવસ કાયાની ક્રિયા પૂર્ણ બધી કરી;
બ્રહ્માંડમાં ગયા જાણે કાયાથી ઋષિ એ મળી.
હૈયું ગંગાતણું હાલ્યું, થયો સંક્ષોભ ત્યાં વળી;
મંદિરે તેમ સારાયે સ્થાને દીન દશા ધરી.

*

રવિ વાદળમાં લપાયેલો, પ્રકટી નવ શાંતિથી શક્યો;
દિન એક અખંડ એહનો પડદો અતિ શોકનો ટક્યો.
રજની સમયે ન ચંદ્ર કે મુખ તારાનાં હસ્યાં વળી;
સહુ વાદળવસ્ત્રથી રહ્યાં ઉરમાં અફસોસશો કરી !

ચપલા ચમકે ઘડીક એ ઋષિના મુખને નિહાળવા;
પણ જાય નિરાશશી કહીં નભમાં, નિજ શોક ટાળવા.
ગગડાટ કરે ઘડી ઘડી નભ દર્દ સહી શકે નહીં;
કવિતા કવિ જેમ કો' કરી વરસે વરસાદની મહીં.

કુસુમો નવ આજ ખીલતાં, વિહગે સ્વરમાં વ્યથા કહે;
કમળો કરમાયલાં રહ્યાં, સહુ કષ્ટ વિયોગનું સહે.
દ્રુમ સૌ જડ જેમ શાંત છે, ધરતી પણ શુષ્ક લાગતી;
જડના પણ મૂક પ્રાણમાં, અતિ કોમળ ઊર્મિ જાગતી.

વિસરે ક્યમ તે કહો કથા, રસની, શુભ જિંદગી તણી ?
સ્મરણે ક્યમ ના રમ્યા કરે, ઘટના દિનરાત જે બની ?
શુભ પ્રેમ જ તત્ત્વ વિશ્વમાં, જગ ચેતનમાં રહ્યું વસી,
જગ ચંચળ તોયે એ થકી, દિનરાત ખરે રહ્યું હસી.

રસદાયક થાય એ સદા, સુખશાંતિ અનંત આપતું;
મધુ જીવનને કરી રહે, ભય, બંધન, ક્લેશ કાપતું.
નવ ભેદ ગણે કદીય એ, ઉર પૂર્ણ અભેદથી ભરે;
જન કેમ રસજ્ઞ ભાવથી, નવ વંદન એહને કરે ?

*

પ્રતિમા શારદાદેવી પૂર્ણ પ્રેમતણી હતી;
એના રૂપે જગન્માતા હતી લીલા કર્યે જતી.
દ્રવી પ્રકૃતિ આખીયે, પ્રેમથી પલળી રહી;
પ્રાણ તો કેમ એનોયે દ્રવે ને પલળે નહીં ?

એ મહીંયે વ્યથાકેરા પડછંદા પડી રહ્યાં,
આંખથી આંસુએ શબ્દો ગાઢ સ્નેહતણાં કહ્યાં.
એકલી મુજને મૂકી દેવ, ચાલ્યા ગયા તમે;
થયા વિદાય સ્વેચ્છાથી, મુજને પણ ના ગમે.

રસહીન બધી લાગે, જિંદગી મુજને હવે,
ઘેરાઈ મૃગલી જાણે ચારેકોર મહાદવે.

*

વિરહઝેરજ્વાળા જલી રહી, નજર જ્યાં પડે ત્યાં બધે ખરે;
રણમહીં અટૂલી ભમી રહી, સલિલ છાંય કે ક્યાંય ના મળે.
મરણના વિજેતા તમે હતા, જગતના પિતા નાથ સૌ તણા;
નવ કદીય મેં માનવી ગણ્યા, નિરખતી રહી જ્ઞાનથી ઘણા.

વિરહ એટલે આજ સાલતો; તન હજી દઈ પ્રાણ હો ગયો,
અનુભવાય છે એમ અંતરે, પ્રખર શોક એથી મને થયો.
નવ અનાથ હું એકલી થઈ, જન અનેક છે એકલા પડ્યા;
જગ અનાથ આખું થઈ ગયું, હૃદયતાર એના ખરે રડ્યા.

તન ધર્યું તમે શાંતિ આપવા, પથ બતાવવા, કષ્ટ કાપવા;
પથ બતાવશે કોણ એ હવે, ભટકતાં જનોને કહો ભવે ?

*

નદીનાં નીર સ્થાયી ના રહે, વેગે વહી જાયે;
સમાયે સાગરે અંતે, સુખદ સંગીતને ગાયે.
વહે ઝરણાં સ્વભાવથકી, વહેવામાં જ રસ માને;
મુકામ કરે ન કાયમ ક્યાંય માયા ધારતાં પ્રાણે.

રહે લહરી સમીરતણી વિહરતી વિશ્વમાં કેવી !
જણાવી વીચિમાળા સિંધુનીયે પાંથના જેવી.

પ્રવાસી ધર્મશાળાની કરે ના પ્રીત પંથમહીં;
રહે જ્યાં આજ ત્યાં બેસી રહે રાગે સદાય નહીં.
સુવાસ લઈ વિદાય થતા ભ્રમર આ મુગ્ધ ઉપવનના;
રહેતા એક સરખા, એક તનમાં, માનવી પણ ના.

*

જગ ચંચળ આ સમસ્ત છે, નવ એક દશામહીં રહે;
પરિવર્તનશીલ એટલે, જન નશ્વર એહને કહે.
કરતાં જન શોક જે રડે, મૃત પાછળ મ્લાન થાય જે,
નવ તેય સદા રહી શકે, દિન એક વિદાય થાય તે.

ભમતો શિર કાળ સર્વને, ગળતો પળ પાકતાં ખરી;
બુધ કે જડ, રાય રંકનાં, તન જાય જમીનમાં મળી.

ભરખીં સહુ ઝૂંપડી, જતો, ગુરૂ હર્મ્ય ઉજાડતો વળી;
ઝડપે મુખ કાળ રાજ્યને, વનમાં રણને રહે કરી.
તમને ભરખી શક્યો ન એ, નિજ નાથસમાન માનતાં;
કટુ, રૌદ્ર, કઠોર તત્ત્વયે, જનના ગુણ શ્રેષ્ઠ જાણતાં.

*

સેવી પૂજી તમોને હું હવે આ જગમાં રહું;
આવવા સાથ ઈચ્છા છે, પણ એ સુખ ક્યાં લહું ?
વિચારી એમ દેવીએ તોડી સત્વર બંગડી,
દૂર ચાંલ્લો કર્યો; કેવી હતી નાજુક એ ઘડી !

રામકૃષ્ણ રહ્યા ત્યાં તો આપી દર્શન એહને;
જાણે આનંદમાં ડૂબ્યું દેખી ચાતક મેહને.
બોલ્યા દેવ, અરે આવો શોક ના તુજને ઘટે;
દેહ છોડ્યો છતાં મારો પ્રાણ કો'દી નહીં મટે.

એક ખંડ તજીને હું બીજા ખંડમહીં ગયો;
ચાલ્યો ગયો નથી ક્યાંયે, તારી સંનિધિમાં રહ્યો.
કહીને એમ, આપીને આશીર્વાદ, થયા વળી
અદૃશ્ય દેવ, દેવીની વેદના હળવી કરી.

ત્યારથી શારદાદેવી ચૂડીને રાખતાં થયાં;
ચાંલ્લોયે કરતાં રોજે; પૂર્ણ સંતોષથી રહ્યાં.
રામકૃષ્ણ સદા પાસે પોતાની માનતાં હતાં,
સદાના એમને સાથી પોતાના જાણતાં હતાં.

પૂજા સેવા મહીં ગાળી જિંદગી શેષ શાંતિથી,
અનેકને કરી દીધાં મુક્ત અજ્ઞાન ભ્રાંતિથી.
સફેદ શુદ્ધ વસ્ત્રોમાં અનેરાં શોભતાં રહ્યાં;
પવિત્રતાતણી મૂર્તિ ભક્તોએ એમને કહ્યાં.

*

દેવી દેહ ધરી નિવાસ કરતાં પૃથ્વી પરે હોય ના,
એવાં શુદ્ધ તથા અલૌકિક હતાં નક્ષત્રશાં વ્યોમના;
નારીનો મહિમા કરી પ્રકટ એ જીવ્યાં યશસ્વી બની,
આજે અંજલિ એમનેય ધરતો પ્રેમાળ ઊર્મિતણી.



* * *

## ૨૯. શારદાદેવીનું શેષ જીવન

પછી શારદામાતા રોજે, રામકૃષ્ણમાં લીન રહ્યાં;
થયાં નહીં શોકિત, કે વચનો વિયોગનાં ના લેશ કહ્યાં.
અને ઓગણીસો વીસ સુધી, રહ્યું એમનું સ્થૂલ શરીર;
પ્રેમતણી નિષ્ઠા ના કિન્તુ મટી, થઈ કે મંદ લગીર.

વધે સદાયે શુદ્ધ સ્નેહ તો, ઓટ શકે એને ન અડી;
કળા ચંદ્રની ઘટે, એહને કાળ પરંતુ શકે ન નડી.
સૂક્ષ્મ રૂપમાં વધે સદા એ, જીવનમાં સઘળે વ્યાપે;
પામે શાંતિ અનેરી આત્મા, એની હૂંફ થકી તાપે.

ભક્ત હજારો થયા એમનાં, પ્રશંસકોનો પાર નહીં;
સાધક છાયા લભી એમની, રહ્યા સનાતન શાંતિ લહી.
રહ્યાં હતાં કામારપુકુરમાં, થોડાં વર્ષ લગી, માતા;
કલકત્તામાં રહ્યાં છેવટે, બની અનેકતણાં ત્રાતા.

કષ્ટ સહ્યાં આરંભે ભારે, તોપણ શાંત પ્રસન્ન રહ્યાં;
મુસીબતોને દેખીને યે, ચિંતામગ્ન જરા ન થયાં
રામકૃષ્ણદેવે પ્રેમથકી, ભવિષ્યવાણી ગૂઢ કહી,
થશે બાળકો એટલાં બધાં ભરી ભાવના પ્રાણ મહીં:

'મા' 'મા' કરતાં વીંટી વળશે તમને સઘળા સ્નેહ કરી;
વાણી થઈ સત્ય એ, વાણી મહાનની ના શકે ટળી.
અનેકને ઉપદેશ કર્યો જે, પંથ બતાવ્યો કૈં જનને,
કાદવ જાગ્યો સંસારતણો, સ્વલ્પ એમના ના મનને.

ક્યાંથી લાગે ? પવિત્રતાની પ્રતિમા એ તો પ્રેમતણી;
ગંગાની અમૃતમયતાને, વર્ષતું ના શકે હણી.
લેપ ચાંદનીને ના લાગે, રજનીના અંધારતણો;
અંધારા આકાશે ચમકે રોજરોજ નક્ષત્રગણો.

રજનીગંધાની કાયાથી, છૂટે ફોરમ રાતે જેમ,
છૂટી રહી સુવાસ પ્રાણથી એકાકી જીવનમાં એમ.

મુગ્ધ કર્યાં કૈ ને એ વાસે, કોઈને મધુ ગંધ ધરી;
કોઈના કાળજામાં કવિતાઓ કરી, નવા આલાપ ભરી.

જ્યોત્સ્ના જેવાં ઉજ્જવળ, દેવી, સરિતાસરખાં સરળ વળી;
કુમુદ થકી કમનીય વધારે, રહ્યાં મહીને મધુર કરી.
કૈંક હસાવી, કૈંક રડાવી, દીધો અંતે દેહ તજી;
સુવાસ જીવનની આ જગને કરે સુવાસિત મુગ્ધ હજી.

જશે યુગો વીતી તોપણ એ સુવાસ ના જ મટી શકશે;
હશે આભ ને ધરતી ત્યાં લગ, નવજીવન દેતી ટકશે.
ભારતનાં એ ભવ્ય શારદા, અજોડ આખા વિશ્વમહીં;
લાખો વંદન કરે એમને, લાખો લોકો કેમ નહીં ?

એ વંદનમાં સંવાદસમાં, વંદન મારાં આજ હજો;
સ્વીકારીને વંદન પ્રેમે, પ્રસન્ન જગની માત થજો !
કલકત્તાના બેલુર મઠમાં, સમાધિ છે ગંગાની પાસ;
જોકે વસી રહ્યાં એ જગમાં, ભક્તોના હૈયામાં ખાસ.

* * *

## ૩૦. વિવેકાનંદની સંભાળ

આર્ત ગાય વિના જેવાં બની વાછરડાં ફરે,
કિલ્લોલ ના પહેલાંના જેવો અંતરથી કરે;
રામકૃષ્ણ વિના એવા આર્તશિષ્યો બધા થયા,
પ્રાણ જાણે તજી સૌના ચાલ્યા ના ક્યાંયે પણ ગયા !

સૂની બની ગઈ સૃષ્ટિ એમને કાજ આખરે,
કલ્પાંત કાળજાં કેવાં દિનરાત કર્યા કરે !
જેમતેમ કરી સૌએ ધૃતિ હિંમત મેળવી,
તિતિક્ષા, જ્ઞાનની દૃષ્ટિ વળી સત્વર કેળવી.

જિંદગી કરવા દૈવી કર્યો સંકલ્પ એમણે,
વિયોગે ના કરી દીધા દીન કે જડ એમને
ઉચ્ચ જીવનને જીવ્યા કેટલાક ગૃહે રહી;
લઈ સંન્યાસને બીજા ડૂબ્યા તીવ્ર તપોમહીં.

એકાંતવાસ સેવીને શાંતિ મેળવતા રહ્યા,
સેવાના પંથના કોઈ પ્રવાસી પ્રેમથી થયા.
વિવેકાનંદ એ સૌના નેતા જેવા હતા થયા,
સુકાન એમને સોંપી રામકૃષ્ણ હતા ગયા.

એકાંતમાં રહ્યા એયે, ફર્યા ભારતમાં વળી;
કેટલા વર્ષ એ રીતે ગાળ્યાં ગુપ્તપણે ફરી.
રામકૃષ્ણ હતા સ્નેહે સદા સંભાળ રાખતા;
સંકટો, વેદના, ચિંતા, કાપી સત્વર નાખતા.

*

સુખદ એ રસપૂર્ણ દિનોતણો, પુનિત એક પ્રસંગ કહી રહ્યો;
હૃદયના અતિ નિર્મળ નેહનો, પરમ છે મહિમા કવિએ કહ્યો.

*

ત્રણ દિવસ વીત્યા છતાં, ના વિવેકાનંદને,
મળ્યું ભોજન એ સમે; સમય કેવો ક્રૂર એ !

રેલમાંથી ઊતરી, ગયા સ્ટેશન પાસ, ને
વૃક્ષની નીચે થયા તરત નિદ્રાધીન એ.
ખૂબ થાકેલા હતા; તાપ પણ તીખો હતો;
સૂર્ય પણ જાણે હતો અનલથી દાઝ્યે જતો.

એટલામાં કો'ક ત્યાં, ધની આવ્યો ગામથી,
હતા જ્યાં સ્વામી ઢળ્યા દ્રુમતળે આરામથી.
જગાડીને એમને, થાળ ભોજનનો ધર્યો;
હાથ જોડી ભાવથી, વિનય જમવાને કર્યો.

*

જમાડવા આમ ખરા બપોરે, જાણ્યા વિના કોણ મનુષ્ય આવે ?
સ્વામી શક્યા ના સમજી જરાયે, જોઈ રહ્યા તોપણ પ્રેમભાવે.
બોલ્યો ધની, પ્રેમથકી જમી લો, આશ્ચર્યની વાત નથી લગારે;
સુણો કહું નાનકડી કથા હું, દુકાન છે ગામમહીં મ્હારે.

જમી કરી આજ ખરે બપોરે, દુકાનને બંધ કરી સૂતો હું;
ત્યારે મને સુંદર સ્વપ્ન આવ્યું, કરી શકું વર્ણન એહનું શું ?
સ્વપ્ને પધારી, મુજને જગાડી, કોઈક સંતે વચનો કહ્યાં કે,
છે ભક્ત આ સ્ટેશન પાસ મારો, ક્ષુધાર્ત પૂરા ત્રણ રોજથી એ.

છે ખિન્ન એ વૃક્ષતળે સૂતેલો; બનાવ તો ભોજન ભાવથી તું.
પહોંચને એ મુજ ભક્ત પાસે, એ ભક્તરૂપે વિચરી રહ્યો હું !
મિથ્યા ગણી સ્વપ્નપ્રસંગ આખો, થાકેલ નિદ્રાવશ હું થયો ફરી;
પરંતુ આવી ત્રણવાર આજ્ઞા, સંતે મને ફરી દર્શન આપતાં કરી

જાગી પછી ભોજન મેં બનાવ્યું, દુકાનમાંથી પકવાન સાથે,
આ થાળ લાવ્યો તમને જમાડવા, છે મોકલેલો જગના જ નાથે !

*

વિવેકાનંદના નેત્રો ભરાઈ પ્રેમથી રહ્યા;
કૃતજ્ઞતાતણા શબ્દો એમણે ઉરના કહ્યા.
કૃપા કોણ કરે આવી ? ચિંતા કોણ કરે વળી ?
રક્ષા કોણ કરે મારી ? શક્યા સંપૂર્ણ ના કળી ?

રામકૃષ્ણ તણો ફોટો વેપારીને બતાવતાં
પૂછ્યું 'આ જ હતા સંત ? ' અશ્રુને ટપકાવતાં.
'આ જ, આજ હતા સંત !' વેપારીએ કહ્યું રસે,
'હજીયે એમની મૂર્તિ મારા હૈયામહીં હસે.'

વિવેકાનંદને ત્યારે ખાતરી પ્રેમતણી થઈ;
સંભાળ દેવ રાખે છે, અનુભૂતિ થઈ ગઈ.
કર્યું ભોજનને ભાવે; શ્રદ્ધા હૈયે વધી રહી,
રામકૃષ્ણતણી વિશ્વે પ્રેમગંગા વહી રહી.

મહાપુરૂષને કો'દી સ્પર્શી કાળ શકે નહીં;
સમાયે સિંધુમાં તોયે સરિતા જાય છે વહી.
દૃઢતા મનમાં એવી રહે તો કામ થાય છે,
ટળે ભ્રાંતિ, મટે શંકા, ચિંતા તેમજ જાય છે.

* * *

## ૩૧. વિવેકાનંદની ખ્યાતિ

પ્રશંસકો તથા ભક્તો કેરા આગ્રહથી પછી,
વિવેકાનંદજી પ્રેમે પરદેશ રહ્યા વસી.
રામકૃષ્ણે હતી આજ્ઞા કરેલી સૂચના કરી;
શારદામાતની પાછી અનુજ્ઞા એમને મળી.

ઉત્સાહથી ગયા એથી, શ્રદ્ધા અંતરમાં ભરી,
ધૈર્ય, નિર્ભયતા, નિષ્ઠા, સત્યની જ્યોતને ધરી.

આરંભના દિનો વીતી ચિંતા ને કષ્ટના ગયા;
જાણીતા એ પછીઃ ધીરેધીરે જિજ્ઞાસુમાં થયા.
હતી ઈશ્વરની ઈચ્છા, યશ એ ખૂબ મેળવે,
સમૃદ્ધિમાં રહેનારા લોકોનાં મન ફેરવે.

*

વ્યાપી રહે યશ બધે નિજ દેશકેરી
પ્રાચીન સંસ્કૃતિતણો, પ્રભુ ધર્મનો ને,
વ્યાપે બધેય મહિમા નિજ દેશકેરો,
ઈચ્છા હતી મનમહીં બસ એમના એ.

ના ચાહતા ધન, વિલાસ ને કીર્તિને યે,
કોઈયે અંગત વળી નવ આશ સેવી;
સમૃદ્ધ માનવ બને જડતા તજીને,
હૈયે હતી વિમળશી બસ આશ એવી.

*

સર્વધર્મસભા ત્યારે ચિકાગોમાં થતી હતી,
મહત્તા એ સમે એવી સભાની બહુયે હતી.
કર્યો આગ્રહ ભક્તોએ, જ્ઞાનથી મુગ્ધ સૌ થયા;
હિંદુધર્મતણા નેતા થઈ એ એટલે ગયા.

જ્ઞાન, પાવિત્ર્યને શ્રદ્ધા બન્યાં સાકાર હોય ના,
સ્વરૂપ એમનું એવું લાગતું તું યુવાન હા !

*

સભાતણો એ ઈતિહાસ એમનો, પ્રસિદ્ધ છે પૂર્ણપણે થઈ ગયો;
પ્રખ્યાતિ એણે બહુ એમને ધરી, આજેય મારી નજરે રમી રહ્યો,

*

'અમેરિકાતણાં મારા ભાઈ બેનો' ! કહી રહ્યા,
ત્યાં તો અવાજ તાળીના ભારે ચોપાસથી થયા.
આનંદ સર્વ લોકોએ બતાવ્યો શબ્દ સાંભળી,
વિવેકાનંદ એથી રહ્યા ઉત્સાહમાં મળી.

રામકૃષ્ણતણી યાદી કરી આરંભમાં હતી,
ચમત્કાર થયો એનો, ગયો સંકોચ ખરે મટી.
ધરી નીડરતા બોલ્યા પછી તો એ સભામહીં,
મધશી મધુરી વાણી વહી અંતરથી રહી.

*

તાળીતણો ગડગડાટ વળી થયો એ
વ્યાખ્યાન બંધ પડતાં રસથી ભરેલું;
શ્રોતા થયા ચકિત મુગ્ધસમા બધાયે,
ત્યાં એમણે મન હતું સહુનું હરેલું.

*

પછી તો એમના શબ્દો, સુણવા ઝંખતા રહ્યા
અધીરા એમને જોવા લોકો અંતરથી થયા.
એમને સાંભળી લોકો સભામાં બેસતા નહીં,
સુણવા અન્ય વક્તાને; સમસ્યા એ થઈ રહી.

સભાસંચાલકો એથી એમને આખરે હતા
કહેતા બોલવા; લોકો એટલે ત્યાં જ બેસતા.

*

પ્રસિદ્ધ ત્યાંના અખબારમાંયે, સુવાસ દૈવી યશની ફરી વળી;
શબ્દો મહીં પુષ્કળ પ્રેમભાવે, સન્માનની અંજલિ એમને ધરી.

*

પવિત્ર તેમ નિસ્વાર્થી જ્ઞાનીનું જગમાં બધે
અંતે સન્માન થાયે છે; મહિમા એહનો વધે.
વિવેકાનંદજી એથી ખ્યાત ખૂબ થઈ ગયા,
હિંદની કીર્તિને કેવી વધારી કર્મથી રહ્યા !

દીન ભારત ના છે આ, નથી અજ્ઞાનથી ભર્યું,
જનેતા જ્ઞાનની એ તો, એણે જીવન છે ધર્યું.
અવસ્થા આજ એવી છે જરા જીર્ણ થઈ ગઈ,
પરંતુ સત્ત્વ છે એના દિવ્ય અંતરની મહીં.

યશ ભારતમાતાનો વધારી એમ એ રહ્યા;
માનવીને વળી સાચા શબ્દો ધર્મતણા કહ્યા.
ઈંગ્લાંડ ને અમેરિકા રહ્યા એ જ્ઞાન આપતા,
ટાળ્યાં તમિસ્ત્ર લોકોના હૈયામાં ગાઢ વ્યાપતાં.

*

પ્રખ્યાતિકેરા શિખરે પહોંચ્યા, આ દેશનો માનવ એક ત્યારે,
ફેલાવતો'તો વિષ ત્યાં રહીને, એ સંત સામે દિનરાત ભારે.

*

વિવેકાનંદ નિંદા એ લેતા'તા લક્ષમાં નહીં,
સિંહ જેમ રહેતા'તા જ્ઞાન ફેલાવતા તહીં.
ડરે નિંદાથકી સાચા લોકો સ્વપ્ને નહીં કદી,
સત્યના માર્ગથી થાયે ચ્યુત તેમ નહીં ઘડી.

ગુણગ્રાહી જનો દેશે વધારે મળતા નથી,
મહાજન રહ્યા એવી વાણી આજલગી કથી.
યશ અન્ય ધરે તેને લોક ધિક્કારતા અહીં,
નિંદા તેની કરે, એમાં અત્યુક્તિ લેશ છે નહીં.

અરે ભારત, ક્યારે તું દિવ્યતા ધરશે ફરી ?
તારી ઉન્નતિને માટે પ્રાર્થના હું રહ્યો કરી.

* * *

## ૩૨. લગ્નની માગણીનો અસ્વીકાર

સર્વધર્મતણી સભા પૂરી થઈ જ્યારે,
બન્યો એક પ્રસંગ સૌરભથી ભર્યો ત્યારે;
કરું છું ઉલ્લેખ એનો પ્રેમથી અહીં,
મહાજનની કીર્તિ ગાતાં પ્રાણ ના લાજે.

મુગ્ધ બનતાં ત્યાં વિવેકાનંદના જ્ઞાને,
લોક કોઈ એમને કો' દેવશા માને;
ભક્ત કૈં એ સંતના જિજ્ઞાસુ લોક થયા,
પ્રશંસા કરતા સદાયે એમની જ રહ્યા.

ફૂલ પાસે ભૃંગ દોડી જાય છે પ્રેમે,
નદીયે નદના વિના ના રહેતી કેમે,
લોક ટોળે એમ વળતા એમની પાસે,
રહેતા આવ્યા વિના ના શાંતિની આશે.

એક સાંજે એક આવી, કુમારી કોઈ,
એમને જોઈ રહેલી હૈયું એ ખોઈ;
કહેવા લાગી, થઈ છું મુગ્ધ હું જ્ઞાને,
ના તમારા વિના કોઈ રમે છે ધ્યાને.

કરી લો સ્વીકાર પત્નીરૂપમાં મારો,
તાપ મારા પ્રાણનો ટાળી કૃપા ઢોળો.
તમારી સેવા કરીશ સમસ્ત જીવનમાં,
તમોને પૂજીશ રાખી મુગ્ધશા મનમાં.

*

લક્ષ્મી ધરી સકળ હું ચરણે તમારે,
સેવી રહીશ તમને દિનરાત પ્યારે.
લાખો નહીં પણ કરોડતણી મહારી,
મૂડી પ્રદાન તમને જ કરીશ સારી.

ત્યારે સમીર સુસવાટ કરી રહ્યો, ને
ડોલી રહ્યાં તરુવરો વનમાં રહેલા;
મીઠી વિહંગ ટહુકાર કરી રહ્યાં, ને
ગાજી રહ્યાં ગગનવાદળ એ પહેલાં.

*

શાંત મનના સંત એ બોલ્યા મહાયોગી,
કેમ મારું મન બને સ્વપ્ને શો ભોગી ?
માતરૂપે સ્ત્રી બધી સંસારમાં જોઉં
ટેવ એ મારી, કદીયે ભાન ના ખોઉં !

વસે માતા સર્વમાં એવું મને આપ્યું
જ્ઞાન ગુરૂએ, પૂર્ણ છે અજ્ઞાનને કાપ્યું;
વળી ભગવાં પહેર્યાં છે જ્યારથી અમે,
ત્યારથી વૃત્તિ ખરેખર કેળવી છે એ.

એટલે સ્વીકાર તારી માંગણીનો આ,
શકીશ કરી કદીકાળે સ્વપ્નમાંયે ના;
અન્ય સેવા હોય તો સ્નેહે બતાવ મને;
ભોગને જ્ઞાની નિરર્થક તુચ્છ તેમ ગણે.

એ સમે વરસાદ અંજલિ આપતાં વરસ્યો,
રહ્યો સ્ત્રીનો પ્રાણ જોકે વ્યગ્ર ને તરસ્યો,
તોય એણે મહત્તા એ સંતની જાણી,
સાધિકા નાની હતી એ અલ્પ પણ જ્ઞાની.

યુવાની, નારી, વળી લક્ષ્મી અખૂટ મળે,
મળે સંપત્તિ, તેમ સુંદરતા, છતાં ન ચળે,
નિયમથી પાવિત્ર્યથી; ના ડગ ખરાબ ભરે;
મનુષ્યો એવા મળે કોઈ, મળે ન મળે.

વિવેકતણી જ્યોત કાયમ અંતરે જાગે,
પ્રેમની વીણા અહર્નિશ પ્રાણમાં વાગે,
ધન્ય લોચન જેમનાં સાચો પ્રકાશ ધરે,
મનુષ્યો એવા વધારે મહિમા ન મળે.

કુમારી એ ગઈ પાછી હૃદયને છોડી,
ચિત્ત દીધું એહણે પ્રભુપ્રેમમાં જોડી;
જગતને આપી ગઈ એકાદ કવિતા એ,
યશ વિવેકાનંદને આપ્યો અનેરો ને.

હતા ગૌરવ વિશ્વકેરા સંત એ એવા,
યુગોમાં એકાદ જન્મે એમના જેવા;
બુદ્ધનું હૈયું, મગજ શંકરતણું ભારે,
એમનામાં સમન્વય પામ્યું હતું ત્યારે.

* * *

## ૩૩. દેશને માટેની લાગણી

પ્રણય દેશતણો નવ જેહના હૃદયમાં તલભાર શકે મળી,
મનુજ વ્યર્થ જ તે જગ જીવતો, જડ સમાન રહ્યો જગમાં ફરી.
જગતના જનની શુભ લાગણી, સકળ જીવતણી હિતભાવના,
નવ વસે વિલસે ઉર જેહને, જન ખરેખર તે નવ કામના.

*

વિવેકાનંદના હૈયે લાગણી એ હતી ભરી,
દેશને કાજ ભાવોની વીચિમાળા હતી ખરી.
સાકાર માતની મૂર્તિ દેશને માનતા હતા;
વિશ્વમાં પ્રભુની લીલા સઘળે ભાળતા હતા.

પ્રત્યેક અંગને દૈવી પ્રભુમંદિર માનતાં,
પ્રકાશ પરમાત્માનો એમાં વ્યાપેલ જાણતા.
પ્રણામ કરતા એથી, પ્રભુના એ સ્વરૂપને;
સૌનાયે સુખને માટે કરતા યત્ન ખૂબ એ.

*

જ્યારે વ્યાપી યશ બહુ ગયો એમનો ત્યાં વિદેશે,
ત્યારે કોઈ અગવડ રહી તેમ ચિંતા ન લેશે;
આવ્યા મીઠા દિવસ સુખના, શાંતિ આનંદના ને,
ખીલી ઊઠ્યો કવિ નવલ કો’ નવ્ય જાણે પ્રભાતે.

*

અનુકૂળ જ દૈવ થાય તો, અનુકૂળ થઈ બધું રહે;
વિષથી ભર વાયુ હોય તે દિનરાત સુધા ધરી વહે.
રિપુ મિત્ર બને, બની રહે બધાં સ્વજનો, સુખ સ્નેહથી ધરે;
કટુ મિષ્ટ બને, પ્રચંડ લૂ પણ શીતળ છાંયથી કરે.

પલટાય કનિષ્ઠ શ્રેષ્ઠમાં, જય પમાય તેમ હારથી,
રણમાં વન, ચેતના જડે; ઉગરાય કરાળ કાળથી.
રસપાન ખરે વસંતનો, પ્રકટે ન કમી જરા રહે;
નદ માર્ગ કરે પહાડને, અનલે લવલેશ ના દહે.

પરમાત્માતણી કૃપા થકી, અનુકૂળ સદાય થાય છે;
શુભ કર્મ સિવાય અન્ય કો', જગમાં ન ખરે ઉપાય છે.

*

વિવેકાનંદ પામ્યા એ દેવની અનુકૂળતા,
મૂકી દીધી બધી એણે એમને કાજ ફરતા.
અમીર એક જિજ્ઞાસાભરેલા ત્યાં મળી ગયા.
પોતાના હર્મ્યમાં હેતે રહેવાને લઈ ગયા.

રાત્રિ થતાં સૂવા આવ્યા વિવેકાનંદ ખંડમાં,
ભાવભીના થયેલા એ બેઠા પૂર્ણ ઉમંગમાં.

*

મટી પણ ઉમંગ એ ક્ષણમહીં બધોયે ગયો,
વિચાર નિજ દેશની કરુણશી દશાનો થયો;
થયો પ્રખર શોક, પરમ વ્યાપ્ત પીડા થઈ,
રહ્યો રસ કશોય એ સુખછલેલ હર્મ્યે નહીં.

હતી સુમનસૌરભે સભર ત્યાં પથારી કરી,
સુવાસ પ્રસરાવતો સકળ ખંડ દૈવી વળી;
હતો ધનતણો તથા સુખવિલાસનો અંત ના,
થઈ પ્રકટ વેદના પ્રતિપળે છતાં પ્રાણમાં.

ગરીબ નિજ દેશની સ્મૃતિ થઈ રહી એ સ્થળે,
અરે, જન અનેક ત્યાં વિપતમાં, ક્ષુધાથી, મરે;
મળે વસન એમને ઘર વળી રહેવા નહીં,
વહે સુખતણી નદી, પ્રચુર જે સમૃદ્ધિ અહીં.

સુખી સકળ જે દિને મનુજ દેશકેરા થશે,
સુવર્ણદિન એ ખરેખર અજોડ સાચે હશે;
પ્રભો, કર કૃપા હવે જગત કે સુખી થાય આ,
ટળે તિમિર ભેદનાં, અછત દીનતા જાય હા !

અશ્રુ આંખથકી ચાલ્યાં, પ્રાણ વ્યાકુળશો થયો;
નિદ્રા વિના જ રાત્રિનો કાળ એમ બધો ગયો.

વજ્રથી પણ ભારે એ જ્ઞાની શ્રેષ્ઠ હતા છતાં,
પીગળ્યા; દર્દ બીજાનાં સ્પર્શી પંડિતને જતાં.

અન્યની લાગણી જેને સ્પર્શ ના શકતી કરી,
જ્ઞાની તે હોય તોયે છે કાયા વ્યર્થ રહ્યો ધરી.
દેશપ્રેમ વહે જેની નસોમાં, પ્રાણમાં, નહીં
એનો ભાર વૃથા ધારે તિતિક્ષામૂર્તિ આ મહી.

*

પરમપ્રેમ હતો ઉર એમને, જગતકાજ હતી શુભ લાગણી;
જગતના હિતકાજ જ એમણે, પ્રિય ગણેલ ખરે સ્થિતિ ત્યાગની.
પ્રણય દેશતણો ઉર એમને, પ્રખર વેગ ધરી પ્રકટ્યો હતો;
યશ મળ્યો, સુખશાંતિ મળી છતાં, નવ ઘટ્યો, નવ તેમ રહ્યો જતો.

* * *

## ૩૪. રામકૃષ્ણ મિશનની સ્થાપના

રામકૃષ્ણે એકવાર કહી હતી વાણી,
પ્રેમસાથ નરેન્દ્રને કે હોય જે જ્ઞાની,
લાલસા સિદ્ધિતણી તે ના કદી રાખે,
બ્રહ્મરસનો સ્વાદ દૈવી હંમેશાં ચાખે.

મેં નથી સિદ્ધિતણી ઈચ્છા કદી સેવી,
ઘડી તારી કિન્તુ ના છે મહારા જેવી;
કામ કરવાં કૈંક પડશે વિશ્વમાં તારે,
સહાયક સિદ્ધિ થઈ પડશે તને ત્યારે.

નરેન્દ્રે એનો હતો ઉત્તર નહીં દીધો,
કૃપાનો રસ રામકૃષ્ણતણો સદા પીધો;
રામકૃષ્ણે પૂર્ણરૂપે કૃપાને ઢાળી,
લભ્યા એથી જય વિવેકાનંદજી ભારી.

મેળવીને યશ મહા પરદેશથી આવ્યા,
શિષ્યશિષ્યાવૃંદને પણ સાથમાં લાવ્યા;
પ્રજાએ ભારે કર્યું સન્માન દેશમહીં,
પ્રશંસાની સ્વાદુ સરિતા ઠેરઠેર વહી.

દેશવાસીને ઘણા શબ્દો કહ્યા પ્રેમે,
વર્ણવી એ ના શકાયે લાગણી કેમે;
અરે ભારત, વિદેશીની નકલ ના કર તું,
ધર્મ તારો પાળ તો ના રહે દર્દ કશું.

*

હે સભ્યતાના પતિ ને વિધાતા ! તજી દઈ આળસ ઘોર તારી,
કર્તવ્યપંથે કર કૂચ પ્રેમે અજ્ઞાન ને સ્વાર્થ કુસંપ ટાળી.
બધામહીં જો પ્રભુના પ્રકાશને, ને ઉચ્ચ ને નીચ ન માન કોઈ;
સેવાપથે, ત્યાગપથે, ધપ્યે જા, પડી રહ્યો કાં દિનરાત રોઈ ?

વિદેશમાં શબ્દ કહ્યા હતા કે, જરૂર ના ધર્મતણી અમોને;
દરિદ્રતા દૂર કરો બને તો, સેવા કરો, જો રસ હો તમોને.

ફરી ગયા એ પરદેશને ત્યાં, સ્વદેશના ગૌરવને વધાર્યું;
અનેકનાં ઉજ્જડ અંતરોમાં, સુખે છલ્યું સ્વર્ગ વળી ઉતાર્યું.
તૃષાર્ત જીવો રસ મેળવીને, પ્રશાંતિ પામ્યા, કૃતકૃત્ય કૈં થયા;
રહી શકે બંધન કેમ ત્યાં, જ્યાં મુક્તિતણા વાયુ જ હો વહી રહ્યા ?

*

દેશની કંગાળ ત્યારે અવસ્થા જોઈ,
રહ્યા બાળકશા વિવેકાનંદ એ રોઈ;
અન્યના કષ્ટો થકી જ્ઞાની હૃદય હાલે
બીન જેમ બજી રહે સંવાદમાં તાલે.

એમણે સેવા તણો સૌની વિચાર કર્યો,
ઘણા સંન્યાસી થકી છે હિંદ દેશ ભર્યો,
તેમને તાલીમ પ્રેમે હોય જો આપી,
કષ્ટ નાખે એ પ્રજાનાં ઘણાં તો કાપી.

કરે સેવા સર્વની ને મદદરૂપ બને,
દેશ તો પલટાય, સુંદર થાય, પૂર્ણપણે;
વિદેશોમાંયે જઈને જ્ઞાનદાન કરે;
રાતદિન કોઈક વિરલા બ્રહ્મ ધ્યાન ધરે.

કરી સંસ્થાસ્થાપના એવો વિચાર કરી,
સ્વપ્ન સુંદર સંતનું એ રહ્યું દેહ ધરી;
નદીને કાંઠે સુહાયે આજ પણ સ્થળ એ,
દક્ષિણેશ્વરને જુએ સન્મુખ રહીને તે.

ધન્ય એ બેલુરતણોમઠ, ખ્યાત ખૂબ થયો,
મિશનની કાયા ધરી છેવટે મહાન રહ્યો;
ધર્યાં જીવન હજારોએ એહને માટે,
કરી સેવા સ્નેહથી વાટે અને ઘાટે.

* * *

## ૩૫. વિવેકાનંદની મહાસમાધિ

આખરે એ ઘડી આવી એમની જિંદગીતણી,
આત્મા છોડી ગયો કાયા, પ્રજા શોકિત જે બની.
સંક્ષેપમાં અહીં એનો ખ્યાલ આપી રહ્યો ખરે;
કરુણાથી ભર્યો આત્મા કવિતા વધુ ના કરે.

રામકૃષ્ણે કહેલી તે વાણી સત્ય બની ગઈ;
વિવેકાનંદને સાચી સ્મૃતિ જીવનની થઈ.
ઉઘડ્યું અંતરે તાળું, જ્ઞાન સર્વ થઈ રહ્યું;
કાયાને છોડવા માટે, મન તે જ ક્ષણે થયું.

બદલાઈ બધી ચેષ્ટા, ભાવનાઓ ગઈ ફરી;
અલૌકિક વિચારો એ રહ્યા એ દિવસે કરી.

*

એમના શબ્દો સુણી, ભક્તને શંકા;
લાગણી હૈયામહીં, ભયતણી જાગી ગઈ.
'મુક્ત કરવા અન્યને, કરોડો કાયા ધરી,
જન્મવા તૈયાર છું, શ્રમ ઘણો કરવા વળી.'

'બદ્ધ એકે જીવ ને વિશ્વમાંહી હોય આ,
ત્યાં લગી ઈચ્છી રહ્યો પરમ મારો મોક્ષ ના.'
શબ્દ એ જેને મુખે; રહ્યા મંગલશા રમી,
તેમને કાયાતણી રમત ના આજે ગમી !

છોડવા તૈયાર તે, આજ કાયાને થયા;
દૈવને સાચે નથી તનિક કોઈની દયા.
મહાપુરૂષો ઈશની, દૈવની ઈચ્છાતણો,
શાંતિથી કરતા સદા, અમલ હર્ષ ધરી ઘણો.

સાંજ સમયે જપ કરી શાંતિથી સૂઈ રહ્યા,
લીન પરમાત્મામહીં સહજભાવથકી થયા.
બંધ એ લોચન ફરી, ઉઘડી ન શક્યાં પછી;
દિવ્ય દેશમહીં રહ્યા, તરત એ સ્વામી વસી.

ફૂલ કરમાયે છતાં વાસ ના શકતી મરી,
જરાય જે એહણે રસિક અંતરને ધરી.
ઓલવાયે દીવડો, તેજની પણ રેખ જે
તમિસ્ત્રે એણે ધરી, નવ મરે કદીકાળ તે.

એમ વાસ મરે નહીં, મનુષ્યે રસથી ધરી;
જ્યોતિ જાગ્રતશી રહે, જગતજીવનમાં ભરી.
વિવેકાનંદે ગયા, લુપ્ત કિન્તુ નથી થયા;
હજારોને ગંધ, તેજ ને પરમ શ્વાસ ધરી રહ્યા.

યુગોયુગ મહિમા નહીં, એમનો શકશે મરી;
રહેશે સત્કર્મ સૌ, જગતને રસથી ભરી.
એજ જીવન ધન્ય છે, જે જગે ન શકે મરી;
યાદ જેની પ્રેમથી, મનુજ કૈંક રહે કરી.

દીર્ઘકાળે દેખતાં દેહ એ સ્વામીતણો,
શોક ભક્તોને થયો, સમાચાર લભી ઘણો.
અલૌકિક કાયા હતી, એમનેમ પડી રહી;
હતું પીંજર, ના હતું વિહગ પણ એની મહીં.

આખરે એ પંથના, પ્રવાસી સૌયે થતા;
પ્રાજ્ઞ મૂઢ મનુષ્ય સૌ, તન તજી ચાલ્યા જતા.
ધની, નિર્ધન કે બલી, યશસ્વી, નેતા મહા,
રૂપવાન, કુરૂપ ના અમર આ જગમાં અહા !

નષ્ટ સામ્રાજ્યો થતાં નથી શાશ્વત કૈં ખરે;
રાજ્ય જડ ને ચેતને અચળ કાળ કર્યા કરે.
યુગોથી સંસારમાં, એજ ક્રમ ચાલી રહ્યો;
એ જ ક્રમ કોઈ જને, ઉદય અસ્તતણો કહ્યો.

*

શારદામાતની પાસે ગંગાના તટપે કરી
સમાધિ એમની આજે રહી છે પ્રેરણા ધરી.
રામકૃષ્ણતણા દૈવી સાચા વારસ એમના
પ્રભાવને સ્તવે, પૂજે, જનતા આજ કેમ ના ?

રામકૃષ્ણતણા કોઈ ભક્તે મંદિર ત્યાં કર્યું;
ભાગ્ય એ સ્થાનનું લાગે શુદ્ધ એ ધામથી ફર્યું.
અનેકનાં ઉરે કિન્તુ બેઠા મંદિરે એ કરી,
પ્રશાંતિ પ્રેરણા આપી, જ્યોત જીવનની ધરી.

ગણના થાય ના એની, એનાં મૂલ્ય કરાય ના;
અનેરો મહિમા એનો પૂર્ણ ગીત ગવાય ના.

* * *

## ૩૬. વંદના

માળી અનેક ગૂંથે છે માળા પૂજાતણી રસે,
ચઢાવે દેવતાને એ, દેવ મંદિરના હસે.
ઉષા સંધ્યા વળી તારા, પૂજા એની રહ્યાં કરી;
સૂર્યચંદ્રયે એને રોજ અર્ઘ્ય રહ્યા ધરી.

વિચિમાળા લઈ અબ્ધિ એની આરાધના કરે,
સરિતાસ્ત્રોત આત્માને એના સંગીતથી ભરે.
અણુએઅણુંમાં ભાવો પૂજાના મધુરા ભરી,
પૃથ્વી પૂજી રહી એને, યુગોથી છે રહી કરી.

પર્વતો, વન, મેદાનો, એના, આલાપથી ભર્યાં;
મુગ્ધ એણે બધાયે છે જીવ બ્રહ્માંડના કર્યાં.
અનેક નામથી એને સંબોધે ઓળખે જનો;
એને કાજ કરે, યોગી, ભક્ત, યત્ન વળી ઘણો.

બ્રહ્માંડરૂપ ધારીને બની સાકાર જે રહે;
દેવીતણા ભાવે ભક્તો જેના ગુણોને કહે:
નમસ્કાર કરું છું તે શક્તિને, શ્રેષ્ઠ તત્ત્વને:
કૃપા જેની કરી દે છે જ્ઞાની છેક જ અજ્ઞને.

વિશ્વમંદિરમાં તેની પ્રતિમા છે બધે રહી:
કરું અર્પણ એને આ માળા સંગીતની મહીં.
પ્રસન્ન પ્રેમથી એનો અલ્પેય પ્રાણ જો થશે,
સૃષ્ટિના સ્વલ્પયે એથી વિસંવાદ ટળી જશે:

સાફલ્ય કૈંક પૂજાનું માનસે મુજ આત્મ તો:
પૂજાથી સાંપડ્યો દેવી મુજને હર્ષ ગાઢ શો !
વિભૂતિ વિશ્વની ન્યારી ભારતીય પ્રકાશ ને,
નવજાગૃતિના રાખે અગ્રદૂત સમાન એ.

રામકૃષ્ણપદે મારી સામગ્રી સ્નેહની ધરું;
વિવેકાનંદની સાથે એમને વંદના કરું !
કૃપા કરો સદા દેવી, પોતાનો મુજને ગણી,
ન્યારી કલ્પલતા જેવી મારે માટે રહો બની.

નિહાળે નયનો નેહે, સ્વરને શ્રોત્ર સાંભળે,
આઠે પહોર બંનેનું મીઠું મિલન ના ટળે !
કૃપા કરો તમે તો તે કાંઈ મુશ્કેલ ના રહે,
અંધ દિવ્ય લભે દૃષ્ટિ, મૂંગો યે કવિતા કહે.

રોગ જાયે, મટે ચિંતા, ઈચ્છા પૂર્ણ બધી બને;
સૃષ્ટિ સમસ્ત સન્માને મહત્તા જનની ગણે.
સર્વશ્રેષ્ઠ બની જતો માનવી પ્રેમ પામતાં
કરી દો ધન્ય ચાહો તો સંપત્તિ સર્વ આપતાં.

શરણાગતની સ્નેહે રક્ષા પૂર્ણપણે કરો;
નવજીવનના મીઠા રસથી ઉરને ભરો.
લાખો વંદન મારાં હે સ્વીકારો માત, ભાવથી !
કરો કૃતાર્થ પ્રેમીને પોતાના સરપાવથી !


(ઋષિકેશ, કાર્તિક સુદ ૭ ને ગુરૂવાર ૨૭-૧૦-૧૯૬૦)

* * *

**સમાપ્ત**

* * *

**ABOUT THE AUTHOR**



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી વિરહાતુર બની 'મા' ના દર્શન માટે પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયનને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સ્વાતિબિંદુ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્ત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | અંતરનો અનુરાગ ▪ આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ પ્રેમાલાપ ▪ સ્વર્ગીય સૂર ▪ સંતવાણી ▪ સાંઈ સંગીત ▪ તુલસીદલ |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪ **(રામકૃષ્ણ) રસામૃત** |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**
## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**